©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] THURSDAY, JUNE 11, 2026 / JYAISTHA 21, 1948 [No. 24

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1463-1521	Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	47
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	24	Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	581-602

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ -૧૬૩ અન્વયે.

હુકમ : વિ.શા./એ સેકશન/૫૨મીટ/ગેરેજ જાહેરનામું /૧૩૩/૨૦૨૫.- અમદાવાદ શહેરના ઔદ્યોગિક એકમોમા વિવધ બહારના રાજયોના નાગરિકો વ્યવસાય અર્થે આવે છે. અમદાવાદ શહેરની વધતી વસ્તી ગીચતાના લીધે ચોરી, લુંટ, સ્નેચિંગ જેવી મિલ્કત તથા શરીર સંબંધી ગુનાઓનું પ્રમાણ વધ્યુ છે. આવા ગુનાઓમાં ટુ વ્હીલર, ફોર વ્હીલર જેવા સાધનનો ઉપયોગ ગુનેગારો તથા અસામાજીક તત્વો દ્વારા થતો હોય છે. ઘણીવાર આવા ગુનાઓ આચરવા સારુ ચોરીના વાહનોનો ઉપયોગ થતો હોય છે. જે વાહનોને ગુનામાં ઉપયોગ કર્યા બાદ નુકશાન થવાથી કે પકડાઈ જવાના ડરે ગુનેગારો/અસાજીક તત્વો વાહનોમાં મોડીફીકેશન, વેચાણ કે રીપેરીંગ ગેરેજમાં કરાવતા હોય છે, ગેરેજના માલીકો કે મેનેજર દ્વારા તેમના ગેરેજ વર્કશોપમાં રીપેરીંગ, સર્વિસ તથા મોડીફીકેશન અર્થે આવતા વાહનોના માલિક, ચાલકના આઈ.ડી.પ્રુફ કે ડોક્યુમેન્ટને લગતા કોઈ નોંધણીના રજીસ્ટર ન નિભાવતા હોવાના કારણે ઘણી વાર ગંભીર પ્રકારના ગુનાઓ ઉકેલવામાં ઘણો વિલંબ થતો હોય છે. જેથી અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તથા શહેરમાં નાગરીકોની સલામતીને ધ્યાનમાં રાખી વાહનોની થતી ગેરકાયદેસર હેરફેર, મોડીફીકેશન, વેચાણ કે અન્ય ગુનામાં વપરાતા અટકાવવાના હેતુથી વાહનોના રીપેરીંગ કે સર્વિસ કરનાર વર્કશોપ, ગેરેજ, માલિક / સંચાલક નાઓ તેમના ગેરેજ વર્કશોપમાં આવતા વાહનોની તથા માલિક/ સંચાલકની નોંધ રાખવાની નોંધ રાખવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું જી.એસ.મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ના નોટીફીકેશન નંબર :જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર : જીજી/૬/ફકઅ /૧૦૮૮/૬૭૫૦/મ.માં મળેલ સત્તાની રુએ અમદાવાદ શહેરના પોલીસ કમિશન રેટ વિસ્તારમાં ગેરેજ/વર્કશોપ/સર્વિસ સ્ટેશનના માલિક-સંચાલકો/મેનેજરનાઓએ તેમના વર્કશોપ/ ગેરેજમાં નીચેની કાર્યવાહી ફરજીયાત કરાવવા ફરમાવુ છું

ફરજીયાત કરાવાની કાર્યવાહી

ગેરેજ/વર્કશોપ/સર્વિસ સ્ટેશનના માલિક-સંચાલકો/મેનેજર નાઓએ તેમના વર્કશોપ/ ગેરેજમાં કોઈપણ પ્રકારનું વાહન રીપેરીંગ /વેચાણ અર્થે આવે ત્યારે તેઓએ નીચે દર્શાવેલ બાબતોની નોંધણી દર્શાવતું રજીસ્ટર નિભાવવાનુ રહેશે અને વાહન માલીક તથા વાહનના અનુક્રમે ઓળખ તથા રજીસ્ટ્રેશન અંગેના જરૂરી ડોક્યુમેન્ટ મેળવી નિભાવવાના રહેશે અને જયારે પોલીસ ચેકિંગમાં આવે ત્યારે આ રજીસ્ટર તથા ડોક્યુમેન્ટ બતાવવાના રહેશે.

ગેરેજ/વર્કશોપ/સર્વિસ સ્ટેશનનું નામ

અનું.	વાહનનો પ્રકાર અને કંપનીનું નામ	રજીસ્ટ્રેશન નંબર	એન્જીન નંબર	ચેસીસ નંબર	વાહન માલિકનું નામ સરનામું મોબાઈલ નંબર તથા ઓળખ પત્ર	વાહન ગેરેજ સર્વિસ સ્ટેશનમાં મુકવા તારીખ	વાહન ગેરેજ સર્વિસ સ્ટેશન માંથી લઈ ગયા તારીખ	ગેરેજ સર્વિસમાં વાહન આપનાર તથા લઈ જનાર વ્યકિતિ નું નામ સરનામું, મો. ન. આઈ.ડી.પ્રુફ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

ગેરેજ/વર્કશોપ/સર્વિસ સ્ટેશનના માલિક, સંચાલક/મેનેજર નાઓએ તેમના વર્કશોપ/ગેરેજ/સર્વિસ સ્ટેશનના એન્ટ્રી તથા એકિઝટ ગેટ ઉપર સી.સી.ટી.વી કેમેરા રાખવાના રહેશે જેનું રેકોર્ડીંગ ૩૦ દિવસનું રાખવાનુ રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તા.૧૮/૧૧/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૬/૦૧/૨૦૨૬ ના કલાક ૨૪/૦૦ સુધી દિન-૬૦ માટે અમલમાં રહેશે.

વિસ્તાર

અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૭/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ -૧૬૩ અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક : વિશેષ શાખા/એ-સેકશન/પરમીટ/ગેરેજ/જાહેરનામું/૧૩૪/૨૦૨૫.- માનનીય કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહ નાઓ તા.૨૧,૨૨/૧૧/૨૦૨૫ ના રોજ અમદાવાદ શહેરની મુલાકાતે પધારનાર હોય આવા સંજોગોમાં દેશ વિરોધી સંગઠનો આંતકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો માનવ રહિત રીમોટ સંચાલિત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઈઝના વિમાન જેવા સંશાધનો અથવા એરો સ્પોર્ટસમાં વપરાતા ઉપકરણો (SUB-CONVENTIONAL AERIAL PLATFORM) ના ગેરલાભ લઈ મહાનુભાવશ્રી નાઓની તેમજ જાહેર જનતાની સુરક્ષાને તેમજ કાયદો અને વ્યવસ્થાને હાની પહોંચાડે તેવી શકયતા નકારી શકાય તેમ નથી.

આથી હું જી.એસ.મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, (ગુજરાત રાજયના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ના નોટીફીકેશન નંબર : જીજી/૪૨૨/સી.આર.સી/૧૦૮૨/૧૦૮૦/એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નંબર.જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ -૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આ નીચે જણાવેલ સમયે મહાનુભાવશ્રી અને જાહેર જનતાની સલામતીને ધ્યાને લઈ અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમાં ''નો ડ્રોન ફલાય ઝોન'' જાહેર

કરૂ છુ. જે દરમ્યાનમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE) ક્વાડ કોપ્ટર (QUADCOPTER) પાવર્ડ એરાક્રાફ્ટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરાક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર /પેરાગ્લાઈડર (HANG GLIDER/ PARA GLDER), પેરા મોટર (PARA MOTOR) તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની/કરવાની મનાઈ ફરમાવું છું.

અપવાદ

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોકત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામા માંથી મુકિત આપુ છું.

વિસ્તાર

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમ તા.૨૧/૧૧/૨૦૨૫ ના કલાક ૧૫/૦૦ થી તા.૨૨/૧૧/૨૦૨૫ કલાક ૧૭/૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્રરેટમાં ફરજ બજાવતા સંયુકત /અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સા.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

જી.એસ.મલિક
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

:: જાહેરનામું ::

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ તેમજ ગુજરાત પોલીસ એક્ટ કલમ ૩૩(૧), ૩૭(૧)(એફ) અન્વયે કાઢેલ. :

ક્રમાંક :G/CP/વિ.શા./ધ્વનિ પ્રદૂષણ જાહેરનામું/૬૯૦૫/૨૦૨૫.–વડોદરા શહેરમાં કોઈ પણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહી જાહેરહિતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરુરી છે.

દરેક માઈક સીસ્ટમવાળા.એ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રીમ કોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં.ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા.૧૪/૦૫/૨૦૧૦થી ઘોંઘાટ ઉત્પન્ન કરતા અને નિપજાવતા સ્ત્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ નું તા.૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા.૧૧/૧/૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

:: નોઈઝ સ્ટાન્ડર્ડ ::

એરીયા કોડ વિસ્તાર		ડેસીબલ DB(A) Leq	
		સવારના ક.૦૬:૦૦ થી રાત્રીના ક.૨૨:૦૦	રાત્રીના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬: ૦૦
એ	ઔદ્યોગીક	૭૫	૭૦
બી	વાણિજય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે.

તા.૧૧/૦૧/૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આર્કષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રિના સમયગાળામાં રાત્રિના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬:૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નકકી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર ધ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

-:: હુકમ ::-

વાસ્તે હું નરસિમ્હા કોમાર, I.P.S. પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/ એમ. અન્વયે જે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૪ નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહવિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં થયેલ છે જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશનર શ્રી, સંયુકત પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશનરશ્રી, નાયબ પોલીસ કમિશનરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓને એકઝી.મેજી.તરીકે જાહેર કરવામાં આવેલ છે તેમજ તેઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે તે અધિકારની રૂએ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૩(૧), ૩૭(૧)(એફ) અન્વયે નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-:અમલવારીનો સમય:-

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં તા.૨૩/૧૧/૨૦૨૫ના કલાક:૦૧-૦૦ થી તા.૦૭/૧૨/૨૦૨૫ના કલાક: ૨૪-૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

-: વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રી હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

-: પ્રતિબંધિત કૃત્ય :-

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર વડોદરા શહેરના પોલીસ કમિશનરની હુકમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહી.

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો /ગીતોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/ કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહી.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ર્ડડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલિટી સ્ટાન્ર્ડડ હોવુ જોઈએ તે જોતા ડી.જે.સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનો નો અને જોગવાઈ ઓનો ઉલંઘન કરતા હોય તેવુ જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

૫. વાહનોમાં સાઉન્ડ લિમિટરના ઉપયોગ વગર સાઉન્ડ સિસ્ટમ ઈન્સ્ટોલ કરવી નહી.

૬. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના તા.૦૩/૧૨/૨૦૧૯ના નોટિફિકેશન નં-GPCB/LGL: NGT:GENERAL:115(2)/528796 મુજબ કોઈપણ ઉત્પાદક/વેપારી/દુકાનદાર/વાહન-ચાલક/કોઈપણ એજન્સી કે વ્યકતિએ સાઉન્ડ લિમિટર (ધ્વનિ નિયંત્રક) વગરની પબ્લિક એડ્રેસ સિસ્ટમ/લાઉડ સ્પીકર/સાઉન્ડ સિસ્ટમનુ વેચાણ/ખરીદી/સપ્લાય કે ઉપયોગ કરવો નહી.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

-:: માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો ::-

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડીસીપીશ્રીને અરજી કરવી પરંતુ એક જ પો.સ્ટે. વિસ્તાર હોય તો તેવા સંજોગોમાં જે તે પો.સ્ટે.ના પો.ઈ.ને અરજી ૭-દિવસ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનિય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. વડોદરા શહેર પોલીસ કમિશનરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજ નું પ્રદુષણ ફેલાવી શકશે નહીં.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૬. અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૭. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પરવાનગી મેળવીને ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના ક.૦૬:૦૦ થી રાત્રિના ક.૨૨:૦૦ સુધી જ થશે.

૮. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ રાત્રીના ક.૨૨:૦૦ થી વહેલી સવારના ક.૦૬:૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

નોંધ :-ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના ક.૨૨:૦૦ ના જગ્યાએ ક.૨૪:૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૯. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/ અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડયુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ:-કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળ થી બહાર જવો જોઈએ નહીં.

૧૦. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

૧૧. ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશનરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવો નહીં.

૧૨. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશનર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈ પણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મના કરવાનો હુકમ કરી શકશે.

૧૩. ફરજ પરનાં પોલીસ અધિકારી ધ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

૧૪. ઉપરોક્ત પ્રતિબંધિત કૃત્યો માંથી નંબર-૬(છ) ઉપર દર્શાવેલ કૃત્યોમાં કોઈપણ સંજોગોમાં કોઈપણ છુટછાટ મળશે નહી અર્થાત તમામ સંજોગોમાં સાઉન્ડ લિમિટર લગાવવાનુ રહેશે.

આ જાહેરનામા હુકમનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ ગુનો નોંધી ઉપરોકત માલિક, ભાગીદાર, મેનેજર, સંચાલકની વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૧, ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૧૯/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ.

ક્રમાંક :G/CP/વિ.શા./ચાર કરતા વધુ જાહેરનામું/૬૯૦૬/૨૦૨૫.–વડોદરા શહેરમાં હાલની વર્તમાન પરિસ્થિતીમાં આગામી દિવસોમાં તહેવારો તથા જુદી- જુદી શોભાયાત્રાઓ અને ધરણા, રેલીઓના કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. અને ભુતકાળમાં આતંકવાદી હુમલાનો બનાવ બનવા પામેલ છે. જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે ચાર કરતા વધારે માણસો ભેગા નહી થવા ઉપર ને કોઈ સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરુર જણાય છે.

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તેમજ ગુજરાત પોલીસ એકટ કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રુએ વડોદરા શહેરના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છુ.

-: પ્રતિબંધિત કૃત્યો :-

વડોદરા પોલીસ કમિશનરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે, ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવુ નહી. તેમજ કોઈ સભા ભરવી કે, બોલાવવી નહી અને કોઈપણ જાતની સભા -સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

-: અપવાદ :-

આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેઓને તથા સ્મશાન યાત્રાને, લગ્નના વરઘોડાને લાગુ પડશે નહિ.

-:: અમલવારીનો સમય તથા વિસ્તાર ::-

વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત આ હુકમનો અમલ તારીખ:૨૩/૧૧/૨૦૨૫ના કલાક ૦૧:૦૦ થી તારીખ:૦૭/૧૨/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

-:: શિક્ષા :-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા હે.કો અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એ. કલમ-૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૧૯/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક :G/CP/વિ.શા./અનઅધિ.વ્યક્તિ જાહેરનામું/૬૯૦૭/૨૦૨૫.–પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવી કે જીલ્લા કલેકટરશ્રીની કચેરી (ગોત્રી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા ન્યાયાલયની કચેરી, જીલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓમાં વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતા હોય છે તાજેતરમાં કેટલાંક બનાવો ઉપરથી ઉકત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી-સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિઓ કરી રહેલ હોવાનું જણાય આવેલ છે.

જેથી હું નરસિમ્હા કોમાર I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, વડોદરા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે,

પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં જેવી કે જીલ્લા કલેકટરની કચેરી (ગોત્રી), કુબેર ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા ન્યાયાલયની કચેરી, જીલ્લા પંચાયત કચેરી, મહાનગર સેવા સદન તેમજ જનસેવા કેન્દ્ર, નર્મદા ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે, તેમજ જયાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી વડોદરા શહેરની સરકારી કચેરીઓમાં સરકારી કામ માટે આવેલા હોય, કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય, તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહું કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ અનઅધિકૃત વચેટીયા કામ કરતા ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

-: અમલવારીનો સમય :-

આ જાહેરનામાનો અમલ તા.૨૩/૧૧/૨૦૨૫ના કલાક ૦૧:૦૦ થી તા.૦૭/૧૨/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

-: અમલવારીનો વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશનરશ્રીની હુકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-: શિક્ષા :-

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ અને ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૧૩૫ ની કલમ.(૩) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટ્માં વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તેમજ જી.પી.એક્ટ કલમ.૧૩૫(૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૯/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ એકટ સને-૧૯૫૧ ની કલમ- ૬૩(એ)(૨) અન્વયે કાઢેલ.

ક્રમાંક:G/CP/વિ.શા./સૈન્ય ગણવેશ જાહેરનામું/૬૯૦૮/૨૦૨૫.–ભૂતકાળમાં પઠાણકોટ, પંજાબ ખાતે આવેલ એરફોર્સ સ્ટેશન ઉપર આતંકવાદીઓ સૈન્યનો ગણવેશ ધારણ કરી હુમલો કરેલ હતો, તેમજ બનાસકાંઠા જિલ્લામાં પણ બે વ્યક્તિઓ સૈન્ય ગણવેશ પહેરી ગેરકાયદેસર રીતે દારૂની હેરાફેરી કરતાં પકડાયેલા અને આ સિવાય અગાઉ સૈન્યના ગણવેશમાં આવીને આતંકવાદીઓ દ્વારા હુમલા કરવામાં આવેલ છે.

રાજયમાં વિવિધ શહેર/જીલ્લાઓ ખાતે સૈન્ય તથા અન્ય દળોના ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેનો ઉપયોગ થતો હોય છે. આવા વસ્ત્રો ધારણ કરી અસામાજીક તત્વો દ્વારા દેશદ્રોહી/ ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે ઉપયોગ થવાનો સંભવ હોય છે. જેના કારણે રાષ્ટ્રીય સુરક્ષાને ગંભીર ખતરો ઉદભવી શકે છે. જેથી આ બાબતે સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં ઘણી ગંભીર પ્રકારની હોઈ, બજારમાં બિનઅધિકૃત રીતે વેચાતા તથા ઉપયોગમાં લેવાતા સશસ્ત્ર દળોના ગણવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓ ઉપર પ્રતિબંધ લાવવો ખુબ જ જરૂરી છે.

જેથી સૈન્ય તથા સશસ્ત્ર દળોના ગણવેશનો બિનઅધિકૃત રીતે વેચાણ તથા તેના ઉપયોગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૮,૨૦૪ અને ૨૦૫ માં જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેથી સૈન્ય તેમજ અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ પોલીસ ગણવેશ તથા તેના સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોના વેચાણ ભાડે,ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી અને અનિવાર્ય હોય, જેથી આ સબંધેનું જાહેરનામુ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૬૩ (એ)(૨) થી મળેલ સત્તાની રૂએ વાસ્તે હું નરસિમ્હા કોમર, I.P.S., પોલીસ કમિશનર,વડોદરા શહેર આથી હુકમ કરૂ છુ. વડોદરા શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોના ગણવેશ, પોલીસ ગણવેશ તથા તેની સાથે સામ્યતા ધરાવતાં વસ્ત્રોનું વેચાણ તથા તેના ઉપયોગ ઉપર સબંધિત પોલીસ સ્ટેશનમાં જરૂરી માહિતી આપ્યા સિવાય પ્રતિબંધ ફરમાવુ છુ.

જેથી શસ્ત્ર દળોનો ગણવેશ (પોશાક) તથા લગતી અન્ય ચીજ-વસ્તુઓના વેચાણ/ભાડે/ઉપયોગ માટે આ સાથે નીચે જણાવેલ કોલમ મુજબની જરૂરી માહિતી જે તે પોલીસ સ્ટેશનમાં આપવાનું રહેશે તેમજ તે અંગેનું રજીસ્ટર વેચાણ કરનાર વ્યક્તિ/સંસ્થાએ નિભાવવાનું રહેશે.

ભાડે/વેચાણ લઈ જનારની વિગત						સાધનોની વિગત		વિગત		ભાડે લઈ જનારની સહિ
અ.નં	ભાડે/વેચાણ લેનારનું નામ, સરનામુ.	મો.નં.	હેતુ	વિસ્તાર	આઈ.ડી. પ્રુફની વિગત	વિગત	સંખ્યા	ભાડે આપ્યાની તારીખ	સમય	

-: અમલવારીનો સમય :-

આ જાહેરનામાનો અમલ તા.૨૩/૧૧/૨૦૨૫ના કલાક ૦૧:૦૦ થી તા.૦૭/૧૨/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ સુધીનો રહેશે.

-: વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-: અપવાદ :-

જે વ્યક્તિઓ ભારત સરકારના સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં ફરજ બજાવતાં હોય અને જે તે સૈન્ય તથા અન્ય સશસ્ત્ર દળોમાં તેઓને આ પ્રકારના ગણવેશ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે તમામ વ્યક્તિઓને આ ગણવેશના ઉપયોગ માટે જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

-: શિક્ષા :-

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૧૪૩(એ)(૨) હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો. તથા તેનાથી ઉપરનો દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એ. કલમ-૧૪૩(એ)(૨) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૯/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ના ૨૨નાં અધિનિયમની કલમ - ૩૭(૧) અન્વયે.

ક્રમાંક :G/CP/વિ.શા./હથિયાર બંધી જાહેરનામું/૬૯૦૯/૨૦૨૫.–વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ વડોદરા શહેર પોલીસ કમિશનર હુકુમત વિસ્તારમાં બનતાં ગુનાઓમાં છરી, ચપ્પા, ખંજર, રામપુરી ચપ્પા શસ્ત્રો, તલવાર, ભાલા, બંદૂકનો ઉપયોગ થાય છે, અને આવા હથિયારોથી ગુના બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું નરસિમ્હા કોમાર, I.P.S., પોલીસ કમિશનર, વડોદરા શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ના અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ આથી હુકમ કરૂ છુંકે નીચે જણાવેલ વિસ્તારમાં તા.૨૩/૧૧/૨૦૨૫ના કલાક:૦૧/૦૦ થી તા.૦૭/૧૨/૨૦૨૫ ના કલાક:૨૪/૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

-: પ્રતિબંધિત કૃત્યો :-

(ક) શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ચપ્પુ, ખંજર, તથા શારિરીક હિંસા પહોચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વબચાવના ચોક્કસ કારણ સિવાય સાથે રાખીને ફરવા ઉપર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા, તથા સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ સ્ફોટક ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(ઘ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના, અથવા નાંખવાના યંત્રો અથવા કે સાધનો લઈ જવા અંગે એકત્રીત કરવા અથવા તૈયારી કરવા ઉપર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ લાવવા અથવા રાખવા કે વેચાણ કરવા ઉપર.

(છ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઈ જવા ઉપર.

(જ) વ્યક્તિ, અથવા તેના શબ, અથવા આકૃતિઓ અથવા પૂતળા બાળવા/લટકાવવા/દેખાડવા કે પૂતળાને ફાંસી આપવા ઉપર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બૂમો પાડવા, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવા ઉપર.

(ઠ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવા, દેખાડવાની અથવા ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનાં અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરીણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેના ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:: વિસ્તાર ::-

વડોદરા શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-: અપવાદ :-

આ હુકમનો ખંડ-(ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યુ હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધીત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારિરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય, તેવી વ્યકિતને લાગુ પડશે નહી.

-:: શિક્ષા ::-

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ સને.૧૯૫૧ ની કલમ.૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશનરેટ વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો. તથા તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૯/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

નરસિમ્હા કોમાર,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

:: જાહેરનામું ::

:: ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ. ::

ક્રમાંક : એસ.બી./હથિયાર બંધી/૨૨૪/૨૦૨૫.-સુરત શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ આગામી સમયમાં અગત્યના તહેવારો આવતા હોય અને સુરત શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

:: હુકમ ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

:: પ્રતિબંધિત કૃત્યો ::

(ક) કોઈપણ શસ્ત્ર કે શસ્ત્રો, બંદુક, તલવાર, ભાલા, ખંજર, ચપ્પા તથા શારિરીક વ્યથા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવા કે હિંસા કરવાના આશયથી ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો લાવવા-લઈ જવા કે પ્રદર્શન કરવા કે અન્ય રીતે સ્વ-બચાવના ચોકકસ કારણો સિવાય સાથે રાખીને ફરવા પર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, પ્રદર્શન કરવા, હવામાં ફાયર કરવા કે કોઈની સામે તાકવા પર કે તાકવાનો પ્રયત્ન કરવા પર તેમજ સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લાવવા લઈ જવા પર.

(ગ) શરીરને હાનિકારક એવા કોઈપણ સ્ફોટક પદાર્થ/ચીજવસ્તુ લાવવા-લઈ જવા પર.

(ઘ) પત્થરો તેમજ બીજા શસ્ત્રો/યંત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના શસ્ત્રો/યંત્રો કે સાધનો લાવવા-લઈ જવા પર, એકઠા કરવા પર અથવા બીજા કોઈને આવું કહેવા પર તેમજ તૈયારી કરવા પર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ કે ઘાતક છરા/ચપ્પુ લાવવા, રાખવા, વેચાણ કરવા,ખરીદ કરવા તેમજ ઓનલાઈન વેચવા કે ખરીદ કરવા પર.

(છ) સળગતી અગર સળગાવેલી મશાલ રાખવા કે રાખવાનો પ્રયત્ન કરવા બદલ કે મશાલ સરઘસ સાથે રાખવા પર.

(જ) કોઈપણ વ્યક્તિનું પૂતળું બનાવવા કે બનાવવાનો પ્રયત્ન કરવા પર, કોઈપણ વ્યક્તિની આકૃતિ/ચિત્ર/પૂતળાં બાળવા, લટકાવવા, દેખાડવા કે ફાંસી આપવા પર કે આ પ્રકારનો પ્રયત્ન કરવા પર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

(ટ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવાં છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

:: અપવાદ ::

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈ પણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૨૮/૧૧/૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા.૧૨/૧૨/૨૦૨૫ ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

આજ તારીખ:- ૨૬/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

:: જાહેરનામુ ::

:: ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭(૩) અન્વયે કાઢેલ. ::

ક્રમાંક: એસ.બી./ચાર કરતા વધુ વ્યકિત ભેગા થવા ઉપર/૨૨૫/૨૦૨૫.-સુરત શહેરમાં આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઇ પણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ સુરત પોલીસ કમિશનરેટની હદ વિસ્તારમાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર. ગુજરાત પોલીસ એકટની કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

:: પ્રતિબંધીત કૃત્યો ::

સુરત પોલીસ કમિશનરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં. તેમજ કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઇ પણ જાતની સભા-સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

:: અપવાદ ::

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

:: અમલવારીનો સમય તથા વિસ્તાર. ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૨૮/૧૧/૨૦૨૫ ના ક.૦૬-૦૦ થી તા.૧૨/૧૨/૨૦૨૫ ના ક.૨૪-૦૦ વાગ્યા સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ-કલમ ૧૩૫ (૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :- ૨૬/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ. -:

ક્રમાંક: એસ.બી/UPSC-EPFO -પરીક્ષા/૨૨૬/૨૦૨૫.-આગામી તા.૩૦/૧૧/૨૦૨૫ રવિવારના રોજ UPSC ની EPFO માં એન્ફોર્સમેન્ટ ઓફિસર અને આસીટન્ટ પ્રોવિડન્ટ ફંડ કમિશનરની જગ્યાઓ માટેની પ્રવેશ પરીક્ષા-૨૦૨૫ ના તા.૩૦/૧૧/૨૦૨૫ રવિવારના રોજ કલાક: ૦૯/૩૦ થી કલાક: ૧૧:૩૦ વાગ્યા સુધી સુરત શહેરના નીચે મુજબનાં પરીક્ષા કેન્દ્રો ઉપર (સ્કુલો/હાઈસ્કુલો)માં લેવામાં આવનાર છે. જેથી પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં શાંતિમય વાતાવરણ રહે તેમજ પરીક્ષાર્થીઓને પરીક્ષા દરમ્યાન કોઈ ખલેલ ન પહોંચે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીનાં હેતુસર પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે ચાર થી વધુ વ્યકિતઓ ભેગા થવાની, સભા ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરુ છું કે, સુરત શહેરમાં પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું કે,

:: પ્રતિબંધિત કૃત્યોની યાદી ::

(૧) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યા અંદર ચાર કરતા વધુ વ્યક્તિઓને એકત્ર થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ.

(૨) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર ઝેરોક્ષ સેન્ટર પરીક્ષા દરમ્યાન ચાલુ રાખવા પર પ્રતિબંધ.

(૩) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર વાહનો ઉભા રાખવા પર પ્રતિબંધ.

(૪) પરીક્ષા કેન્દ્રના બિલ્ડીંગમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈપણ કર્મચારીઓ (સરકારી પ્રતિનિધિ સિવાય) મોબાઈલ ફોન, ઈલેકટ્રોનિક્સ ડિવાઈસ અથવા કોમ્યુનિકેશન ડિવાઈસ કે સિસ્ટમ રાખવા /લાવવા લઈ જવા પર પ્રતિબંધ.

:: પ્રતિબંધિત વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળની નીચે મુજબની સુરત શહેરની સ્કુલો/ હાઈસ્કુલોમાં નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો, સ્ટ્રોગ રૂમો તથા આસપાસનો ૧૦૦ મીટરનો વિસ્તાર.

UPSC ની EPFO પરીક્ષાના કેંદ્રો

અ.નં.	પરીક્ષા કેન્દ્રનુ નામ (હાઈસ્કુલ/સ્કુલ)
	અઠવા પો.સ્ટે.
૧	ટી.એન્ડ ટી.વી. સાર્વજનીક હાઈસ્કુલ નાનપુરા, સુરત
	ઉમરા પો.સ્ટે.
૨	શ્રી. વી.ડી.ટી ગર્લ્સ હાઈસ્કુલ વનિતા વિશ્રામ કેમ્પસ અઠવાલાઈન્સ સુરત
૩	લુર્ડઝ કોન્વેટ હાઈસ્કુલ ઈન્ડોર સ્ટેડીયમ સામે, અઠવાલાઈન્સ,
૪	ચંદુલાલ છગનલાલ શાહ સાર્વજનિક ઈંગ્લિશ હાઈસ્કુલ એક્સ્પેરીમેન્ટ સ્કુલ કેમ્પસ, પારલે પોઈન્ટ,અંબીકા નિકેતન પાસે અઠવા લાઈન્સ, સુરત
	રાદેર પો.સ્ટે.
૫	સંસ્કાર ભારતી વિદ્યાલય, પાલનપુરા પાટીયા રાંદેર રોડ સુરત

નોંધ :- સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં કુલ- ૦૫ કેન્દ્રો છે.

:: અપવાદ ::

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચે નાઓને લાગુ પડશે નહી.

(૧) ઉપરોકત પરીક્ષા કાર્યમાં રોકાયેલ વ્યક્તિઓને.

(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૩૦/૧૧/૨૦૨૫ ના ક.૦૦/૦૦ થી તા.૩૦/૧૧/૨૦૨૫ના કલાક:૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :- ૨૬/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

:: હંગામી જાહેરનામું ::

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ ૩૩ (૧) બી મુજબનું.

ક્રમાક ટ્રાફિક/પર્વત પાટીયા/મેટ્રો રેલ/જાહેરનામું/૧૧૭૬૮/૨૦૨૫.-સુરત શહેર ખાતે મેટ્રો રેલ બનાવવાનું કામકાજ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. પર્વત પાટીયાથી ખરવરનગર જંકશન જતા મેઈન રોડ ઉપર મેટ્રો ફેઝ-૧, કોરીડોર-૨. CS6 પેકેજ અનુસંધાને કામગીરી કરવા માટે સમ્રાટ સ્કુલથી ભારતનગર ચાર રસ્તા તરફ જતા રોડ ઉપર આવેલ આંજણા ઓવરબ્રીજ ઉપર પોર્ટલ પીયર બાંધકામ માટે સપોર્ટ માટે બનાવવામાં આવેલ લોખંડ/સ્ટીલ ના સપોર્ટ સ્ટ્રકચરની કામ પૂર્ણ થતા વૈજ્ઞાનિક ઢબથી સ્ટ્રકચર ખસેડવાની જરૂરીયાત હોય, આ સ્ટ્રકચર ખસેડવા માટે ઓછામાં ઓછા ૨૪ કલાક નો સમય લાગે તેમ હોય નાગરીકો તથા કારીગરોની સલામતી માટે સમ્રાટ સ્કુલ ચાર રસ્તાથી ખરવરનગર જંકશન સુધીનો એક સાઈડનો રોડ બંધ કરવામાં આવનાર હોય, આ વિસ્તારમાં સરળ ટ્રાફિક નિયમન અને કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતી જળવાઈ રહે તે હેતુ થી તા.૨૨/૧૧/૨૦૨૫ ના ક.૨૨/૦૦ થી તા.૨૪/૧૧/૨૦૨૫ ની વહેલી સવારના ૬.૦૪/૦૦ વાગ્યા સુધી સમ્રાટ સ્કુલ ચાર રસ્તાથી ભારતનગર ચાર રસ્તાથી ભાઠેના ઓવરબ્રીજ ઉપરથી ખરવનગર જંકશન તરફ જતા તમામ પ્રકારનાં ભારે વાહનોની અવર-જવર ઉપર તથા પાર્કિંગ કરવા ઉપર તથા પગપાળા જવા ઉપર પ્રતિબંધ મુકવો જનહિતાર્થે ખુબ જ જરૂરી જણાય છે.

:: હુકમ ::

વાસ્તે હું. અનુપમસિંહ ગહલૌત (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧) બી અન્વયે મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ કૃત્યો તથા રૂટ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અ.નં.	પ્રતિબંધિત રૂટ	વૈકલ્પિક રૂટ
૦૧	પર્વત પાટીયાથી ખરવરનગર (રોકડીયા ચાર રસ્તા) તરફ જતા રોડ ઉપર તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પગપાળા જવા ઉપર પ્રતિબંધ રહેશે.	(૧) નેશનલ હાઈ-વે તરફથી આવતા હેવી વ્હીકલ, ફોર વ્હીલર રેશ્મા સર્કલ, ડાબે ટર્ન લઈ કંગારૂ સર્કલ (પુણા પાટીયા) થી ડિંડોલી સાંઈ પોઈન્ટથી ઉધના નવસારી મેઈન રોડ આગળના વિસ્તાર તથા એરપોર્ટ તરફ જઈ શકાશે.
		(૨) પર્વત પાટીયાથી રીંગ રોડ થઈ સુરત રેલ્વે સ્ટેશન તરફ અને અન્ય વિસ્તારોમાં અને એરપોર્ટ તરફ જઈ શકાશે.
		(૩) પરવત પાટીયા તરફથી આવતા ફોર વ્હીલર, ટુ-વ્હીલર, નાના વાહનો કબૂતર સર્કલ (કિશવનગર)થી ડાબે ટર્ન લઈ, તથા આઈ માતા તરફથી આવતા વાહનો સીધા વલ્લભચોકથી ડુંભાલ ફાયર ત્રણ રસ્તાથી આગળ મહારાણા પ્રતાપ ચાર રસ્તાથી અને ભરવાડ નગર ગરનાળાથી ઉધના રેલ્વે ઓવર બ્રીજ અને તેની નીચેના ભીમનગર ગરનાળા તથા ગોલાઘંટી ગરનાળાથી આગળના વિસ્તારોમાં જઈ શકાશે.
		(૪) સમ્રાટ સ્કુલ ચાર રસ્તા સુધી આવી ગયેલ તમામ પ્રકારના વાહનોને સમ્રાટ સ્કુલ ચાર રસ્તાથી જમણે વળી સલાબતપુરા વિસ્તારમાં અથવા ડાબે ટર્ન લઈ લિંબાયત કમરૂનગર ચોકી રોડ તરફ અથવા ડુંભાલ ફાયર ત્રણ રસ્તાથી ગોડાદરા, ડીંડોલી, ઉધના રેલ્વે સ્ટેશન તરફ જઈ શકાશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ તા.૨૨/૧૧/૨૦૨૫ ના ક.૨૨/૦૦ થી તા.૨૪/૧૧/૨૦૨૫ ની વહેલી સવારના ૬.૦૪/૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા.૨૧/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

અનુપમ સિંહ ગહલૌત,
પોલીસ કમિશનર,
સુરત શહેર.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

-:આમુખ:-

(૧) અત્રેનાં જાહેરનામા ક્રમાંક: એમએજી/નર્મદા મૈયાબ્રીજ/જા.ના./વશી/૩૭૬૧, તા.૩૧/૦૭/૨૦૨૫

(૨) અત્રેનાં જાહેરનામા ક્રમાંક: એમએજી/નર્મદા મૈયાબ્રીજ/જા.ના./વશી/૪૬૭૨, તા.૦૭/૧૦/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક:એમએજી/નર્મદા મૈયાબ્રીજ/જા.ના./વશી/૫૬૪૮.-ગુજરાત સરકારશ્રી દ્વારા તા.૧૨/૦૬/૨૦૨૧ નાં રોજ ગોલ્ડન બ્રીજને સમાંતર નવનિર્મિત નર્મદામૈયા બ્રીજનું લોકાર્પણ કરી સામાન્ય જનતા માટે ખુલ્લો મુકવામાં આવેલ છે. સદરહું નર્મદામૈયા બ્રીજ ટ્રાફીકનું ભારણ ઓછું કરવા માટે ઘણો સહાયક છે અને સદર બ્રીજ ખુલ્લો મુકાતા ટ્રાફીકનું ભારણ નહીવત રહેવા પામ્યું હતું પરંતુ ત્યારબાદ રાત્રીનાં સમયે ખાનગી મોટા વાહનો જેવાં કે ખાનગી બસ, ટ્રક જેવા ભારે વાહનો સદર નર્મદામૈયા બ્રીજ ઉપરથી પસાર થવાને કારણે નાના-મોટા અક્સમાતોમાં ખુબ જ વધારો થવા પામ્યો હતો.

ભરૂચ જિલ્લાનાં સામાન્ય નાગરીકો દ્વારા વિડીયો તથા ફોટા દ્વારા સદર બાબતે ફરીયાદ કરવામાં આવેલ. નર્મદામૈયા બ્રીજ ભરૂચ-અંક્લેશ્વર શહેરને જોડતો બ્રીજ હોય જેથી ભરૂચ-અંક્લેશ્વર ખાતે રોજીંદા નોકરીયાત, વેપારીઓ તથા સામાન્ય જનતા સદર બ્રીજ પરથી પસાર થાય છે. એ.બી.સી. સર્કલથી નર્મદામૈયા બ્રીજ તથા અંક્લેશ્વર તરફથી અવર-જવર કરતાં વાહનો/ મોટા વાહનો જેવા કે લક્ઝરી બસો, ટ્રકો વિગેરેનાં કારણે ટ્રાફીકની સમસ્યા પણ રહે છે. એ.બી.સી. સર્કલથી નર્મદામૈયા બ્રીજ સુધીમાં મોટી હોટલો, કોમ્પ્લેક્ષ, મોલ, કોલેજો, બસ સ્ટેશન આવેલ છે. જેથી આ બ્રીજ પરથી ભારે તથા અતિભારે વાહનોની અવર-જવરનાં કારણે જાનહાની થવાની પણ પુરતી સંભાવના રહેલ છે.

જેથી નર્મદામૈયા બ્રીજ ઉપરથી ભારે તથા અતિભારે વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ લાદવામાં આવે તો ટ્રાફીકની સમસ્યા હલ થાય તેમ છે. તેમજ અકસ્માતનાં બનાવ ન બને તે માટે નર્મદામૈયા બ્રીજ ઉપરથી તમામ પ્રકારનાં ભારે તથા અતિભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મુકવો આવશ્યક જણાતો હોય આમુખ-૧ નાં જાહેરનામાથી તા.૦૪/૧૧/૨૦૨૫ નાં રોજ ૨૪:૦૦ કલાક સુધી નર્મદામૈયા બ્રીજ ઉપરથી ભારે તથા અતિભારે વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ. જે પ્રતિબંધ કાયમીપણે મુકવો જરૂરી જણાતો હોય, નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

-:હુકમ:-

વાસ્તે, હું ગૌરાંગ મકવાણા, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમની તારીખથી સદરહું જાહેરનામાની જોગવાઈઓમાં અન્ય કોઈ ફેરફાર ન થાય ત્યાં સુધી કાયમી ધોરણે નર્મદામૈયા બ્રીજ ઉપરથી પસાર થતાં તમામ પ્રકારનાં ભારે તથા અતિભારે વાહનો જેવાં કે, ખાનગી બસ, તમામ પ્રકારની ભારે ટ્રકો, ટેમ્પા, ટેન્કરોની (ટુ વ્હીલર, થ્રી વ્હીલર, ફોર વ્હીલર કાર, શાકભાજી વહન કરતાં નાના લોડીંગ વાહનો તથા દૂધ વિતરણ સાથે સંકળાયેલ નાના લોડીંગ વાહનો સિવાયનાં તમામ વાહનો) અવર-જવર પર પ્રતિબંધ મુકવા આથી હુકમ કરું છું.

અપવાદ

સદરહું જાહેરનામામાંથી આપાતકાલીન સેવા માટેનાં વાહનો જેવાં કે, એમ્બ્યુલન્સ, ફાયર બ્રીગેડનાં વાહનો, એસ.ટી. બસોને તથા આમુખ-૨ નાં જાહેરનામામાં દર્શાવ્યા મુજબનાં વાહનોને પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવે છે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૩/૧૧/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ગૌરાંગ મકવાણા
જિલ્લા મેજીસ્ટ્રેટ
ભરૂચ.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧)(બી) અન્વયેનું.

ક્રમાંકઃફજદ/રોડ બંધ/ભારેવાહનો/વશી-૫૦૯૬ થી ૫૧૨૬/૨૦૨૫.– કાર્યપાલક ઈજનેરશ્રી, ડાંગ પાંચાયત (મા*મ) વિભાગ, આહવા, જિ.ડાંગના તા.૧૨/૦૯/૨૦૨૫ ના પત્ર નં.જપડ/કાઈ/પીબી/વશી/૨૦૨૫થી તેઓના પેટા વિભાગ આહવા હસ્તકના ધવલીદોડ ધુડા પિપલાઈદેવી રોડ કિ.મી. ૧૦/૨ થી ૧૦/૪ (ધુડા ખાતે) માઈનોર બ્રીજ આવેલ છે. સરકારશ્રી દ્વારા નિમાયેલ માર્ગ અને મકાન (આલેખન વર્તુળ, ગાંધીનગરના) તાંત્રિક તજજ્ઞો દ્વારા સદર બ્રીજનું નિરિક્ષણ કરવામાં આવેલ છે. તેમના દ્વારા રજૂ કરેલ અહેવાલ મુજબ સદર બ્રીજ પુઅર કેટેગરીમાં જણાવેલ છે. તેથી સદર બ્રીજ નાનાં-વાહનો માટે ચાલુ રાખવા તેમજ ભારે કોમર્શીયલ વાહનો માટે પ્રતિબંધિત કરવા જણાવેલ છે. જેથી સદરહું ધવલીરોડ ધુડા પિપલાઈદેવી રોડ પર ધુડા ખાતે આવેલ માઈનોર બ્રિજ ઉપરથી ભારે વાહનોના અવર-જવર માટે ૬ (છ) માસના સમયગાળા માટે પ્રતિબંધિત કરવા માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું, શાલિની દુહાન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ સદરહું ધવલીદોડ ધુડા પિપલાઈદેવી રોડ પર ધુડા ખાતે આવેલ માઈનોર બ્રિજ ઉપરથી ભારે કોમર્શીયલ વાહનોના અવર-જવર ફરમાવું છું તથા નીચે મુજબનાં રસ્તા પર ડાયવર્ઝન આપવા આથી હુકમ કરૂં છું.

વૈકલ્પિક માર્ગ

વૈકલ્પિક રસ્તાનું નામ :- ધુડા હિંદળા થઈ પિપલાઈદેવી કુલ ૫.૫૦ કિ.મી. (પિપલાઈદેવી તરફ)

આપવાદ

આ હુકમ નીચેના વાહનોને લાગુ પડશે નહીં.

(ક) દૂધવહન કરતાં દૂધશીત કેન્દ્ર/દૂધમંડળીનાં વાહનો.

(ખ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ડાંગ-આહવા દ્વારા મુકિત આપવામાં આવેલ વાહનો.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોનસ્ટેબલ કે તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારી/કર્મચારીશ્રીઓ તથા માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ હસ્તકના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને આ જાહેરનામાના ભંગ/ઉલ્લંઘન બદલ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

અમલવારીનો સમય

આ હુકમ ત૧૩/૧૦/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૧૧/૧૧/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવા, કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (પંચાયત), આહવા તથા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, આહવા-ડાંગએ સદર જાહેરનામાનો ચુસ્તપણે અમલ કરાવવા ઉકત મુજબના સૂચવેલ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ થાય તે અંગેની કામગીરી કરવાની રહેશે.

આજ તા.૦૯/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપવામાં આવ્યો છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧)(બી) અન્વયેનું.

ક્રમાંકઃફજદ/રોડ બંધ/ભારેવાહનો/વશી-૫૧૨૭ થી ૫૧૫૮/૨૦૨૫.– કાર્યપાલક ઈજનેરશ્રી, ડાંગ પાંચાયત (મા*મ) વિભાગ(રાજય), આહવા, જિ.ડાંગના તા.૦૮/૦૯/૨૦૨૫ના પત્ર નં.પીબી/૯૧૯/૨૦૨૫થી તેઓના પેટા વિભાગ આહવા હસ્તકના વઘઈ-સાપુતારા રોડ પર આવેલ અંબિકા નદી પરના નંદીઉતારા બ્રિજ આવેલ છે. સદર બ્રીજની સ્ટ્રેન્થનીંગની કામગીરી પ્રગતિમાં છે. જેમાં ગનાઈટીંગ અને ગ્રાઉટીંગની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. સદર બ્રીજ સરકારશ્રી દ્વારા નીમવામાં આવેલ બ્રીજ કન્સલ્ટન્ટ દ્વારા ચકાસણી કરી વધુમાં વધુ ૨૫ ટન સુધીની વજન ક્ષમતા ધરાવતા વાહનોને સ્ટ્રીકટ ટ્રાફિક કન્ટ્રોલ સાથે પસાર થવા અભિપ્રાય આપવામાં આવેલ છે. જેથી સદર બ્રીજ પરથી ૨૫ ટન સુધીની વજન ક્ષમતા ધરાવતા વાહનોને સ્ટ્રીકટ ટ્રાફિક કન્ટ્રોલ સાથે પસાર થવા દેવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું, શાલિની દુહાન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ વઘઈ-સાપુતારા રોડ આવેલ અંબિકા નદી પરના નંદીઉતારા બ્રિજ મેજર બ્રિજ ઉપર સરકારશ્રી દ્વારા નીમવામાં આવેલ બ્રીજ કન્સલ્ટન્ટ દ્વારા ચકાસણી કરી વધુમાં વધુ ૨૫ ટન સુધીની વજન ક્ષમતા ધરાવતા વાહનોને સ્ટ્રીકટ ટ્રાફિક કન્ટ્રોલ સાથે પસાર થવાના અભિપ્રાય સાથે સહમત થઈ ૨૫ ટન સુધીની વજન ક્ષમતા ધરાવતા વાહનોને સ્ટ્રીકટ ટ્રાફિક કન્ટ્રોલ સાથે પસાર થવા દેવા તથા ૨૫ ટન થી વધુ ભારે કોમર્શિયલ વાહનોના અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું તથા નીચે મુજબનાં રસ્તા પર ડાયવર્ઝન આપવા આથી હુકમ કરૂં છું.

વૈકલ્પિક માર્ગ

રસ્તાનું નામઃ- વઘઈ-સાપુતારા રોડ કિમી ૬૧/૦ થી ૧૦૩/૩૦૦

બ્રિજનો પ્રકાર :- મેજર બ્રિજ

વૈકલ્પિક રસ્તાનું નામઃ- (૧) હાથગડ-સુરગાણા-ઉમરથાણા-બિલ્વા-આવધા-ધરમપુર રોડ

(૨) હાથગડ-સુરગાણા-ઉમરથાણા-બોપી-કાવડેજ-વાંસદા રોડ

અપવાદ

આ હુકમ નીચેના વાહનોને લાગુ પાડશે નહીં.

(ક) GSRTC નિગમની બસો

(ખ) દૂધવહન કરતાં દૂધશીત કેન્દ્રો / દૂધ મંડળીનાં વાહનો

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ડાંગ-આહવા દ્વારા મુકિત આપવામાં આવેલ વાહનો.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોનસ્ટેબલ કે તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારી/કર્મચારીશ્રીઓ તથા માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ હસ્તકના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને આ જાહેરનામાના ભંગ/ઉલ્લંઘન બદલ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

અમલવારીનો સમય

આ હુકમ ત૧૩/૧૦/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૧૧/૧૧/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવા, કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (પંચાયત), આહવા તથા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, આહવા-ડાંગએ સદર જાહેરનામાનો ચુસ્તપણે અમલ કરાવવા ઉકત મુજબના સૂચવેલ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ થાય તે અંગેની કામગીરી કરવાની રહેશે.

આજ તા.૦૯/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપવામાં આવ્યો છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧)(બી) અન્વયેનું.

ક્રમાંકઃફજદ/રોડ બંધ/ભારેવાહનો/વશી-૫૬૬૭ થી ૫૬૭૯/૨૦૨૫.– કાર્યપાલક ઈજનેરશ્રી, ડાંગ પાંચાયત (મા*મ) વિભાગ(રાજય), આહવા, જિ.ડાંગના તા.૦૮/૦૯/૨૦૨૫ના પત્ર નં.પીબી/૯૧૯/૨૦૨૫થી તેઓના પેટા વિભાગ આહવા હસ્તકના વઘઈ-સાપુતારા રોડ પર આવેલ અંબિકા નદી પરના નંદીઉતારા બ્રિજ આવેલ છે. સદર બ્રીજની સ્ટ્રેન્ધનીગની કામગીરી પ્રગતિમાં છે. જેમાં ગનાઈટીંગ અને ગ્રાઉટીંગની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. સદર બ્રીજ સરકારશ્રી દ્વારા નીમવામાં આવેલ બ્રીજ કન્સલ્ટન્ટ દ્વારા ચકાસણી કરી વધુમાં વધુ ૨૫ ટન સુધીની વજન ક્ષમતા ધરાવતા વાહનોને સ્ટ્રીકટ ટ્રાફિક કન્ટ્રોલ સાથે પસાર થવા અભિપ્રાય આપવામાં આવેલ છે. જેથી સદર બ્રીજ પરથી ૨૫ ટન સુધીની વજન ક્ષમતા ધરાવતા વાહનોને સ્ટ્રીકટ ટ્રાફિક કન્ટ્રોલ સાથે પસાર થવા દેવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું, શાલિની દુહાન, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, ડાંગ-આહવા, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ વઘઈ-સાપુતારા રોડ આવેલ અંબિકા નદી પરના નંદીઉતારા બ્રિજ મેજર બ્રિજ ઉપર સરકારશ્રી દ્વારા નીમવામાં આવેલ બ્રીજ કન્સલ્ટન્ટ દ્વારા ચકાસણી કરી વધુમાં વધુ ૨૫ ટન સુધીની વજન ક્ષમતા ધરાવતા વાહનોને સ્ટ્રીકટ ટ્રાફિક કન્ટ્રોલ સાથે પસાર થવાના અભિપ્રાય સાથે સહમત થઈ ૨૫ ટન સુધીની વજન ક્ષમતા ધરાવતા વાહનોને સ્ટ્રીકટ ટ્રાફિક કન્ટ્રોલ સાથે પસાર થવા દેવા તથા ૨૫ ટન થી વધુ ભારે કોમર્શિયલ વાહનોના અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું તથા નીચે મુજબનાં રસ્તા પર ડાયવર્ઝન આપવા આથી હુકમ કરૂં છું.

વૈકલ્પિક માર્ગ

રસ્તાનું નામઃ- વઘઈ-સાપુતારા રોડ કિમી ૬૧/૦ થી ૧૦૩/૩૦૦

બ્રિજનો પ્રકાર :- મેજર બ્રિજ

વૈકલ્પિક રસ્તાનું નામઃ- (૧) હાથગડ-સુરગાણા-ઉમરથાણા-બિલ્વા-આવધા-ધરમપુર રોડ

(૨) હાથગડ-સુરગાણા-ઉમરથાણા-બોપી-કાવડેજ-વાંસદા રોડ

અપવાદ

આ હુકમ નીચેના વાહનોને લાગુ પાડશે નહીં.

(ક) GSRTC નિગમની બસો

(ખ) દૂધવહન કરતાં દૂધશીત કેન્દ્રો / દૂધ મંડળીનાં વાહનો

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ડાંગ-આહવા દ્વારા મુકિત આપવામાં આવેલ વાહનો.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોનસ્ટેબલ કે તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારી/કર્મચારીશ્રીઓ તથા માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ હસ્તકના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને આ જાહેરનામાના ભંગ/ઉલ્લંઘન બદલ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

અમલવારીનો સમય

આ હુકમ તા.૧૩/૧૧/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૧૨/૧૨/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવા, કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (પંચાયત), આહવા તથા સહાયક પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારીશ્રી, આહવા-ડાંગએ સદર જાહેરનામાનો ચુસ્તપણે અમલ કરાવવા ઉકત મુજબના સૂચવેલ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ થાય તે અંગેની કામગીરી કરવાની રહેશે.

આજ તા. ૦૯/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપવામાં આવ્યો છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧)(બી) અન્વયેનું.

ક્રમાંકઃફજદ/રોડ બંધ/ભારે વાહનો/વશી-૫૬૯૮ થી ૫૭૨૮/૨૦૨૫.– કાર્યપાલક ઈજનેરશ્રી, ડાંગ પાંચાયત (મા*મ) વિભાગ આહવા, જિ.ડાંગના તા.૧૧/૧૧/૨૦૨૫ ના પત્ર નં.જપડ/કાઈ/પીબી/વશી/૧૨૬૦/૨૦૨૫થી તેઓના પેટા વિભાગ આહવા હસ્તકના ધવલીદોડ ધુડા પિપલાઈદેવી રોડ કિ.મી. ૧૦/૨ થી ૧૦/૪ (ધુડા ખાતે) માઈનોર બ્રીજ આવેલ છે. સરકારશ્રી દ્વારા નિમાયેલ માર્ગ અને મકાન (આલેખન વર્તુળ, ગાંધીનગરના) તાંત્રિક તજજ્ઞો દ્વારા સદર બ્રીજનું નિરીક્ષણ કરવામાં આવેલ છે. તેમનાં દ્વારા રજૂ કરેલ અહેવાલ મુજબ સદર બ્રીજ પુઅર કેટેગરીમાં જણાવેલ છે. તેથી સદર બ્રીજ નાનાં વાહનો માટે ચાલુ રાખવા તેમજ ભારે કોમર્શીયલ વાહનો માટે પ્રતિબંધિત કરવા જણાવેલ છે. જેથી સદરહું ધવલીદોડ ધુડા ખાતે આવેલ માઈનોર બ્રિજ ઉપરથી ભારે વાહનોના અવર જવર માટે ૬ (છ) માસના સમયગાળા માટે પ્રતિબંધિત કરવા માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, શાલિની દુહાન (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧)(બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ સદરહું ધવલીદોડ પિપલાઈદેવી રોડ પર ધુડા ખાતે આવેલ માઈનોર બ્રિજ ઉપર ભારે કોમર્શિયલ વાહનોના અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું. તથા નીચે મુજબનાં રસ્તા પર ડાયવર્ઝન આપવા આથી હુકમ કરૂં છું.

વૈકલ્પિક માર્ગ

વૈકલ્પિક રસ્તાનું નામઃ- ધુડા હિંદળા થઈ પિપલાઈદેવી કુલ ૫.૫૦ કિ.મી. (પિપલાઈદેવી તરફ)

અપવાદ

આ હુકમ નીચેના વાહનોને લાગુ પાડશે નહીં.

(ક) દૂધવહન કરતાં દૂધશીત કેન્દ્રો / દૂધ મંડળીનાં વાહનો

(ખ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ડાંગ-આહવા દ્વારા મુકિત આપવામાં આવેલ વાહનો.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોનસ્ટેબલ કે તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારી/કર્મચારીશ્રીઓ તથા માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ હસ્તકના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને આ જાહેરનામાના ભંગ/ઉલ્લંઘન બદલ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

અમલવારીનો સમય

આ હુકમ તા.૧૩/૧૧/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૧૨/૧૨/૨૦૨૫ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવા, કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (પંચાયત), આહવા તથા સહાયક પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારીશ્રી, આહવા-ડાંગએ સદર જાહેરનામાનો ચુસ્તપણે અમલ કરાવવા ઉકત મુજબના સૂચવેલ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ થાય તે અંગેની કામગીરી કરવાની રહેશે.

આજ તા. ૧૩/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપવામાં આવ્યો છે.

શાલિની દુહાન IAS
જિલ્લા મેજિસ્ટ્રેટ
ડાંગ-આહવા

વાંચ્યા:-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરાઓના પત્ર જા.નં.એનએચડી/પીબી/૧૦૧૭/૨૦૨૫. તા.૧૦/૧૦/૨૦૨૫.

(૨) અત્રેની કચેરીના જાહેરનામાં નં.એમએજી/વશી/૨૦૯૫/૨૦૨૫, તા.૧૪/૧૦/૨૦૨૫.

(૩) કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરાઓના પત્ર જા.નં.એનએચડી/પીબી/૧૦૧૭/૨૦૨૫. તા.૨૮/૧૦/૨૦૨૫.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧)(બી) અન્વયેનું.

નં.એમએજી/વશી૨૨૧૫/૨૦૨૫.- વાંચ્યા-(૧) થી છોટાઉદેપુર જિલ્લાના રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૫૬ પર પાવીજેતપુર પાસે શિહોદ ચોકડી પાસે આવેલ ટેમ્પરરી ડાયવર્ઝન પર તા.૨૧/૦૬/૨૦૨૫ થી તા.૨૬/૦૬/૨૦૨૫ ના રોજ અતિભારે વરસાદ અને ઉપરવાસ માંથી ભારજ નદીમાં પાણીની અતિભારે આવક અને પ્રવાહ આવતા ટેમ્પરરી ડાયવર્ઝનને નુકશાન થવાને કારણે તથા પાવીજેતપુર ખાતે ચે. 405/985 પરના સ્ટ્રકચરમાં નુકસાન થવાના કારણે નીચે મુજબ ભારજ પુલ પર તેમજ ટેમ્પરરી ડાયવર્ઝન ઉપરથી વાહન-વ્યવહાર બંધ કરવા તેમજ વાહન-વ્યવહાર પસાર ન કરવાનું અને પાવીજેતપુર ખાતે ચે.405/985 પરના સ્ટ્રકચરમાં માત્ર ૩૦ ટન સુધીના કુલ વજનવાળા વાહનો પસાર થઈ શકે તે અંગેનુ પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ જે અન્વયે વંચાણ-(૨) થી તા.૧૪/૧૦/૨૦૨૫ થી તા.૧૧/૧૧/૨૦૨૫ સુધીના સમયગાળા સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. વંચાણ-(૩) થી સદરહું જાહેરનામું રીન્યુ કરવા માંગણી કરેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરા માંગણી અન્વયે હું ગાર્ગી જૈન (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ છોટાઉદેપુર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) હેઠળ જાહેરનામાં બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ આથી ભારજ પુલ પર તેમજ ટેમ્પરરી ડાયવર્ઝન ઉપરથી સંપૂર્ણ વાહન-વ્યવહાર બંધ કરવા તેમજ પાવી જેતપુર ગ્રામ પંચાયત પાસે હયાત સ્લેબ ડ્રેન કુલ-૩૦ ટન સુધીના વાહનો પસાર થવા દેવા તેમજ ૩૦ ટન થી વધારે વજન વાળા વાહનો માટે નીચે મુજબનું ડાયવર્ઝન અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરૂ છું.

(૧) મોડાસર ચોકડી થી છોટાઉદેપુર જતાં નાના વાહનો તથા ૩૦ ટન સુધીના કુલ વજનવાળા સુધીના વાહનો મોડાસર ચોકડી થઈ રંગલી ચોકડી થઈ રતનપુર, વનકુટીર ત્રણ રસ્તા થઈ જેતપુરપાવી થઈ રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૫૬ થઈ જઈ શકશે.

(૨) છોટાઉદેપુર થી બોડેલી અને વડોદરા તરફ આવતા નાના વાહનો તથા ૩૦ ટન સુધીના કુલ વજનવાળા વાહનો જેતપુરપાવી, વનકુટીર ત્રણ રસ્તા થઈ રંગલી ચોકડીથી મોડાસર ચોકડી જઈ શકશે.

(૩) બોડેલી અને છોટાઉદેપુર તરફ આવતા ૩૦ ટન વધારે વજન વાળા ભારે વાહનો વગેરે મોડાસર ચોકડી થઈ રંગલી ચોકડી પાનવડ થઈ છોટાઉદેપુર જઈ શકશે.

(૪) બોડેલી અને છોટાઉદેપુર તરફ આવતા ૩૦ ટન વધારે વજન વાળા ભારે વાહનો વગેરે પાનવાડ થઈ રંગલી ચોકડી થઈ મોડાસર ચોકડી થઈ બોડેલી જઈ શકશે.

(૫) કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરા દ્વારા સદરહુ જાહેરનામાં અન્વયે સદરહું રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર ડાયવર્ઝન થતા ગતિ સીમા અંગેના સાઈન બોર્ડ લગાવવાના રહેશે.

(૬) સદરહું રાષ્ટ્રીય ધોરીમાર્ગ.૫૬ ઉપર ટ્રાફિક નિયમન, અકસ્માત નિવારણ અને માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા ૨૪*૭ પોલીસ બંદોબસ્ત રાખવાનો રહેશે તેમજ રાષ્ટ્રીય ધોરીમાર્ગના અધિકારીશ્રીઓ, પોલીસ અધિકારીઓ, આર.ટી.ઓના અધિકારીશ્રીઓ તેમજ મહેસુલ વિભાગના અધિકારીઓએ સંકલનમાં રહીને ભારજ નદી પરના પુલ ઉપર ટ્રાફિક નિયમન અંગેની કામગીરી કરવાની રહેશે.

અમલવારીનો સમય

સદરહુ જાહેરનામું ઈ-સાઈન તારીખ થી તા.૧૧/૧૨/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

સજા

સદરહું હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા નેશનલ હાઈવે ઓથોરીટીના તાબાના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યકિતઓ ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમ્યાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરીયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉકત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તારીખ ૧૩/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

વાંચ્યા:-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુરના પત્ર જા.નં.પીબી/૨૫૫૯/૨૦૨૫, ૨૬/૧૧/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) હેઠળનું.

નં.એમએજી/વશી૨૨૬૬/૨૦૨૫.- વાંચ્યા-(૧) થી માર્ગ અને મકાન વિભાગના (રાજય) હસ્તક આવતા કવાંટ- છોટાઉદેપુર રોડ કિમી ૦/૦ થી ૨૫/૦ ૫૨ આવતા કરા મેજર બ્રિજ (સે ૦/૪ થી ૦/૫) જેનું બાંધકામ ૬૫ વર્ષ જુનુ હોઈ ગુજરાત સરકાર માર્ગ અને મકાન આલેખન વિભાગ, ગાંધીનગર દ્વારા સુચિત બ્રિજ મરામતની કામગીરી માટે જણાવતા સુચિત બ્રિજ રીપેરીંગની કામગીરીમાં પેરાપેટ વોલ, વેરીંગ કોટ, એક્સ પાન્સન જોઈન્ટ મરામતની કામગીરી પ્રગતિમાં હોઈ, ભારે વાહનોના ચાલુ ટ્રાફિક હોવાના કારણે કરવામાં આવતી કામગીરીમાં ગુણવત્તા જળવાઈ રહે તેમજ કામ કરતા માણસોને જાનહાની થવાની શકયતાઓ રહેલ છે. જેથી સદર બ્રિજ પરથી ભારે વાહન વ્યવહાર બંધ કરવા બાબતનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુરની ભલામણ અન્વયે હું ગાર્ગી જૈન (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ છોટાઉદેપુર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) હેઠળ જાહેરનામાં બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ આથી નીચે મુજબનું ડાયવર્ઝન અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરૂ છું.

૧ ભારે વાહનો (૧૦ ટનથી વધારે વજન તેમજ-૨ એકસેલથી વધારે એકસેલથી વાળા વાહનો) માટે છોટાઉદેપુર થઈ પાનવડ-પાનીબાર-ઝાબ-ભીડોલ-કલારાણી-રંગલી ચોકડી-બોડેલી થઈ વડોદરા તેમજ રાજપીપળા જઈ શકશે.

૨ સરકારી બસ, એમ્બ્યુલન્સ તથા ફાયર ફાયટીગ જેવા ઈમરજન્સી વાહનો માટે ધનીવાડી ત્રણ રસ્તા થી કરા નદી પર આવેલ નના પુલ પરથી બસ ડેપો-પોલીસ સ્ટેશન થઈ કવાંટ કડીપાણી રસ્તાથી નસવાડી ચોકડીથી વડોદરા તેમજ રાજપીપળા જઈ શકશે.

૩ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુર દ્વારા સદરહુ જાહેરનામાં અન્વયે તેમના/પોતાના કાર્યક્ષેત્ર હેઠળ આવતા ડાર્યવર્ઝન તથા ગતિ સીમા અંગેના સાઈન બોર્ડ લગાવવાના રહેશે.

૪ કવાંટ અને છોટાઉદેપુર રોડ કિમી ૦/૦ થી ૨૫/૦ ૫૨ આવતા કરા મેજર બ્રિજ (સે ૦/૪ થી ૦/૫) ઉપર ટ્રાફિક નિયમન, અકસ્માત નિવારણ અને માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા ૨૪*૭ પોલીસ બંદોબસ્ત રાખવાનો રહેશે તેમજ પોલીસ અધિકારીઓ, આ૨ટીઓના અધિકારીશ્રીઓએ સંકલનમાં રહીને બ્રિજ ઉપર ટ્રાફિક નિયમન અંગેની કામગીરી કરવાની રહેશે.

અમલવારીનો સમય

સદરહુ જાહેરનામું ૨૬/૧૧/૨૦૨૫ થી તા.૨૫/૧૨/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

સજા

સદરહું હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા કાર્યપાલક ઈજનેરશ્રી (સ્ટેટ) તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી(સ્ટેટ) સુધીનો હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યકિતઓ ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમ્યાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરીયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉકત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તારીખ ૨૬/૧૧/૨૦૨૫ નારોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

ગાર્ગી જૈન IAS
જિલ્લા મેજિસ્ટ્રેટ
છોટાઉદેપુર

વાંચ્યા:-

(૧) પ્રોજેક્ટ ડિરેકટરશ્રી, PIU-એકતાનગર, NHAI, રાજપીપલાનાઓના પત્ર નં. NHAI/11056/1/Maintenance/Bodeli/ NH-56/4/ 2352, તા.૧૫/૦૯/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના જાહેરનામાં નં.એમએજી/વશી/૨૧૦૧/૨૦૨૫, તા.૧૬/૧૦/૨૦૨૫.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) હેઠળ.

નં.એમએજી/વશી/૨૨૩૨/૨૦૨૫.- વંચાણ-(૧) થી છોટાઉદેપુર જિલ્લાના રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૫૬ પર બોડેલી પાસે આવેલ મેરીયા નદી પુલ તથા ઓરસંગ નદી પુલને નુકસાન થવાના કારણે બંને પુલોની માળખાકીય સ્થિતિ જાણવા આઈ. આઈ.ટી. મુંબઈની ટીમનાં પત્રનં. DRD/CE/ SB-23/25-26, તા.૧૪/૦૯/૨૦૨૫ થી વિગતવાર પરિક્ષણ પૂર્ણ કરેલ છે. જે મુજબ સંદર્ભ દર્શિત પત્રમાં જણાવેલ મુદ્દા નં.૨(૧) ઓરસંગ બ્રીજ અને મુદ્દા ૨(૨) મેરીયા બ્રીજ આમ બંને પુલ અંગેની સ્થિતી જણાવેલ છે. જયાં સુધી વિગતવાર મજબૂતી કરણ પગલાં અને ઔપચરિક લોડ રેટિંગ (IRC SP:37) પૂર્ણ ન થાય ત્યાં સુધી ટ્રાફિક (વચગાળાની ટ્રાફિક પરિસ્થિતિઓ) હળવા અને મધ્યમ વાહનો (GVW<_ 12 ટન) સુધી મર્યાદિત રાખવો જોઈએ મુદ્દા નં.(૩) માં બને પુલ હાલમાં ફકત ૧૨ ટનના મહત્તમ GVW સુધીના હળવા અને મધ્યમ વાહનો માટે જ સેવા યોગ્ય છે. ભારે કોમર્શિયલ વાહનોને પ્રતિબંધિત કરીને માત્ર ટૂ-વ્હીલર, કાર અને લાઈટ કોમર્શિયલ વાહનોને પસાર થવા દેવાની ભલામણ કરેલ છે. સદરહું કામગીરી પૂર્ણ થવાનો સમયગાળો ૪-૬ મહિનાનો રહેવાની અપેક્ષા છે, જેથી બંને પુલ પરથી ફકત અને મધ્યમ વાહનો (ટૂ-વ્હીલર, પેસેન્જર કાર, LMW, 2 એકસલ અને 4 વ્હીલ સુધીની મીની/મીડી બસો, અને 2 એકસલ અને 4 વ્હીલ સુધીના હળવા વાણિજિયક વાહનો, બધા GVW<_ 12 ટન સાથે) ઓછામાં ઓછા ચાર મહિનાના સમયગાળા માટે અથવા મજબૂતીકરણ કાર્ય પૂર્ણ થાય ત્યાં સુધી, જે પણ મોડું થાય ત્યાં સુધી, બંને પુલ પરથી અવરજવર મર્યાદિત રાખવામાં આવે તેમ પ્રોજેકટ ડિરેકટરશ્રી, PIU-એકતાનગર, NHAI, રાજપીપલાનાઓના પત્રમાં જણાવેલ છે. જે અન્વયે વાંચણ-(૨) થી તા.૧૬/૧૦/૨૦૨૫ થી તા.૧૪/૧૧/૨૦૨૫ સુધીના સમયગાળા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. જેની સમયમર્યાદા પૂર્ણ થતી હોઈ, જેથી રીન્યુ કરવાનું જરૂરી જણાય છે.

પ્રોજેકટ ડિરેકટરશ્રી, PIU-એકતાનગર, NHAI, રાજપીપલાની ભલામણ અન્વયે હું સચિન કુમાર IAS, ઈ.ચા. જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) હેઠળ જાહેરનામાં બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ બંને પુલ પરથી ફકત હળવા અને મધ્યમ વાહનો (ટૂ-વ્હીલર, પેસેન્જર કાર, LMW, 2 એકસલ અને 4 વ્હીલ સુધીની મીની/મીડી બસો, અને 2 એકસલ અને 4 વ્હીલ સુધીના હળવા

વાણિજિયક વાહનો, બધા GVW<_ 12 ટન સાથે)વાહનોને પસાર થવા દેવા તેમજ ભારે કોમોર્શિયલ વાહનો માટે નીચે મુજબનું પ્રસિધ્ધ કરૂ છું.

(૧) છોટાઉદેપુર થી વડોદરા તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો છોટાઉદેપુર-પાનવડ-કવાંટ-ખાટીયાવાંટ-રંગલી ચોકડી-મોડાસર ચોકડી-કોસિન્દ્રા-વાસણા ચોકડી-ભાટપુર-હાંડોદ ચોકડી-રતનપર રોડ-કરનેટ રોડ-કરનેટ બ્રિજ-બોરીયાદ થઈ ડભોઈ-વડોદરા તરફ જઈ શકશે.

અથવા

(૨) છોટાઉદેપુર થી વડોદરા તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો છોટાઉદેપુર-પાનવડ-કવાંટ-ખાટીયાવાંટ-ચલામલી-કોસિન્દ્રા-વાસણા ચોકડી-ભાટપુર-હાંડોદ ચોકડી-રતનપર રોડ-કરનેટ રોડ-કરનેટ બ્રિજ-બોરીયાદ થઈ ડભોઈ-વડોદરા તરફ જઈ શકશે.

અથવા

(૩) છોટાઉદેપુર થી વડોદરા તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો છોટાઉદેપુર-પાનવડ-કવાંટ-ખાટીયાવાંટ-રંગલી ચોકડી-ચલામલી-કોસિન્દ્રા-વાસણા ચોકડી-ભાટપુર-હાંડોદ ચોકડી-રતનપર રોડ-કરનેટ રોડ-કરનેટ બ્રિજ-બોરીયાદ થઈ ડભોઈ-વડોદરા તરફ જઈ શકશે.

અથવા

(૪) વડોદરા થી છોટાઉદેપુર તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો ડભોઈ થઈ બોરીયાદ-કરનેટ બ્રિજ-કરનેટ રોડ-રતનપર રોડ-હાંડોદ ચોકડી-ભાટપુર-વાસણા ચોકડી-કોસિન્દ્રા-મોડાસર ચોકડી રંગલી ચોકડી-ખાટીયાવાંટ-કવાંટ-પાનવડ થી છોટાઉદેપુર તરફ જઈ શકશે.

અથવા

(૫) વડોદરા થી છોટાઉદેપુર તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો ડભોઈ થઈ બોરીયાદ-કરનેટ બ્રિજ-કરનેટ રોડ-રતનપર રોડ-હાંડોદ ચોકડી-ભાટપુર-વાસણા ચોકડી-કોસિન્દ્રા-ચલામતી-ખાટીયાવાંટ-કવાંટ-પાનવડ થી છોટાઉદેપુર તરફ જઈ શકશે.

અથવા

(૬) વડોદરા થી છોટાઉદેપુર તરફ જતાં ભારે કોમર્શિયલ વાહનો ડભોઈ થઈ બોરીયાદ-કરનેટ બ્રિજ-કરનેટ રોડ-રતનપર રોડ-હાંડોદ ચોકડી-ભાટપુર-વાસણા ચોકડી-કોસિન્દ્રા-ચલામતી-રંગલી ચોકડી-ખાટીયાવાંટ-કવાંટ-પાનવડ થી છોટાઉદેપુર તરફ જઈ શકશે.

(૭) પ્રોજેકટ ડિરેકટરશ્રી, PIU-એકતાનગર, NHAI, રાજપીપલા તથા કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરા તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુર તથા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), છોટાઉદેપુર દ્વારા સદરહું જાહેરનામાં અન્વયે તેમના/પોતાના કાર્યક્ષેત્ર હેઠળ આવતા ડાયવર્ઝન માર્ગ પર ડાયવર્ઝન તથા ગતિ સીમા અંગેના સાઈન બોર્ડ લગાડવવાના રહેશે.

(૮) સદરહું રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૫૬ ટ્રાફિક નિયમન, અકસ્માત નિવારણ અને માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા ૨૪*૭ પોલીસ બંદોબસ્ત રાખવાનો રહેશે તેમજ રાષ્ટ્રીય ધોરીમાર્ગના અધિકારીશ્રીઓ, પોલીસ અધિકારીશ્રીઓ, આરટીઓના અધિકારીશ્રીઓ તેમજ મહેસુલ વિભાગ તથા પંચાયત વિભાગના અધિકારીશ્રીઓએ સંકલનમાં રહીને મેરીયા નદી તથા ઓરસંગ નદી પરના પુલ ઉપર ટ્રાફિક નિયમન અંગેની કામગીરી કરવાની રહેશે.

અમલવારીનો સમય

સદરહુ જાહેરનામું તા.૨૧/૧૧/૨૦૨૫ થી તા.૨૦/૧૨/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

સજા

સદરહું હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા નેશનલ હાઈવે ઓથોરીટીના તાબાના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યકિતઓ ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમ્યાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરીયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉકત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તારીખ-૨૧/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

વાંચ્યા:-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુરના પત્ર જા.નં.એનએચડી/પીબી/૨૧૩૩/૨૦૨૫. તા.૨૬/૦૯/૨૦૨૫.

(૨) અત્રેની કચેરીના જાહેરનામાં નં.એમએજી/વશી/૨૦૩૯/૨૦૨૫, તા.૦૮/૧૦/૨૦૨૫.

(૩) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુરના પત્ર જા.નં.પીબી/૨૪૯૭/૨૦૨૫. તા.૧૩/૧૧/૨૦૨૫.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) હેઠળનું.

નં.એમએજી/વશી/૨૨૪૧/૨૦૨૫.- વંચાણ-(૧) માર્ગ મકાન વિભાગ (રાજય) હસ્તક આવતા પાનવડ બાયપાસ રોડ કિમી ૦/૦ થી૨/૦ પર આવતા માઈનોર બ્રિજ (સે ૦/૪ થી ૦/૫) જેનું બાંધકામ ખુબ જુનુ રાજા વખતનુ હોય ભારે વરસાદના કારણે પેરાપેટ વોલનું ધોવાણ થયેલ હોય, ચાલુ ટ્રાફિક હોવાના કારણે જાનહાની થવાની શકયાતાઓ રહેલ છે. જેથી પુલ પરથી સંપૂર્ણ વાહન વ્યવહાર તેમજ રાહદારી માટે બંધ કરવા બાબતનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે. જે અન્વયે વંચાણ-(૨) થી તા.૦૮/૧૦/૨૦૨૫ થી તા.૦૧/૧૧/૨૦૨૫ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. વંચાણ-(૩) થી સદરહું જાહેરનામાની સમયમર્યાદા તા.૧૪/૧૨/૨૦૨૫ સુધી વધારવા માંગણી કરેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુરની ભલામણ અન્વયે હું સચિન કુમાર IAS, ઈ.ચા. જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧) હેઠળ જાહેરનામાં બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ પાનવડ બાયપાસ રોડ કિમી ૦/૦ થી ૨/૦ પર આવતા માઈનોર બ્રિજ (સે ૦/૪ થી ૦/૫) પર સંપૂર્ણ વાહન વ્યવહાર તેમજ રાહદારી માટે બંધ કરવા આથી નીચે મુજબ ડાયવર્ઝન અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરૂ છું.

૧ પાનવડ ચોકડી રાયપુર થઈ પાનવડ ગામમાં જઈ શકાશે.

૨ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુર દ્વારા સદરહુ જાહેરનામાં અન્વયે તેમના/પોતાના કાર્યક્ષેત્ર હેઠળ આવતા ડાયવર્ઝન માર્ગ પર ડાયવર્ઝન તથા ગતિ સીમા અંગેના સાઈન બોર્ડ લગાવવાના રહેશે.

૩ પાનવડ બાયપાસ રોડ કિમી ૦/૦ થી ૨/૦ પર આવતા માઈનોર બ્રિજ ઉપર ટ્રાફિક નિયમન, અકસ્માત નિવારણ અને માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા ૨૪*૭ પોલીસ બંદોબસ્ત રાખવાનો રહેશે તેમજ પોલીસ અધિકારીશ્રીઓ, આરટીઓનાઅધિકારીશ્રીઓ તેમજ મહેસુલ વિભાગના અધિકારીશ્રીઓએ સંકલનમાં રહીને બ્રિજ ઉપર ટ્રાફિક નિયમન અંગેની કામગીરી કરવાની રહેશે.

અમલવારીનો સમય

સદરહુ જાહેરનામું તા.૨૧/૧૧/૨૦૨૫ થી તા.૨૦/૧૨/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

સજા

સદરહું હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા નેશનલ હાઈવે ઓથોરીટીના તાબાના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યકિતઓ ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમ્યાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરીયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉકત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તારીખ-૨૧/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

વાંચ્યા:-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુરના પત્ર જા.નં.પીબી/૨૨૯૬/૨૦૨૫, ૧૦/૧૦/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના જાહેરનામાં ક્રમાંક નં.એમએજી/વશી/૨૦૮૯/૨૦૨૫, તા.૧૦/૧૦/૨૦૨૫.

(૩) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુરના પત્ર જા.નં.પીબી/૨૪૯૫/૨૦૨૫, ૧૩/૧૧/૨૦૨૫

જાહેરનામું

નં.એમએજી/વશી/૨૨૪૨/૨૦૨૫.- વંચાણ-(૧) થી ગુજરાત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના આદેશ અનુસાર રાજયના તમામ બ્રિજની સ્થળ મુલાકાત કરી અહેવાલ સાદર કરવા જણાવેલ છે. જે બાબતે તા.૧૧/૦૭/૨૦૨૫ ના રોજ ગુજરાત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ, આલેખન વર્તુળ, ગાંધીનગરના પ્રતિનિધિશ્રી તથા કન્સલ્ટન્ટશ્રી મે. પંકજ એમ.પટેલ તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુરની કચેરીના સ્ટાફ દ્વારા સદર ઓરસંગ બ્રિજની સંયુકત સ્થળ મુલાકાત કરવામાં આવેલ હતી. સદર બ્રિજ અંદાજે ૫૧ વર્ષ (બાંધકામ વર્ષ-૧૯૭૪) જુનો હોવાનું જણાવેલ છે, તેમજ બેલેન્સડ કેન્ટીલીવર આર્ચ ટાઈપનો છે. સદર બ્રિજના ૧૩ ગાળા (એક ગાળાની લંબાઈ ૩૬.૫૮ મીટર છે) આમ કુલ ૪૭૫.૫૪ મીટર લંબાઈનો બ્રિજ છે. સદર બ્રિજનું ફાઉન્ડેશન વેલ ફાઉન્ડેશન પ્રકારનું છે. છેલ્લા ઘણા વર્ષોથી સદર બ્રિજની આજુબાજુ થી રેતી ખનન થવાના કારણે સદર બ્રિજના વેલ ફાઉન્ડેશન અંદાજે ૨૪ ફુટ (અંદાજે ૮ મીટર) ખુલ્લા થઈ ગયેલ છે. રેતી ખનન થવાના કારણે સદર વેલ ફાઉન્ડેશનનો આજુબાજુનો સપોર્ટ ધોવાણ થયેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુરની કચેરી દ્વારા વેલ ફાઉન્ડેશન ધોવાણથી ગેબિયન વોલ પિચિંગની કામગીરી કરવામાં આવેલ છે, પરતું ઉપરવાસમાં વર્ષ-૨૦૨૪ અને જુન -૨૦૨૫ દરમિયાન થયેલ ભારે વરસાદના કારણે નદીના પાણીની આવકના કારણે ગેબિયન વોલ પિચિંગનું ધોવાણ થયેલ છે.

વધુમાં, તા.૧૧/૦૭/૨૦૨૫ ના રોજ થયેલ આલેખન વર્તુળના પ્રતિનિધિ તેમજ કન્સલ્ટન્ટશ્રીના જણાવ્યા મુજબ, ભવિષ્યમાં ભારે વરસાદના સમયે સદર વેલ ફાઉન્ડેશન સેટલમેન્ટ થવાની સંભાવના રહેલ છે. તથા ચાલુ ટ્રાફિક હોવાના કારણે જાનહાની થવાની શકયાતાઓ રહેલ હોવાથી સદર બ્રિજ પર વાહન વ્યવહાર સંપૂર્ણપણે બંધ કરવા ભલામણ કરેલ હતી.

સદરહું બ્રિજની નજીકના વિસ્તારમાં રેતીની લીઝો, સ્ટોક આવેલ હોવાથી દરરોજના અંદાજિત ૪૦ થી ૫૦ ટનના ભારે વાહનોની અવર-જવર થાય છે. જેથી ભવિષ્યની અસર ધ્યાને લેતા બ્રિજને ભારે વાહનો (૧૦ ટનથી વધારે વજન તેમજ ૨ (બે) એકસેલ થી વધારે એકસેલ વાળા વાહનો) પ્રતિબંધ કરીને માત્ર એસ.ટી.બસ, એમ્બ્યુલન્સ તથા ફાયર ફાયટીંગ જેવા ઈમરજન્સી વાહનો તથા બાઈક, મોટરકાર જેવા વાહનોને બ્રિજની મરામતની કામગીરી શરૂ થાય ત્યાં સુધી પસાર થવા દેવાની ભલામણ કરેલ હતી જે અન્વયે વંચાણ-(૨) થી તા.૧૦/૧૦/૨૦૨૫ થી તા.૦૮/૧૧/૨૦૨૫ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું.વંચાણ-(૩) થી સદરહું જાહેરનામાની સમયમર્યાદા તા.૧૪/૧૨/૨૦૨૫ સુધી વધારવા માંગણી કરેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુરની માંગણી અન્વયે હું સચિન કુમાર IAS, ઈ.ચા. જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) હેઠળ જાહેરનામાં બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ સંખેડા-ભાટપુર-વાસણા રોડ કી.મી. ૨/૮૦૦ થી ૨૯/૪૦૦ (ઓરસંગ બ્રિજ ચેઈનેજ ૩/૦ થી ૪/૦) પર માત્ર એસ.ટી.બસ, એમ્બુલન્સ તથા ફાયર ફાયટીગ જેવા ઈમરજન્સી વાહનો તથા બાઈક, મોટરકાર જેવા વાહનોને પસાર થવા દેવા તેમજ ભારે વાહનો (૧૦ ટન થી વધારે વજન તેમજ ૨ (બે) એકસેલ થી વધારે એકસેલ વાળા વાહનો) માટે નીચે મુજબ ડાયવર્ઝન અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરૂ છું.

(૧) સંખેડા થી ડભોઈ-વડોદરા તરફ જતા ભારે કોમર્શિયલ વાહનો સંખેડા થી હાંડોદ ચોકડી થઈ રતનપર રોડ થઈ કરનેટ રોડ થઈ કરનેટ બ્રિજ થઈ બોરીયાદ થઈ ડભોઈ જઈ શકાશે

(૨) સંખેડા થી છોટાઉદેપુર તરફ જતા ભારે કોમર્શિયલ વાહનો સંખેડા થી માંકણી થઈ મોડાસર ચોકડી થઈ છોટાઉદેપુર જઈ શકાશે

(૩) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુર દ્વારા સદરહુ જાહેરનામાં અન્વયે તેમના/પોતાના કાર્યક્ષેત્ર હેઠળ આવતા ડાયવર્ઝન તથા ગતિ સીમા અંગેના સાઈન બોર્ડ લગાવવાના રહેશે.

(૪) સંખેડા-બહાદરપુર બ્રિજ ઉપર ટ્રાફિક નિયમન, અકસ્માત નિવારણ અને માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા ૨૪*૭ પોલીસ બંદોબસ્ત રાખવાનો રહેશે તેમજ પોલીસ અધિકારીશ્રીઓ, આરટીઓના અધિકારીશ્રીઓ તેમજ મહેસુલ વિભાગ ના અધિકારીશ્રીઓએ સંકલનમાં રહીને સંખેડા-બહાદરપુર બ્રિજ ઉપર ટ્રાફિક નિયમન અંગેની કામગીરી કરવાની રહેશે.

અમલવારીનો સમય

સદરહુ જાહેરનામું તા.૨૧/૧૧/૨૦૨૫ થી તા.૨૦/૧૨/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

સજા

સદરહું હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા નેશનલ હાઈવે ઓથોરીટીના તાબાના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યકિતઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમ્યાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરીયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉકત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તારીખ-૨૧/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

સચિન કુમાર IAS
જિલ્લા મેજિસ્ટ્રેટ
છોટાઉદેપુર

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધુ:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./કર્મચારી નોંધણી જાહેરનામું/૭૨૭૮/૨૦૨૫, તા.૦૫/૧૧/૨૦૨૫

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો હુકમ

નં.ડીસી/એમએજી/જાહેરનામું/કર્મચારી નોંધણી/એસ.આર./૧૯૮/૨૦૨૫.- આમુખ- (૧) ના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., ગ્રામ્યના તા.૨૦/૦૮/૨૦૨૫ના પત્રથી જણાવ્યા મુજબ અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં ઔધોગિક કારખાનાઓ અને તેમાં કાર્યરત કંપનીઓના કર્મચારીઓની સુરક્ષા વ્યવસ્થાની દૃષ્ટિએ તથા ગુનાહિત પ્રવૃત્તિઓ પર નિયંત્રણ રાખવા માટે, અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં આવેલ તમામ ઔધોગિક એકમો બાંધકામ કાર્યો તથા અન્ય કારખાનાઓમાં કામ કરતા કર્મચારીઓ જેઓને રોજગારી આપતી વખતે રોજગારી આપનાર સંસ્થા/એકમો તરફથી શ્રમિકો/કામદારોનો કોઈ પૂર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અનુસરવામાં આવતી નથી. જેના કારણે અસામાજિક તત્વો ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યકિતઓ અને ભારતીય નાગરિકતા નહી ધરાવતી વ્યકિતઓને રોજગારી આપી દેવામાં આવે છે. જે દેશ/રાજયની આંતરિક સુરક્ષા માટે અનિચ્છનિય હોય તે ઈસમોને લાવનાર કોન્ટ્રાકટરો/,મુકાદમો/હોટલ-ધાબા રેસ્ટોરન્ટ/ફેકટરી/કારખાના માલિકો ઉપર ચોક્કસ પ્રકારના નિયંત્રણો મૂકી શકાય તેમજ તે ક્ષેત્રે જોડાયેલા સુપરવાઈઝરો તથા કોન્ટ્રાકટરો દ્વારા નીચે મુજબની માહિતી નજીકના પોલીસ સ્ટેશનમાં ફરજિયાત નોંધણી કરાવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

જેથી હું બી.આર.સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ તા.૧૪/૧૧/૨૦૨૫ થી તા.૧૩/૦૧/૨૦૨૬ સુધી કુલ દિન ૬૦ ના સમયગાળા માટે અથવા કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી નીચે મુજબની વ્યવસ્થાનું પાલન કરવા જણાવું છું.

(૧) કોઈપણ સંસ્થા/એકમ તરફથી શ્રમિકો/ કામદારો/રોજગારી મેળવનાર તમામના નામ, સરનામાં/ સંપર્ક નંબર સાથેનું સુવાચ્ય રજીસ્ટર તથા રજીસ્ટરમાં પુરૂષ શ્રમિકો/ કામદારો/રોજગારી મેળવનારનો ડાબા હાથનો અંગુઠો અને સ્ત્રી શ્રમિકો/ કામદારો/રોજગારી મેળવનારનો જમણા હાથના અંગુઠાના નિશાન સાથેનું રજીસ્ટર રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમો નિયમીતપણે નિભાવવાનું રહેશે.

(૨) દરેક શ્રમિકો/ કામદારો/રોજગારી મેળવનારની સંપૂર્ણ ઓળખ, નામ, સરનામું ટેલીફોન/મોબાઈલ નંબર તેમજ તેઓના પરિચિત સગા, સબંધીઓના નામ/સરનામા અને ટેલીફોન/મોબાઈલ નંબરની સંપૂર્ણ સુવાચ્ય વિગતો પણ રજીસ્ટરમાં નોંધવાની જવાબદારી જે તે રોજગારી આપનાર કોઈપણ/સંસ્થા/એકમના માલીકોએ નિયમિતપણે નિભાવવાની રહેશે. ફટાકડાનુ વેચાણ માત્ર લાયસન્સધારક વેપારીઓ ધ્વારા કરવાનુ રહેશે. આ વેપારીઓએ સુપ્રિમ કોર્ટના તા.૨૩/૧૦/૨૦૧૮ ના આદેશ મુજબ પરવાનગી આપવામાં આવેલ ફટાકડાઓનુ જ વેચાણા કરવાનુ રહેશે.

(૩) દરેક શ્રમિકો/ કામદારો/રોજગારી મેળવનારના ઓળખકાર્ડ (ચુંટણીકાર્ડ, ડ્રાઈવીગ લાયસન્સ, આધાર કાર્ડ) વિગેરેની ફોટો કોપી જે તે સંસ્થા એકમ ખાતે સુરક્ષિત રાખવાની રહેશે.

(૪) દરેક શ્રમિકો/ કામદારો/રોજગારી મેળવનારના રજીસ્ટર વ્યવસ્થિત બનાવી, તમામની ફોટો /ઓળખકાર્ડ (ચુંટણીકાર્ડ, ડ્રાઈવીગ લાયસન્સ, આધાર કાર્ડ) સહિતની યાદી રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે અચુક આપવાની રહેશે.

(૫) કામે રાખેલ શ્રમિકો/ કામદારો/રોજગારી મેળવનાર પૈકી છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી ફોટો ઓળખકાર્ડ (ચુંટણીકાર્ડ, ડ્રાઈવીગ લાયસન્સ, આધાર કાર્ડ) સહિત તુરંત જ મદદનીશ શ્રમ આયુકતશ્રી, અમદાવાદ ગ્રામ્યને તથા જે તે વિસ્તારના નજીકના પોલીસ સ્ટેશનને પુરી પાડવાની રહેશે.

(૬) કોઈપણ લેબર કોન્ટ્રાકટરો નોંધણી કરાવ્યા સિવાય ઔદ્યોગિક એકમોને શ્રમિકો/ કામદારો/રોજગારી પુરા પાડી શકશે નહીં, તેવી જ રીતે ઔદ્યોગિક એકમ પણ નોંધણી સિવાયના લેબર કોન્ટ્રાકટરોથી શ્રમિકો/ કામદારો/રોજગારી મેળવી શકશે નહી.

સમયગાળો

આ જાહેરનામું આજ તા. ૧૪/૧૧/૨૦૨૫ ના ૦૦.૦૦ કલાક થી તા.૧૩/૦૧/૨૦૨૬ ના ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રીનાં સુધીનાં હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તા.૧૩/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

વંચાણ:-

(૧) ચીફ ઓફિસરશ્રી, વિરમગામ નગરપાલિકા ના તા.૧૨/૦૮/૨૦૨૪ ના પત્ર NO.VRGNP/0040/08/2024

(૨) પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ નો તા.૨૧/૦૯/૨૦૨૪ નો પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./ભારેવાહન/જાહેરનામું/ અભિપ્રાય/૩૮૧૩/૨૦૨૪

(૩) અત્રેની કચેરીના તા.૧૪/૧૦/૨૦૨૪ ના પત્ર ક્રમાંક. નં.ડીસી/એમએજી/વિરમગામ સીટી વિસ્તાર/ભારે વાહન પ્રતિબંધ/ જાહેરનામું/ મુકિત/એસ.આર.નં.૧૦૦/૨૦૨૪

(૪) અત્રેની કચેરીના તા.૦૨/૦૧/૨૦૨૫ ના પત્ર ક્રમાંક. નં.ડીસી/એમએજી/વિરમગામ સીટી વિસ્તાર/ભારે વાહન પ્રતિબંધ/ જાહેરનામું/ મુકિત/એસ.આર.નં.૦૨/૨૦૨૫

(૫) અત્રેની કચેરીના તા.૨૦/૦૫/૨૦૨૫ ના પત્ર ક્રમાંક. નં.ડીસી/એમએજી/વિરમગામ સીટી વિસ્તાર/ભારે વાહન પ્રતિબંધ/ જાહેરનામું/ મુકિત/એસ.આર.નં.૯૨/૨૦૨૫

(૬) પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ નો તા.૧૫/૦૭/૨૦૨૫ નો પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./ભારેવાહન/જાહેરનામું/ ૫૧૪૫/૨૦૨૫, તા.૦૫/૧૧/૨૦૨૫

(૭) પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ નો તા.૧૫/૦૯/૨૦૨૫ નો પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./ભારેવાહન/જાહેરનામું/ ૬૨૯૧/૨૦૨૫

(૮) પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ નો તા.૧૨/૧૧/૨૦૨૫ નો પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./ભારેવાહન/જાહેરનામું/ ૭૪૧૮/૨૦૨૫

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનો હુકમ

નં.ડીસી/એમએજી/વિરમગામ સીટી વિસ્તાર/ભારે વાહન પ્રતિબંધ/ જાહેરનામું/એસ.આર.નં.૧૯૯/૨૦૨૫.- આમુખ-૧ ની વિગતે વિરમગામ નગરપાલિકાના સામાન્ય સભા ઠરાવ નં-૧૩, તા.૧૨/૦૭/૨૦૨૪ થી શહેરના સીટી વિસ્તારોમાં ભારે વાહનોના પ્રતિબંધ માટે દરખાસ્ત કરવા ઠરાવેલ છે. શહેરના સીટી વિસ્તારમાં ટ્રાફિક તેમજ અકસ્માત બનાવો ન બને તે માટે નગરપાલિકાના ઠરાવ અનુસાર જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે.

આમુખ-૨ થી પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય), અમદાવાદ દ્વારા વિરમગામ સીટીના (૧) રૈયાપુર ત્રણ રસ્તાથી, ભરવાડી દરવાજા, વિરમગામ કોર્ટ, બાબા સાહેબ આંબેડકર રેલવે ઓવરબ્રિજ થઈ પંચમુખી સર્કલ સુધી તથા (૨) ગંગાનગર ત્રણ રસ્તા, રાજીવનગર બાય પાસ, મુનસર થઈ તાલુકા સેવા સદન સુધી તથા (૩) નગરપાલિકા કચેરી, ગોલવાડી દરવાજા થઈ ભરવાડી દરવાજા સુધી તથા (૪) ગોલવાડી દરવાજા થી રેલ્વે સ્ટેશન સુધી તથા (૫) માંડલ ભજીયા (દિનેશ ફરસાણ) થી નીલકી રેલવે ઓવરબ્રિજ (બાબા સાહેબ આંબેડકર રેલવે ઓવર બ્રિજ) સુધી તથા (૬) જુની મીલની ચાલીથી ભરવાડી દરવાજા અને જુની મીલની ચાલી થી કોર્ટ સુધી આ કુલ ૦૬ માર્ગો ઉપરા સવારના ૦૭/૦૦ થી રાત્રીના કલાક ૨૨/૦૦ સુધી ભારે-વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ જાહેર કરવા અને જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જેથી વિરમગામ સીટી વિસ્તારમાં ટ્રાફિક અકસ્માત ના બનાવો ના બને તે માટે ભારે વાહનોના પ્રવેશવા ઉપર પ્રતિબંધ ફરમાવવો ઉચિત જાણતો હોય નીચે મુજબનો હુકમ કરવો આવશ્યક જણાય છે.

આમુખ-૩ થી એક્યુલાઈફ હેલ્થેકેર, ગામ-સચાણાં, તા.વિરમગામ ની ૦૬ સ્ટાફ બસને સદરહું જાહેરનામાંથી મુકિત આપવામાં આવેલ છે.

આમુખ-૪ થી ખેતીવાડી ઉત્પત્ર બજાર સમિતિ વિરમગામ ખાતે કૃષિ પેદાશ લેવા વેચવા માટે આવતા ભારે વાહનોને ગંગાસર ત્રણ રસ્તાથી ખેતીવાડી ઉત્પત્ર બજાર સમિતિ વિરમગામ સુધી છૂટછાટ આપવામાં આવેલ છે.

સબબ હું બી.આર.સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી અન્વયે મળેલ સત્તાની રૂઈએ આથી વિરમગામ સીટીના ઉપરોકત સ્થળો ઉપર ભારે વાહનોના પ્રવેશબંધીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા આથી નીચે મુજબ હુકમ કરું છું.

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

વિરમગામ સીટીના (૧) રૈયાપુર ત્રણ રસ્તાથી, ભરવાડી દરવાજા, વિરમગામ કોર્ટ, બાબા સાહેબ આંબેડકર રેલવે ઓવરબ્રિજ થઈ પંચમુખી સર્કલ સુધી તથા (૨) ગંગાનગર ત્રણ રસ્તા, રાજીવનગર બાય પાસ, મુનસર થઈ તાલુકા સેવા સદન સુધી તથા (૩) નગરપાલિકા કચેરી, ગોલવાડી દરવાજા થઈ ભરવાડી દરવાજા સુધી તથા (૪) ગોલવાડી દરવાજા થી રેલ્વે સ્ટેશન સુધી તથા (૫) માંડલ ભજીયા (દિનેશ ફરસાણ) થી નીલકી રેલવે ઓવરબ્રિજ (બાબા સાહેબ આંબેડકર રેલવે ઓવર બ્રિજ) સુધી તથા (૬) જુની મીલની ચાલીથી ભરવાડી દરવાજા અને જુની મીલની ચાલીથી કોર્ટ

જાહેરનામા મુજબ પ્રતિબંધિત કૃત્યો

ઉપરોકત પ્રતિબંધિત વિસ્તારોમાં તમામ પ્રકારના મોટા/ભારે ફોરવ્હિલ વાહનો અને તેનાથી વધુ વ્હિલવાળા વાહનો જેવા કે મીની ટેમ્પો, મીની ટ્રક, ટ્રકોને પ્રવેશવા ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરવામાં આવે છે.

જાહેરનામા મુજબ અપવાદ

ઉપરોકત પ્રતિબંધિત વિસ્તારોમાં સરકારી વાહનો/સરકારી કામેપ રોકાયેલ વાહનો, આકસ્મિક સંજોગોને પહોંચી વળવા ઉપયોગમાં લવાતા વાહનો જેવા કે એમ્બ્યુલન્સ, અગ્નિશામક વાહન તેમજ ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ભારે વાહનો કે જે સરકારશ્રી ની વિવિધ પોષણલક્ષી યોજનાઓ જેવી કે મધ્યાહન ભોજન યોજના, એ.પી.એલ/ બી.પી.એલ/ અંત્યોદયકાર્ડ ધારકો તેમજ અન્ય યોજનાઓમાં વિતરણ કરવાનું અનાજના ટ્રાન્સપોર્ટેશન માટે ઉપયોગમાં લેવાતા ભારે વાહનો, એક્યુલાઈફ હેલ્થકેર, ગ્રામ-સચાણા, તા.વિરમગામ ની આમુખ-૩ થી મુકિત આપેલ ૦૬ સ્ટાફ બસો ઉપર પ્રતિબંધ લાગુ પડશે નહી. તેમજ આમુખ-૪ થી ખેતીવાડી ઉત્પત્ર બજાર સમિતિ વિરમગામ ખાતે કૃષિ પેદાશ લેવા વેચવા માટે આવતા ભારે વાહનોને ગંગાસર ત્રણ રસ્તાથી ખેતીવાડી ઉત્પત્ર બજાર સમિતિ વિરમગામ સુધી છૂટછાટ આપવામાં આવેલ છે.

જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

આ હુકમ તા.૧૭/૧૧/૨૦૨૫ થી તા.૧૬/૦૧/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે દરરોજ સવારના ૦૭:૦૦ કલાકથી રાત્રીના ૨૨:૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ (ગ્રામ્ય) વિસ્તારમાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તા.૧૩/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ અન્વયેનો હુકમ

નં.ડીસી/એમએજી/મકરસંક્રાતિ/જાહેરનામું/એસ.આર./૨૦૦/૨૦૨૫.- આગામી તા.૧૪/૦૧/૨૦૨૬ના રોજ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં મકરસંક્રાતિ (ઉત્તરાયણ) પર્વની ઉજવણી થનાર છે. આ પર્વને અનુલક્ષીને પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હકુમત સિવાયનો અમદાવાદ શહેરની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં જાહેરમાર્ગો / રસ્તાઓ કે મકાનના ધાબા ઉપર ચડીને ભયજનક રીતે લોકો પતંગ ઉડાડતો હોય છે. જેને લઈને વ્યકિતઓની જાનને જોખમ ઉભું થવાની સંભાવના રહેલી છે. આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબજ મોટા અવાજમાં લાઉડસ્પીકર વગાડતાં હોય છે. આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડતા હોય છે. કેટલાક લોકો જાહેર માર્ગો ઉપર પતંગ ઉડાડતા હોય છે. તેમજ કપાયેલા પતંગો દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ વાંસના બંબુઓ, લાંબી વાસની પટટીઓ, લોખંડના કે કોઈપણ ધાતુના તારના લંગર બનાવી લઈને આમતેમ શેરીઓ, ગલીઓ જાહેર રસ્તાઓ ઉપર દોડાદોડી કરતા હોય છે. જેના કારણે ટ્રાફીક અવરોધ કરતા હોય છે. તેમજ રસ્તા ઉપર ગલીઓમાં ટેલીફોન/ ઈલેકટ્રીકના તાર ઉપર વાંસડાઓમાં લોખંડ કોઈપણ ધાતુના તારના લંગર નાખી ટેલીફોન/ઈલેકટ્રીકના બે તારમાં ભરાયેલા પતંગ કાઢવાના પ્રયત્ન કરે, જેના કારણે ટેલીફોન/ઈલેકટ્રીકના બે તાર ભેગા થવાથી શોર્ટસર્કીટના કારણે તાર તુટી જવાના કારણે અકસ્માતો સર્જવાના ગંભીર બનાવ હોય છે. તેમજ આ પર્વના દિવસે પોલીસ કમીશનરશ્રી અમદાવાદ શહેર ની હુકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાના સમગ ગ્રામ્ય વિસ્તારમાં જાહેર માર્ગો ઉપર ઘાસચારાનું વેચાણ થતું હોય છે. અને આમ જનતા દવારા આ ઘાસચારો ખરીદ કરીને જાહેર રસ્તા ઉપર ગાયોને નાખતા હોય છે, જેને અનુલક્ષીને જાહેરમાર્ગો ઉપર ગાયો તથા બીજા પશુઓ દવારા ટ્રફીક અવરોધ પેદા થાય છે. ઘણા લોકો પતંગ ઉડાડવા માટે માંઝા, કે જે નાઈલોન અથવા અન્ય સિન્થેટીક મટીરીયલ અથવા સિન્થેટીક પદાર્થથી કોટેડ કરેલ હોય અને નોન બાયો ડીગ્રેડેબલ હોય તેવા ચાઈનીઝ દોરાના ઉપયોગ કરતા હોય છે. આ ચાઈનીઝ દોરાઓ એકદમ ધારદાર હોવાને કારણે કોઈ વ્યકિતને શરીરના કોઈ ભાગ ઉપર ઘસાવાથી શરીર ઉપર તીક્ષ્ણ કાપાઓ પડે છે. જેના કારણે શારીરિક ગંભીર ઈજાઓ થવાના અને કયારેક અંગો કપાઈ જવાના તેમજ કેટલાક સજોગોમાં ઈજાગસ્ત વ્યકિતનું મોત નિપજ્યા સુધીના ગંભીર બનાવો પણ બનતા હોય છે. તેમજ પક્ષીઓને ઈજાઓ થવાના અને તેના મોતનો બનાવો પણ બને છે. આ પર્વ નિમિત્તે અમદાવાદ જિલ્લામાં ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન ખુબજ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. તુક્કલમાં હલકી ક્વોલીટીના સળગી જાય તેવા વેક્સ પદાર્થોના કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે. તેમજ સળગતી તુક્કલ ગમે ત્યાં પડવાને કારણે જાનમાલ અને સંપતિને નુકશાન થાય છે.

જાહેર જનતાની સલામતી કાયદો અને વ્યવસ્થાની જાળવણી હેતુસર તેમજ સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ ગાઈડલાઈનનું ઉત્તરાયણના તહેવાર દરમ્યાન સંપૂર્ણ પાલન થાય, તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના આદેશોને આધિન ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્નના ઉત્પાદન, વેચાણ અને ઉડાડવા ઉપર તથા નાઈલોન અથવા અન્ય સિન્થેટીક મટીરીયલ અથવા સિન્થેટીક પદાર્થથી કોટીંગ, ગ્લાસ કોટોડ ગ્રેડ કરેલ હોય અને નોન બાયો ડીગ્રેડેબલ હોય તેવા ચાઈનીઝ દોરોના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ કરવા ઉપર હંગામી પ્રતિબંધ માટે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ના ૨૨ માં અધિનિયમની કલમ ૩૩(૧)(ખ), ૩૩(૧)(ભ), ૧૧૩ મુજબ તેમજ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૧૬૩ મુજબ મને મળેલ સત્તા હેઠળ પ્રતિબંધ મુકતું જાહેરનામું બહાર પાડવું જરૂરી હોય, જેથી નીચે મુજબનો પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

આથી હું બી.આર.સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩ તથા ૩૭ હેઠળ તેમજ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ જિલ્લાના પોલીસ કમીશનરશ્રી અમદાવાદ શહેર ની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાના વિસ્તારો માટે નીચે દર્શાવેલ કૃત્યો ઉપર નીચે મુજબ પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(૧) કોઈ પણ વ્યકિતએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ રસ્તા/ફૂટપાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાડવા ઉપર

(૨) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ-સ્પીકર વગાડવા ઉપર

(૩) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડવા ઉપર

(૪) ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ, વાંસના બંબૂઓ, લાંબી વાંસની પટ્ટીઓ, લોખંડના કે કોઈપણ ધાતુના તારના લંગર બનાવી આમ-તેમ શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડા-દોડી કરવા ઉપર

(૫) રસ્તો ઉપર ગલીઓમાં ટેલીફોન /ઈલેક્ટ્રીકના બે તાર (વાયરો) ભેગા થવાની શોર્ટ સર્કિટના કારણે તાર તૂટી જવાથી અકસ્માતો સર્જાય ગંભીર બનાવો બનતાં હોય છે, જેથી ટેલીફોન કે ઈલેક્ટ્રીકના તાર ઉપર વાંસડાઓમાં લોખંડ કે કોઈપણ ધાતુના તાર લંગર (દોરી) નાખવા ઉપર તેમજ તેમાં ભરાયેલ પતંગ દોરી કાઢવા ઉપર

(૬) જાહેર માર્ગો ઉપર કોઈપણ વ્યકિતઓ દ્વારા જાહેરમાં ઘાસચારાનું વેચાણ કરવા ઉપર અને આમ-જનતા દ્વારા આ ઘાસચારો ખરીદ કરીને જાહેર રસ્તા ઉપર ગાયો/પશુઓને ઘાસચારો નાખી ટ્રાફિક અવરોધ ઉભો કરવા ઉપર

(૭) પ્લાસ્ટિક/પાકા સિન્થેટિક મટીરીયલ ટોકિસક મટીરીયલ, કાચ પાવડર તથા અન્ય હાનિકારક પદાર્થોને ઉપયોગ કરી તૈયાર કરેલ તથા નોન-બાયોડીગ્રેડેબલ હોય તેવી દોરી/નાયલોન/ચાઈનીઝ માંઝાના પાકા દોરી તથા પ્લાસ્ટિક ચાઈનીઝ બનાવટના ચાઈનીઝ દોરાના ઉત્પાદન, આયાત, ખરીદ વેચાણ, સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ કરવા ઉપર / દોરાના ઉપયોગ કરી પતંગ ઉડાડવા ઉપર

(૮) ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન સ્કાય લેન્ટર્નના ઉત્પાદન, આયાત, ખરીદ વેચાણ, સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ કરવા ઉપર/ઉડાડવા ઉપર.

(૯) રસ્તા કાગળમાંથી બનેલા સ્કાય લેન્ટર્ન, કે જેમાં મીણના ચોસલા બળતણ તરીકે વપરાય છે તેવા તુક્કલ તથા તે માટેની જરૂરી સામગ્રીનો કોઈપણ વેપારી-વ્યકિત કે સંસ્થાએ ખરીદ, વેચાણ, સંગ્રહ, બક્ષીસ, ભેટ કે ઉપયોગ કરવો નહી તથા આવા સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ) ઉડાડવા નહી.

(૧૦) ચાઈનીઝ માંઝા/ નાયલોન/ પ્લાસ્ટિક દોરી, સિન્થેટીક પદાર્થથી કોટીગ કરેલ હોય, અને નોન-બાયોડીગ્રેબલ હોય તેવી દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોનો ઉપયોગ કરવો નહી તથા તે માટેની જરૂરી સામગ્રીનો કોઈપણ વેપારી-વ્યકિત કે સંસ્થાએ ખરીદ, વેચાણ, સંગ્રહ, બક્ષીસ, ભેટ કે ઉપયોગ કરવો નહી.

(૧૧) નામદાર સુપ્રીમકોર્ટ/ હાઈકોર્ટ તથા NGT ની સુચનાઓ અન્વયે ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન, ચાઈનીઝ તુક્કલ, સ્કાય લેન્ટર્ન, સિન્થેટીક/કાચ પાયેલા માઝાં, પ્લાસ્ટીક દોરી વિગેરે પર પ્રતિબંધ રહેશે. આ અંગે ગૃહ વિભાગના તા.૦૬/૦૧/૨૦૨૨ ના પત્ર ક્રમાંક : વિ-૨/ડી.એસ.એમ/૧૩૨૦૧૬/ હા.કો.૦૨(પા.ફા), અને તા.૧૭/૦૯/૨૦૨૫ના પરીપત્ર ક્રમાંક : HD/MIS/e-file/8/2025/0778/SB2 થી અપાયેલ સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનું રહેશે.

વિસ્તાર

પોલીસ કમીશનરશ્રી અમદાવાદ શહેર ની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો વિસ્તાર

અમલવારીનો સમય

આ જાહેરનામું તા.૧૭/૧૧/૨૦૨૫ના ૦૦.૦૦ કલાક થી ૧૬/૦૧/૨૦૨૬ ના ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

અમદાવાદ ગ્રામ્ય વિસ્તારના હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ કર્મચારી/ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ -૨૬૩ મુજબ લેખિત ફરીયાદ નોંધાવવા માટે અધિકૃત કરવામા આવે છે.

આજ તા.૧૩/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ બહાર પાડવામાં આવ્યો.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયેનો હુકમ

જાહેરનામું

નં.ડીસી/પીઓએલ/એમએજી/સભા સરઘસ/એસ.આર.-૨૦૧/૨૦૨૫.- આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવથાની જાળવણી માટે હું બી.આર.સાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તા.૧૮/૧૧/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૦૨/૧૨/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ અગર કોઈ સભા કરવી કે બોલાવવી નહી તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર :- અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

ખુલાસો :- આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

અપવાદ :- આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય અથવા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ ૧૩૫ (૧) મુજબ શિક્ષાને પત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ ૧૩૫ (૧) મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામા આવે છે.

આ હુકમ તા.૧૮/૧૧/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી ૦૨/૧૨/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૧૩/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયેનો હુકમ

જાહેરનામું

નં.ડીસી/પીઓએલ/એમએજી/શસ્ત્રો/હથિયાર/એસ.આર.-૨૦૨/૨૦૨૫.– આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી વાસ્તે હું બી.આર.સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂઈએ નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઈપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળુ પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક, શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઈ ફરમાવું છું તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવા ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની,

(૨) કોઈપણ રીતે શરીરને હાનીકારક એવી કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અથવા પેટાવલી મશાલ સરઘસ સાથે રાખવાની

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાદ્ય વગાડવાની

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી, અથવા નકલ કરવાની તથા ચિત્રો નિશાનીઓ જાહેરખબરો, અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર.

અપવાદ

આ હુકમનો નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરો અથવા કામગીરીમાં હોય તેમજ ઉપરી અધિકારીશ્રીએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય. તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિ. સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિં.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓએ જેને શારીરિક અશક્તિ કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫ (૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે

અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજજાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામેગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫ (૧) મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૧૮/૧૧/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી ૦૨/૧૨/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજરોજ તારીખ ૨૧મી ડિસેમ્બર, ૨૦૦૨નાં રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

બી.આર.સાગર
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અમદાવાદ

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું ::

નં.એમએજી/ડાવર્ઝન/વશી.૮૮૭૮ થી.૮૯૧૨/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય. સુરતએ તા.૧૩/૧૧/૨૦૨૫ના પત્રથી જણાવેલ છે કે, આગામી તા.૧૫/૧૧/૨૦૨૫ના રોજ માન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી માહેબનાઓ મોજે.અંત્રોલી તા.પલસાણા ખાતે બુલેટ ટ્રેન સ્ટેશનની મુલાકાત અર્થે પધારનાર છે. માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનાઓ Z+ અને SPG સુરક્ષા કવચ ધરાવે છે. મહાનુભાવશ્રી સુરત એરપોર્ટ થી હેલીકોપ્ટર મારફતે નિયોલ ગામ ખાતે આવેલ હેલીપેડ ઉપર પધારી બાય રોડ બુલેટ ટ્રેન સ્ટેશન ખાતે પધારનાર છે. મહાનુભાવશ્રીના કન્ટીજન્સી રૂટ માટે નેશનલ હાઈવે-૪૮ તથા ૫૩ નો ઉપયોગ કરવામાં આવનાર છે. જેથી મહાનુભાવશ્રીની મુવમેન્ટ દરમ્યાન ટ્રાફિક જામ જેવી સમસ્યાઓ ન સર્જાય તે માટે નેશનલ હાઈ-વે તથા મહાનુભાવશ્રીના પ્રવાસમાર્ગો ઉપરના ટ્રાફિકને ડાઈવર્ટ કરવો અનિવાર્ય છે. જેથી મહાનુભાવશ્રી તથા અન્ય વી વી આઈ.પી.શ્રીઓ તેમજ મહાનુભાવશ્રીની ફરજમાં રોકાયેલ વાહન સિવાયના અન્ય વાહનની મુવમેન્ટ ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવા વિનંતી કરેલ છે.

વાસ્તે, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું વિજય રબારી, (જી.એ.એસ.) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત તા.૧૫/૧૧/૨૦૨૫ના ૬.૦૭/૦૦ થી ૧૪/૦૦ દરમ્યાન દરમ્યાન નીચે જણાવેલ માર્ગ બંધ કરી, તેના પરથી પસાર થતો ટ્રાફિક તેની સામે જણાવેલ વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા આથી હુકમ કરું છું.

ક્રમ	ડાયવર્ઝનની વિગત	ડાયવર્ઝન આપેલ રૂટ
૧	નેશનલ હાઈ-વે ૪૮ (અમદાવાદ -મુંબઈ) તથા નેશનલ હાઈ વે ૫૩ (હજીરા બારડોલી રોડ) ઉપરથી પલસાણા ચાર રસ્તા થઈ ભાટીયા ચેકપોસ્ટ થી હજીરા તરફ જતો રોડ ભારે વાહનો માટે બંધ રહેશે.	પલસાણા ચોકડી ઉપર ઉપરોકત બન્ને હાઈ-વે રોડ ઉપરથી આવતા ભારે વાહનો કામરેજ પો.સ્ટે. વિસ્તારમાં આવેલ રાજ હોટલ થઈ હજીરા તરફ જઈ શકશે.
૨	કડોદરા ચાર રસ્તાથી સુરત શહેર તરફ જતા વાહનો માટે આ રસ્તો બંધ રહેશે.	આવા તમામ વાહનો ચલથાણ કેનાલ રોડ થઈ એન્થેમ સર્કલ થઈ સુરત શહેરમાં જઈ શકશે.
૩	નેશનલ હાઈ-વે-૪૮ ઉપર (મુંબઈ-અમદાવાદ રોડ ઉપર) સી. એન.જી કટ પાસેથી નિયોલ થઈ સુરત શહેર તરફ જતા વાહનો માટે આ રસ્તો બંધ રહેશે.	આ વાહનો નેશનલ હાઈ-વે-૪૮ ઉપર ચલથાણ-ડીંડોલી નહેર રોડ થઈ સુરત શહેરમાં જઈ શકશે.
૪	ચલથાણ થી નિયોલ આવતા વાહનો માટે નિયોલ ગામ ખાતે આવતો રોડ બંધ રહેશે.	આ વાહનો નેશનલ હાઈ-વે ૪૮ ઉપર ચલથાણ-ડીંડોલી નહેર રોડ થઈ નિયોલ ગામ ખાતે જઈ શકશે.
૫	બુલેટ ટ્રેન સ્ટેશનથી મામાદેવ મંદિર તરફ થી વાંકાનેડા ગામ તરફ જતો રોડ બંધ રહેશે.	આ રૂટ પર આવતા વાહનો વરેલી થી વાંકાનેડા ગામ જઈ શકશે.

ઉક્ત જણાવેલ ડાયવર્ઝન વાળી જગ્યાએ ડાયવર્ઝન રૂટ અંગેની દિશા દર્શાવતા બોર્ડ લગાવવા અંગે પ્રોજેકટ ડાયરેકટરશ્રી, નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડીયા, સુરત અને કાર્યપાલક ઈજનેરશ્રી. મા.મ. વિભાગ-૨, સુરતનાઓએ નિયમાનુસાર વ્યવસ્થા કરવાની રહેશે. જો તેમ કરવામાં ચુક થશે અને કોઈ આકસ્મિક ઘટના બનશે તો તેની સમગ્ર જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૩/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવેલ છે.

વિજય રબારી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
સુરત.

જાહેરનામું

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (બી.એન.એસ.એસ.ની કલમ-૧૬૩) અન્વયેનું :-

નં.એમએજી/ચાયનીઝ તુક્કલ/વશી.૯૦૧૧ થી ૯૦૪૫/૨૦૨૫.-સંયુકત સચિવશ્રી (કા.વ્ય.) ગૃહ વિભાગ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગરના પરિપત્ર નં.HD/MIS/e-file/8/2025/0778/SB2 Dt.17/09/2025 થી જણાવેલ છે કે, નામ. ગુજરાત હાઇકોર્ટ સમક્ષની રીટ પીટીશન(PIL) નં.૨૫૩/૨૦૧૬ કેસમાં નામ. કોર્ટના તા.૧૩/૦૧/૨૦૧૭ના આદેશ અનુસાર પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેડ દોરી (જેને હવે પછી "પ્રતિબંધિત સાધનસામગ્રી" તરીકે દર્શાવેલ છે) નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ મુકવા જાહેરનામું પ્રસિદ્ધ કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

વાસ્તે, હું ડી. ડી. શાહ. ઈન્ચાર્જ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો માટે પ્રતિબંધ ફરમાવું છું.

-: પ્રતિબંધિત કૃત્યો :-

ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેડ દોરી (જેને હવે પછી "પ્રતિબંધિત સાધનસામગ્રી" તરીકે દર્શાવેલ છે) નું આયાત, ઉત્પાદન, વેચાણ, સંગ્રહ ઉપર

-: પ્રતિબંધિત વિસ્તાર :-

સુરત ગ્રામ્ય વિસ્તાર (પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરના અધિકારક્ષેત્ર સિવાય)ની હદ વિસ્તાર

-: અમલવારીનો સમય :-

આ હુકમ તા.૨૭/૧૧/૨૦૨૫ કલાક:૦૦/૦૦ થી તા.૨૭/૧૨/૨૦૨૫ કલાક:૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

-: શિક્ષા :-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત જીલ્લા(ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તારીખ:-૨૭/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો છે.

ડી.ડી.શાહ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
સુરત.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે.

નં.ડીસીબી.એમએજી/જીપીએ/૨જી.૧૦૯/વશી.૧૧૨૩૦ થી ૧૧૨૮૨/૨૦૨૫.-ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું મહિપાલસિંહ ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, આગામી સમયમાં દેવ દિવાળી તહેવાર તથા ગુરુનાનક જયંતિની ઉજવણી થનાર હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૩૧/૧૦/૨૦૨૫ની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તા.૦૩/૧૧/૨૦૨૫ થી તા.૧૭/૧૧/૨૦૨૫ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ચપ્પુ, છરા અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિત.

(૩) સરકારશ્રી દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમો કે અભિયાન.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ: ૦૩/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ:-

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૩) અન્વયે.

નં.ડીસીબી/એમએજી/જીપીએ/૨જી.૧૧૦/વશી. ૧૧૨૮૩ થી ૧૧૩૩૫/૨૦૨૫.-ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું મહિપાલસિંહ ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, આગામી સમયમાં દેવ દિવાળી તહેવાર તથા ગુરુનાનક જયંતિની ઉજવણી થનાર હોય જેથી પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૩૧/૧૦/૨૦૨૫ની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું મહિપાલસિંહ ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને -૧૯૫૧ નો ૨૨ માં)ની કલમ - ૩૭ ની પેટા કલમ - ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તા.૦૩/૧૧/૨૦૨૫ થી તા.૧૭/૧૧/૨૦૨૫ સુધી અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં કે દેખાવ કરવા નહીં.

આ હુકમ સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓ તથા સરકારશ્રી દ્વારા આયોજીત કાર્યક્રમો તથા અભિયાનને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આથી હું મહિપાલસિંહ ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ફરમાવું છું કે, આ હુકમની વર્તમાનપત્રો દ્વારા તેની જાહેરાત કરી બહોળી પ્રસિધ્ધ કરવી.

આજ તારીખ: ૦૩/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

-:: ટ્રાફીક નિયમન અંગે પ્રતિબંધ/ડાયવર્ઝન અંગેનું જાહેરનામું ::-

નં.ડીસીબી/એમએજી/ડાયવર્ઝન /૨જી.નં.૧૧૧/૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, (મા.મ.) વિભાગ, સ્ટેટ, વલસાડના પત્ર જા.નં.પીબી-૩/૨૦૨૧/૨૦૨૫, તા.૦૪/૧૧/૨૦૨૫ ના પત્રથી ધરમપુર આવધા રોડ કિ.મી. ૦૦/૦૦ થી ૧૧/૦૦ પર વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સરઈ ગામ ચાર રસ્તા ખાતે ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી જનજાતિય ગૌરવ વર્ષ નિમિત્તે "જનજાતિય ગૌરવ રથયાત્રા" ના આયોજન અર્થે ધરમપુર ખાતે બજાર વિસ્તારમાં હાથીખાના જંકશન પાસે સ્થળ નક્કી થયેલ છે જેથી સદર જગ્યાએ સ્ટેજ, મંડપ તેમજ અન્ય આનુસાંગિક વ્યવસ્થા કરવાની હોવાથી નીચે જણાવેલ વિગતે વાહનોનો ટ્રાફિક ડાયવર્ઝન આપવા અંગેનું જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત ધ્યાને લેતા જાહેર જનહિતમાં ટ્રાફિક નિયમન અને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે દરખાસ્તમાં જણાવ્યા મુજબના રસ્તાઓ ઉપર વાહનોના અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ જાહેર કરી ડાયવર્ઝન આપવું હિતાવહ જણાય છે.

વાસ્તે, હું મહિપાલસિંહ ચુડાસમા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ ની પેટા કલમ-૧ (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ, કાર્યપાલક ઈજનેરશ્રી (મા×મ) વિભાગ, વલસાડની દરખાસ્ત મુજબ વાહનો માટે આવન-જાવન માટે પ્રતિબંધ મુકવાનું આવશ્યક જણાતાં ટ્રાફિક નિયમન અને કાયદો અને વ્યવસ્થાને લક્ષમાં રાખી આથી નીચે જણાવ્યા અનુસારનું જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

ક્રમ	અમલવારીની તારીખ	પ્રતિબંધિત માર્ગ	ડાયવર્ઝનની વિગત
૧	તા.૦૬/૧૧/૨૦૨૫ અને તા.૦૭/૧૧/૨૦૨૫	ધરમપુર આવધા રોડ કિમી. ૦/૦ થી ૦/૬૫ તા.ધરમપુર જિ.વલસાડ (હાથીખાના જંકશનથી બીલપુડી એન.એચ.૫૬ જંકશન)	ધરમપુર બજાર વિસ્તારમાં આવધા, બિલ્ધા, ધામણી તરફથી આવતા વાહનો બીલપુડી એન.એચ.૫૬ જંકશન થી આસુરા જંકશન થી ધરમપુર બજાર તરફ આવન-જાવન કરી શકશે.
૨	તા.૦૭/૧૧/૨૦૨૫ ના રોજ બપોરના ૧૬.૦૦ કલાક થી રાત્રિના ૨૨:૦૦ કલાક સુધી	વાપી મોટાપોંઢા ધરમપુર રોડ કિ.મી.૪૧/૬ થી ૪૨/૨, તા.ધરમપુર જિ.વલસાડ (લંબાઈ ૬૦૦ મીટર) (હાથીખાના જંક્શનથી એચ.પી. પેટ્રોલ પંપ એન.એચ.૫૬ જંકશન)	ધરમપુર બજાર વિસ્તારમાં વાપી, મોટાપોંઢા અને નાનાપોંઢા તરફથી આવતા વાહનો બીલપુડી એન એચ. ૫૬ જંકશન થી આસુરા જંકશન થી ધરમપુર બજાર તરફ આવન-જાવન કરી શકશે.

નોંધ :-

કાર્યપાલક ઈજનેરશ્રી (મા.મ.) વિભાગ, સ્ટેટ, વલસાડએ રસ્તાના બન્ને છેડે વાહનો પ્રવેશી ન શકે તે માટે જરૂરી આડશો (બેરીકેટીંગ) કરી બન્ને છેડે વાહનો માટે પ્રતિબંધના બોર્ડ લગાવવાની વ્યવસ્થા કરવાની રહેશે તથા સ્થાનિક પોલીસ સ્ટેશનેથી જરૂરી ટ્રાફીક નિયમન કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

ઉપરોકત નિર્ણય જાહેર જનહિતમાં ટ્રાફિક નિયમન અને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે જાહેર કરવાનું ઉચિત જણાયેલ છે.

આજ તા.૦૪/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

-:: જાહેરનામું ::-

-::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયેનું.

નં.ડીસીબી/એમએજી/૨જી.૧૧૨/વશી.૧૧૬૬૭ થી ૧૧૭૩૬/૨૦૨૫.-વલસાડ જિલ્લામાં હિન્દુ સંસ્કૃતિ અને પરંપરા પ્રમાણે જુદા જુદા તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. જે મુજબ વર્ષ-૨૦૨૬ના જાન્યુઆરી માસમાં તા.૧૪મીના રોજ મકરસંક્રાતિના તહેવારોની દરેક સંપ્રદાયના ભાઈ, બહેનો દ્વારા ઉજવણી કરવામાં આવનાર છે. આ તહેવારની ઉજવણી દરમ્યાન કેટલાક શહેરો/નગરોમાં તેમજ ગ્રામ્ય કક્ષાએ પતંગ મહોત્સવ તથા અન્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ તહેવાર દરમ્યાન કેટલાક વેપારીઓ ચાઈનીઝ તુક્કલ/લેન્ટર્ન, ચાઈનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયલોન થ્રેડ દોરીનું ઉત્પાદન, વેચાણ તથા સંગ્રહ કરતા હોય છે. જે ચાઈનીઝ તુક્કલ/લેન્ટર્ન ઉડાડવાના કારણે તે સળગીને ગમે તે વિસ્તારમાં પડવાના કારણે જાહેર જનતા, પશુ-પક્ષી, જાહેર/ખાનગી માલ મિલ્કત તેમજ પર્યાવરણને નુકશાન થવાની શક્યતા રહેલી છે, તેમજ પ્લાસ્ટીકની દોરીના ઉપયોગથી પશુ-પક્ષીઓ તેમજ માનવીને જાનહાનિ થવાનો સંભવ રહેલ છે. જેના કારણે આવા બનાવો બનતા અટકાવવા સરકારશ્રીના ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક: HD/MIS/e-file/8/2025/0778/SB2, તા.૧૭/૦૯/૨૦૨૫ થી ઉપરોક્ત સાધનસામગ્રીના ઉત્પાદન, વેચાણ તથા સંગ્રહ કરવા પર પ્રતિબંધ મુકતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા સુચના મળેલ છે. જે પરિપત્ર મુજબ મકરસંક્રાતિ/ઉત્તરાયણના તહેવાર દરમ્યાન સમગ્ર જિલ્લામાં ચાઈનીઝ તુક્કલ/લેન્ટર્ન, ચાઈનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયલોન થ્રેડ દોરી (જેને હવે પછી "પ્રતિબંધિત સાધનસામગ્રી" તરીકે દર્શાવેલ છે.) ના ઉત્પાદન, વેચાણ તથા સંગ્રહ કરવા પર પ્રતિબંધ મુકવા અંગે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું થાય છે.

સરકારશ્રીના ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક: HD/MIS/e-file/8/2025/0778/SB2, તા.૧૭/૦૯/૨૦૨૫ માં જણાવેલ વિગતે નામ. હાઈકોર્ટ તરફથી રીટ પીટીશન (પી.આઈ.એલ.) નં.૨૦/૧૫ માં તા.૨૨-૧૨-૨૦૧૫ના હુકમથી તથા અન્ય રીટ પીટીશન (પી.આઈ.એલ.) નં.૨૫૩/૧૬માં નામ.ગુજરાત હાઈકોર્ટના તા.૧૩-૦૧-૨૦૧૭ના હુકમથી ચાઈનીઝ તુક્કલ/લેન્ટર્ન, ચાઈનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયલોન થ્રેડ દોરી (જેને હવે પછી "પ્રતિબંધિત સાધનસામગ્રી" તરીકે દર્શાવેલ છે.) ના ઉત્પાદન, વેચાણ

તથા સંગ્રહ કરવા પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તેમજ નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, નવી દિલ્હીના ઓરીજનલ એપ્લીકેશન નં.૩૮૪/૧૬ તથા ૪૪૨/૨૦૧૬, ખાલીદ અશરફ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્યોના કેસમાં તા.૧૧-૭-૨૦૧૭ના હુકમથી આપેલ ડાયરેકશન અન્વયે પતંગ ચગાવવા નાયલોન અથવા અન્ય સીન્થેટીક માંઝા, સીન્થેટીક પદાર્થથી કોટીંગ હોય અને નોન - બાયોડીગ્રેબલ હોય તેવી દોરી/ચાઈનીઝ માંજા પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. જેથી ઉપરોક્ત સુચના મુજબ અગમચેતીના પગલા રૂપે સાવચેતી તથા તકેદારીના પગલા લેવા ના હેતુસર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે જણાવ્યા મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી છે.

વાસ્તે હું મહિપાલસિંહ ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે મને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ કૃત્યો કરવા પર વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૧૭/૧૧/૨૦૨૫ અને તા.૧૭/૦૧/૨૦૨૬ (બંન્ને દિવસો સહિત) સુધી પ્રતિબંધ ફરમાવું છું.

-:: પ્રતિબંધિત કૃત્યો ::-

(૧) મકરસંક્રાતિ દરમ્યાન સમગ્ર વલસાડ જિલ્લામાં વેપારીઓ તથા આમજનતાએ પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાઈનીઝ તુક્કલ/લેન્ટર્ન, ચાઈનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયલોન થ્રેડ દોરી અને નોન - બાયોડીગ્રેબલ હોય તેવી દોરીનું ઉત્પાદન, સંગ્રહ/વેચાણ કરવું નહિ.

પરંતુ સરકારશ્રીના ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક: HD/MIS/e-file/8/2025/0778/SB2, તા.૦૭/૧૧/૨૦૨૫ થી મળેલ સુચના મુજબ આ બાબતે નામ.ગુજરાત હાઈકોર્ટના તા.૧૦/૧૦/૨૦૨૫ ના હુકમ અન્વયે થયેલ સ્પષ્ટીકરણ મુજબ "પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચોખાના લોટ, મેંદા, છોડ આધારિત ગુંદર અને અન્ય સમાન કુદરતી ઘટકો જેવા કુદરતી એડહેસિવની મદદથી કાચના પાવડરનું કોટિંગ કરેલ ઓછી તિક્ષ્ણ શક્તિ ધરાવતો કોટનનો માંજો, જે સંપૂર્ણપણે તૂટી શકે તેવો હોય અને પરંપરાગત પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવેલ હોય તથા તેમાં તમામ ઘટકો બાયો-ડિગ્રેડેબલ પદાર્થો હોવા જોઈએ તથા કોટનના દોરા પર કોટિંગ માટેનો કાચનો પાવડર ૧૦% થી વધુ ન હોવો જોઈએ, જ્યારે ઉકાળેલા ચોખાનો સ્ટાર્ચ ૩૦%, મેંદો ૩૬%, કુદરતી ગુંદર અને રંગ ૨૪% કોટેડ સામગ્રીનો હોઈ શકે તથા કાચનો પાવડર, જે કોટિંગ પદાર્થનો ૧૦% હોઈ શકે છે. પરંતુ તે કોટનના માંજાના કુલ વજનના ૦.૫% થી વધુ ન હોવું જોઈએ તેવા કોટનનો માંજો/દોરી વાપરી શકાશે. "

(૨) જાહેર/માર્ગો રસ્તાઓ ઉપર પતંગ ઉડાડવો નહિં તથા કપાયેલા પતંગો અને દોરા વિગેરે મેળવવા હાથમાં લાંબા ઝંડા, વાંસ વિગેરે લઈ જાહેર રસ્તાઓ, ગલીઓ, શેરીઓમાં દોડા - દોડી કરવું નહિં.

(૩) રસ્તાઓ તથા રેલ્વે લાઈન નજીક તથા ગલીઓમાં ઈલેકટ્રીક તથા ટેલીફોનના વાયરો નજીક આવી પતંગો ઉડાડવા તથા ભેરવાયેલા પતંગ ઉતારવાના પ્રયત્નો કરે તો બે ઈલેકટ્રીકના વાયરો ભેગા થવાથી શોર્ટ સર્કિટ તથા આગ - અકસ્માતના બનાવો બનવાની સંભાવના રહેલી હોય આવા કૃત્યો કરવા નહિં.

(૪) વલસાડ બહારથી આવી ઉપરોક્ત મુજબની પ્રતિબંધિત સાધન સામગ્રી વેચનાર વેપારીઓને પણ આ હુકમ લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવત પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ : ૧૫/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

હુકમ:-

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૧) અન્વયે.

નં.ડીસીબી.એમએજી/જીપીએ/૨જી.૧૧૩/વશી. ૧૧૭૪૪ થી ૧૧૭૯૯/૨૦૨૫.-ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૧) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું મહિપાલસિંહ ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૧૫/૧૧/૨૦૨૫ની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ જરૂરી જણાતાં ફરમાવું છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ સમય માટે તા.૧૮/૧૧/૨૦૨૫ થી તા.૦૨/૧૨/૨૦૨૫ સુધી નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :-

(ક) શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ચપ્પુ, છરા અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની મનાઈ

(ખ) સ્ફોટક પદાર્થ લઈ જવાની

(ગ) કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની

(ચ) અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની

(છ) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવાની

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોઈ.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યકિત.

(૩) સરકારશ્રી દ્વારા આયોજીત વિવિધ કાર્યક્રમો કે અભિયાન.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ: ૧૮/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

હુકમ:-

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૭(૩) અન્વયે.

નં.ડીસીબી/એમએજી/જીપીએ/૨જી.૧૧૪/વશી. ૧૧૮૦૦ થી ૧૧૮૫૫/૨૦૨૫.-ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ની કલમ - ૩૭(૩) પ્રમાણે મને મળેલ સત્તાની રૂએ હું મહિપાલસિંહ ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુસર પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૧૫/૧૧/૨૦૨૫ની દરખાસ્ત ધ્યાનમાં લેતાં આ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા સારૂ માણસોનું સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું મહિપાલસિંહ ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને -૧૯૫૧ નો ૨૨ માં)ની કલમ - ૩૭ ની પેટા કલમ - ૩ થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સક્ષમ અધિકારીની મંજુરી વિના વલસાડ જિલ્લામાં તા.૧૮/૧૧/૨૦૨૫ થી તા.૦૨/૧૨/૨૦૨૫ સુધી અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં કે દેખાવ કરવા નહીં.

આ હુકમ સ્મશાન યાત્રા કે એસ.ટી. બસમાં, રેલ્વેમાં મુસાફરી કરવા માંગતા, અગર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિઓ તથા સરકારશ્રી દ્વારા આયોજીત કાર્યક્રમો તથા અભિયાનને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને - ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ ના ૨૨ માં) ના કાયદાની કલમ - ૧૩૫ (૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આથી હું મહિપાલસિંહ ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ફરમાવું છું કે, આ હુકમની વર્તમાનપત્રો દ્વારા તેની જાહેરાત કરી બહોળી પ્રસિધ્ધ કરવી.

આજ તારીખ:૧૮/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા મુદ્રા કરી આપેલ છે.

વંચાણે લીધું:-

(૧) અત્રેના જાહેરનામા નં.ડીસીબી/એમએજી/વશી.૧૧૨ /વશી.૧૧૬૬૭ થી ૧૧૭૩૬/૨૦૨૫, તા.૧૫/૧૧/૨૦૨૫

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ - ૧૬૩(૫) મુજબ

-: સુધારા હુકમ :-

નં.ડીસીબી/એમએજી - ૧/૨જી.૧૧૫/૨૦૨૫.-સરકારશ્રીના ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક: HD/ MIS/ e-file/ 8/ 2025/ 0778/ SB2, તા.૧૭/૦૯/૨૦૨૫ તથા તા.૦૭/૧૧/૨૦૨૫ ની સુચના મુજબ મકરસંક્રાતિ/ઉત્તરાયણના તહેવાર દરમ્યાન સમગ્ર જિલ્લામાં ચાઈનીઝ તુક્કલ/લેન્ટર્ન, ચાઈનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયલોન થ્રેડ દોરી ના ઉત્પાદન, વેચાણ તથા સંગ્રહ કરવા પર પ્રતિબંધ મુકવા અંગે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અત્રેથી વંચાણે લીધેલ-૧ મુજબ તા.૧૭/૧૧/૨૦૨૫ અને તા.૧૭/૦૧/૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહે તે માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદરહું જાહેરનામું ૨(બે) માસ માટે પ્રસિધ્ધ કરવાનું થતું હોય વંચાણે લીધેલ-૧ ના જાહેરનામાની અમલીકરણની તારીખોમાં જરૂરી સુધારો કરવાનો થાય છે.

વાસ્તે હું મહિપાલસિંહ ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વલસાડ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ - ૧૬૩(૫) થી મને મળેલ અધિકારની રૂએ વંચાણે લીધેલ-૧ ના જાહેરનામામાં લખાયેલ અમલીકરણનો સમયગાળો તારીખ:૧૭/૧૧/૨૦૨૫ અને તા.૧૭/૦૧/૨૦૨૬ (બંને દિવસો સહિત) ના બદલે તા.૧૭/૧૧/૨૦૨૫ થી તા.૧૭/૦૧/૨૦૨૬ (બંન્ને દિવસો સહિત) સુધી વાંચવા આથી સુધારા હુકમ કરવામાં આવે છે. જાહેરનામાની અન્ય વિગતો યથાવત રહેશે.

આજ રોજ તારીખ : ૧૮/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

મહિપાલસિંહ ચુડાસમા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
વલસાડ.

આમુખ:-

(૧) મુખ્ય અધિકારીશ્રી, ભરૂચ નગરપાલિકા, ભરૂચના જાવક નંબર: ૧૨૬ થી ૧૩૦, તા.૨૪/૦૯/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચના પત્ર નંબર: એલ. આઇ બી. /અભિપ્રાય/૩૨૮૬/૨૦૨૫ તા.૦૧/૧૦/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક:એમએજી જાહેરનામું/વશી૪૭૬૦/૨૦૨૫.- આમુખ-૧ થી અમૃત મિશન ૨૦ યોજના હેઠળ ભરૂચ નગરપાલિકા વિસ્તારમાં અમલેશ્વર કેનાલ બ્રાંચ આધારીત પાણી પુરવઠા યોજના હેઠળ (SSNNL) અંતર્ગત ગરેવેટી લાઈમ ૧૪૨૨ મીમી વ્યાસવાળી એમ. એસ. પાઈપલાઈન શ્રવણ ચોકડીથી શક્તિનાથ સર્કલ તરફ જતા મુખ્ય રોડ ઉપર નાંખવા તા.૦૪/૧૦/૨૦૨૫ થી તા.૨૪/૧૧/૨૦૨૫ સુધી રસ્તાને ડાયવર્ઝન આપવા બાબતે મુખ્ય અધિકારીશ્રી, ભરૂચ નગરપાલિકા, ભરૂચે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે રજુઆત કરેલ હતી. આમુખ-૨ થી સદરહુ બાબતે નીચે જણાવ્યા મુજબનાં રૂટ પર વાહન વ્યવહાર ડાયવર્ટ કરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા બાબતે પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

અનુ.નં.	પ્રતિબંધિત વાહન વ્યવહાર રૂટ	ડાયવર્ટ વાહન વ્યવહાર રૂટ
૧	માતરીયા તળાવથી શ્રવણ ચોકડી તરફ જતો રસ્તો	શ્રવણ ચોકડી ગણેશ ટાઉન શીપ-આલ્ફા સોસાયટી-આકાશદીપ સોસાયટી-નારાયણ સ્કવેર થઈ પંચવટી સોસાયટી લીંક રોડ થઈ માતરીયા તળાવ થઈ શક્તિનાથ તરફ જઈ શકશે.

વાસ્તે, હું એન. આર. ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબ આદેશ કહુ છું કે, હુકમની તારીખથી તા.૨૪/૧૧/૨૦૨૫ સુધી રાત્રિનાં ૨૪:૦૦ કલાક સુધી જાહેર જનતાની સુવિધા અને સલામતી માટે ઉપરોક્ત જણાવ્યા મુજબનાં રૂટ પર વાહન વ્યવહાર માટે પ્રતિબંધ મુકવા તથા દર્શાવેલ રૂટ પર વાહન વ્યવહાર ડાયવર્ટ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

આ જાહેરનામાનાં આદેશનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાના ન હોય તેવા પોલીસ ખાતાના કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૦૬/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આમુખ:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક:એલ.આઈ.બી./અભિપ્રાય/જાહેરનામું/વશી/૪૦૯૨/૨૦૨૫, તા.૦૬/૧૧/૨૦૨૫

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે.

ક્રમાંક:એમએજી/શુક્લતીર્થ મેળો/જાહેરનામુ/વશી/૪૮૮૧/૨૦૨૫.-આમુખ-૧ થી ભરૂચ તાલુકાનાં શુક્લતીર્થ ગામે તા.૦૨/૧૧/૨૦૨૫ થી તા.૦૯/૧૧/૨૦૨૫ સુધી કાર્તિકી પૂર્ણિમાનાં મેળાનું આયોજન થનાર છે. આ સમય દરમ્યાન ભરૂચ-ઝાડેશ્વર ચોકડીથી શુક્લતીર્થ રોડ ઉપર ટ્રાફીકની સમસ્યા ઘણી રહેતી હોય છે અને સામાન્ય દિવસોમાં પણ જાહેર જનતા આ રૂટનો જ ઉપયોગ અવર-જવર માટે કરતા હોય છે. આ પરિસ્થિતિમાં ને.હા.નં.૦૮ ઉપર ટ્રાફીક જામ થાય છે. આ પરિસ્થિતિનાં નિવારન માટે તા.૦૨/૧૧/૨૦૨૫ થી તા.૦૯/૧૧/૨૦૨૫ સુધી ભરૂચ-ઝાડેશ્વર ચોકડીથી શુક્લતીર્થ સુધીનો રસ્તો તમામ પ્રકારનાં વાહનો માટે જાહેર જનતાની સલામતી તથા ટ્રાફીકનાં નિયમનનાં હેતુસર વન-વે જાહેર કરવો આવશ્યક જણાતો હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ:-

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂએ તા.૦૨/૧૧/૨૦૨૫ થી તા.૦૯/૧૧/૨૦૨૫ સુધીનાં સમય માટે (બંને દિવસો સહિત) ભરૂચ-ઝાડેશ્વર ચોકડીથી શુક્લતીર્થ સુધી જતો રસ્તો તમામ પ્રકારનાં વાહનો માટે જાહેર જનતાની સલામતી તથા ટ્રાફીક નિયમનનાં હેતુસર ઉક્ત તારીખો દરમ્યાન વન-વે રહેશે તથા સદર માર્ગ ઉપરથી ફક્ત શુક્લતીર્થ સુધી તમામ પ્રકારનાં વાહન જઈ શકશે પરંતુ પરત આ માર્ગેથી આવી શકશે નહી.

અપવાદ:-

આ હુકમ પોલીસ કે અન્ય સરકારી અધિકારી કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે વાહન લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહીં.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૦૬/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આમુખ:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક:એલ.આઈ.બી./અભિપ્રાય/જાહેરનામું/વશી/૩૪૯૮/૨૦૨૫, તા.૧૮/૧૦/૨૦૨૫

જાહેરનામુ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (યુ) અન્વયે.

ક્રમાંક:એમએજી/શુક્લતીર્થ મેળો/જાહેરનામુ/વશી/૪૮૮૨/ ૨૦૨૫.-આમુખ-૧ થી ભરૂચ તાલુકાનાં શુક્લતીર્થ ગામે તા.૦૨/૧૧/૨૦૨૫ થી તા.૦૯/૧૧/૨૦૨૫ સુધી કાર્તિકી પૂર્ણિમાનાં મેળાનું આયોજન થનાર છે. આ મેળામાં આજુબાજુનાં ગામોમાંથી તેમજ સમગ્ર ગુજરાત રાજ્યમાંથી તથા અન્ય રાજ્યોમાંથી પણ ઘણી મોટી સંખ્યામાં લોકો એકત્રિત થાય છે અને ઘાસ, કામળા, વાંસ વિગેરેથી માંડવા તૈયાર કરવામાં આવશે. જેથી ઉપરોક્ત દિવસો દરમ્યાન શુક્લતીર્થ ગામની હદમાં દારૂખાનું ફોડવા ઉપર પ્રતિબંધ મુકવા અંગે પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે દરખાસ્ત રજૂ કરેલ છે.

હુકમ:-

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(યુ) અન્વયે મળેલ સત્તાની રૂએ તા.૦૨/૧૧/૨૦૨૫ થી તા.૦૯/૧૧/૨૦૨૫ સુધીનાં સમય માટે (બંને દિવસો સહિત) શુક્લતીર્થ ગ્રામ પંચાયતની હદમાં કોઈપણ વ્યક્તિ દ્વારા ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૦૬/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આમુખ:-

(૧) પોલીસ અધિક્ષકથી ભરૂચનાં પત્ર ક્રમાંક:એલ.આઈ.બી/અભિપ્રાય/જાહેરનામું/વશી/૩૫૩૯/૨૦૨૫, તા.૨૮/૧૦/૨૦૨૫.

જાહેરનામુ

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક:એમએજી/શુક્લતીર્થ મેળો/જાહેરનામું/વશી/૫૧૪૬/૨૦૨૫.-આમુખ-૧ થી ભરૂચ તાલુકાના શુક્લતીર્થ ગામે તા.૦૨/૧૧/૨૦૨૫ થી તા.૦૯/૧૧/૨૦૨૫ સુધી કાર્તિકી પૂર્ણિમાના મેળાનું આયોજન થનાર છે. સદરહું મેળામાં મોટી સંખ્યામાં લોકો સુકલેશ્વર મહાદેવના મંદિર દર્શનાર્થે તથા નર્મદા નદીમાં સ્નાન કરવા માટે પહોંચતા હોય છે. સદરહુ મેળામાં અંદરના ભાગે કેટલાંક આજુબાજુના ગામના લોકો ભરૂચથી પોતાના પરિવાર સાથે તંબુ બાંધી રહેતા હોય છે તેમજ કેટલાક લોકો તેમની બોટ સાથે શુક્લતીર્થ નર્મદા નદીના કિનારે તથા નાના બેટ ઉપર દિવસ તથા રાત્રિ રોકાણ કરે છે. નર્મદા નદીમાં ગમે ત્યારે પાલીની ભરતી આવતી હોય છે. જેથી કોઈ આકસ્મિક બનાવો ન બને તે માટે પરિવાર સાથે ખાનગી બોટો લઈને અવર-જવર કરવા ઉપર પ્રતિબંધ મુકવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે અત્રે રજૂઆત કરેલ છે. જે ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં છે.

હુકમ

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ તા.૦૨/૧૧/૨૦૨૫ થી તા.૦૯/૧૧/૨૦૨૫ સુધીનાં સમય માટે (બંને દિવસો સહિત) નર્મદા નદીના શુક્લતીર્થ વાળા વિસ્તારમાં પરિવાર માથે ખાનગી બોટ લઈને અવર-જવર કરવા ઉપર પ્રતિબંધ મુકવા આથી હુકમ કરૂ છે.

અપવાદ

આ હુકમ પોલીસ કે અન્ય સરકારી અધિકારી કે જે પોતાની ફરજો અંગે બંદોબસ્ત માટે બોટ લઈને ફરતા હશે તેઓને બંધનકર્તા રહેશે નહી.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાના ભંગ બદલ કરીયાર માંડવા પોલીસ હેડ કોન્સટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૯/૧૦/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આમુખ:-

(૧) મુખ્ય અધિકારીશ્રી, ભરૂચ નગરપાલિકા, ભરૂચનાં પત્ર ક્રમાંક: જા.નં./પીવીડી/૯૩૩ થી ૯૩૪, તા.૦૬/૧૧/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર નંબર: એલ.આઈ.બી./અભિપ્રાય/૩૭૯૧/૨૦૨૫, તા.૧૧/૧૧/૨૦૨૫

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(બી) અન્વયે કાઢેલ. ::

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૫૫૧૦/૨૦૨૫.-આમુખ-૧ થી ભરૂચ નગરપાલિકા દ્વારા ભૃગુઋષિ બ્રિજની નીચેથી એલ્યુમિનિયમ ફેક્ટરી સુધીનાં રસ્તા ઉપર આર.સી.સી. રોડ બનાવવાનું અને ટ્રીમ વોટર ડ્રેઈનનું કામ ચાલુ કરવાનું હોય તા.૧૦/૦૧/૨૦૨૬ સુધી ભૃગુઋષિ બ્રિજની નીચેથી એલ્યુમિનિયમ ફેક્ટરી સુધીનાં રસ્તા ઉપર અવાર-જવર બંધ કરાવી ડાયવર્ઝન આપવા બાબતે મુખ્ય અધિકારીશ્રી, ભરૂચ નગરપાલિકા, ભરૂચે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે રજુઆત કરેલ હતી. આમુખ-૨ થી સદરહું બાબતે નીચે જણાવ્યા મુજબનાં રૂટ પર વાહન વ્યવહાર ડાયવર્ટ કરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા બાબતે પોલીસ અધિક્ષકશ્રી ભરૂચે હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

પ્રતિબંધિત વાહન વ્યવહાર માર્ગ:-

- રસ્તાનું નામ :- ભૃગુઋષિ બ્રિજ-એલ્યુમિનિયમ ફેક્ટરી

વૈકલ્પિક માર્ગ:-

- નાના વાહનો માટે :-

(૧) બાગાયત ઓફિસ (જુની ITI) (ગુજરાત ગેસ ઓફિસની સામે)- આપના ઘર સોસાયટી- જગન્નાથ મંદિર નાળા-નંદેલાવ.

- મોટા વાહનો માટે :-

(૧) નંદેલાવ-ફેઈથ કેલ્વેરી સ્કૂલ-જયનારાયણ સોસાયટી -શક્તિનાથ સર્કલ-જયનારાયણ સોસાયટી-ફેઈથ કેલ્વેરી સ્કૂલ-નંદેલાવ.

(૨) રેલ્વે ગોદી-ઋતવા પેલેસ કોમ્પ્લેક્ષ- કલેકટર કચેરી સર્કલ-શક્તિનાથ સર્કલ-શક્તિનાથ સર્કલ-કલેકટર કચેરી સર્કલ-ઋતવા પેલેસ કોમ્પ્લેક્ષ-રેલ્વે ગોદી.

હુકમ

વાસ્તે, હું એન.આર.ધાધલ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩(૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ હુકમની તારીખથી તા.૧૦/૦૧/૨૦૨૬ નાં ૨૪:૦૦ કલાક સુધી ભૃગુઋષિ બ્રિજની નીચેથી એલ્યુમિનિયમ ફેક્ટરી સુધીનાં રસ્તા ઉપર વાહનોની અવાર-જવર ઉપર પ્રતિબંધ મૂકવા તથા ઉપરોક્ત જણાવ્યા પ્રમાણેનાં રૂટ ઉપર વાહન વ્યવહાર ડાયવર્ટ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાના ભંગ બદલ કરીયાર માંડવા પોલીસ હેડ કોન્સટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧૨/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આમુખ:-

(૧) સરકારશ્રીનાં ગૃહ વિભાગનાં પરિપત્ર ક્રમાંક:HD/MIS/e-file/8/2025/0778/SB2, Date:17/09/2025

(૨) સરકારશ્રીનાં ગૃહ વિભાગનાં પરિપત્ર ક્રમાંક:HD/MIS/e-file/8/2025/0778/SB2, Date:07/11/2025

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક:એમએજી/વશી/૫૮૭૭/૨૦૨૫.-સરકારશ્રીનાં ગૃહ વિભાગનાં આમુખ-૧ નાં પરિપત્રથી "સ્કાય લેન્ટર્ન" (ચાયનીઝ તુક્કલ) તેમજ ચાયનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરીનાં ઉપયોગથી પશુ-પંખી તેમજ પર્યાવરણને થતા નુકશાન, આગજની કે તેવી કોઈ અન્ય દુર્ઘટના ન બને તે બાબતને લક્ષમાં લેતા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તા અન્વયે ચાયનીઝ માંઝા પ્લાસ્ટીક દોરીનાં ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવા સુચના થઈ આવેલ છે. જે સંદર્ભે નામ.ગુજરાત હાઈકોર્ટનાં તા.૨૨/૧૨/૨૦૧૫ ના હુકમ તથા નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની અન્ય રીટ પીટીશન (PIL) નં.૨૫૩/૨૦૧૬માં નામ.ગુજરાત હાઈકોર્ટનાં તા. ૧૩/૦૧/૨૦૧૭ ના હુકમથી ચાયનીઝ માંઝા/ નાયલોન/પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોનાં ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

આગામી તા.૧૪/૦૧/૨૦૨૬ તથા તા.૧૫/૦૧/૨૦૨૬ ના રોજ મકરસંક્રાંતિનો તહેવાર ઉજવવામાં આવનાર હોય જે સંબંધે રાજયમાં સ્કાય લેન્ટર્ન (ચાયનીઝ તુક્કલ) ઉપર પ્રતિબંધ મુકવા સારૂ જાહેરનામું પ્રસિધ્ધ કરવા સુચના આપવામાં આવેલ હોય છેલ્લા ઘણા સમયથી લોકો દ્વારા મકરસંક્રાંતિ તથા અન્ય તહેવારો દરમ્યાન રાત્રીના સમયે સ્કાય લેન્ટર્ન (ચાયનીઝ તુક્કલ) પવન અથવા કોઈ વસ્તુ સાથે અથડાય છે ત્યારે તેમા આગ લાગે છે અને તે જમીન ઉપર આવે છે. સ્કાય લેન્ટર્ન (ચાયનીઝ તુક્કલ) ઉડયા પછી ગમે તે સ્થળે પડી શકે છે, પરિણામે આગ લાગવાનાં પ્રસંગો નકારી શકાય નહી. સ્કાય લેન્ટર્ન (ચાયનીઝ તુક્કલ) પર મોટા ભાગે બાયોડિગ્રેડેબલ લખેલ હોય છે પરંતુ આ પ્રકારનાં સ્કાય લેન્ટર્ન (ચાયનીઝ તુક્કલ) ની ગુણવત્તા સારી હોતી નથી અને સસ્તા મીણના સોસલા તેમા બળતણ તરીકે વપરાય છે. જે બાયોડેગ્રેડેબલ નથી તથા તે મોટી પર્યાવરણીય આપત્તિ સર્જી શકે છે. ભુતકાળમાં સ્કાય લેન્ટર્ન (ચાયનીઝ તુક્કલ) ને કારણે તહેવારો દરમ્યાન આગનાં બનાવ બનેલા હોય આમુખ-૧ તથા આમુખ-૨ ની સુચનાઓ ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવો જરૂરી જણાય છે.

-:હુકમ:-

સબબ, હું એન.આર.ધાધલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ હુકમની તારીખથી તા.૧૬/૦૧/૨૦૨૬ સુધી નીચે જણાવ્યા મુજબનાં કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

-:પ્રતિબંધિત કૃત્યો:-

(૧) સસ્તા કાગળમાંથી બનેલા સ્કાય લેન્ટર્ન કે જેમાં મીણનાં ચોસલા બળતણ તરીકે વપરાય છે તેવા તુક્કલ તથા તે માટેની જરૂરી સામગ્રીનો કોઈપણ વેપારી-વ્યક્તિ કે સંસ્થાએ ખરીદ, વેચાણ, સંગ્રહ, બક્ષીસ, ભેટ કે ઉપયોગ કરવો નહી તથા આવા સ્કાય લેન્ટર્ન (ચાયનીઝ તુક્કલ) ઉડાડવા નહી.

(૨) ચાયનીઝ માંઝા/ નાયલોન/ પ્લાસ્ટીક દોરી, સિન્થેટીક માંઝા, સિન્થેટીક પદાર્થથી કોટીંગ કરેલ હોય અને નોન-બાયોડીઝેબલ હોય તેવી દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોનો ઉપયોગ કરવો નહી તથા તે માટેની જરૂરી સામગ્રીનો કોઈપણ વેપારી-વ્યક્તિ કે સંસ્થાએ ખરીદ, વેચાણે, સંગ્રહ, બક્ષીસ, ભેટ કે ઉપયોગ કરવો નહી.

-:અપવાદ:-

સરકારશ્રીનાં આમુખ-૦૨ નાં પરિપત્રથી આપવામાં આવેલ સુચના મુજબ નીચે જણાવ્યા મુજબનાં સ્પષ્ટીકરણને સદરહું જાહેરનામાની જોગવાઈઓમાંથી મુક્તિ આપવામાં આવે છે.

"પતંગ ઉડાડવા/ચગાવવાનાં હેતુથી ચોખાનાં લોટ, મેંદો, છોડ આધારિત ગુંદર અને અન્ય સમાન કુદરતી ઘટકો જેવા કુદરતી એડહેસિવની મદદથી કાચનાં પાવડરનું કોટિંગ કરેલ ઓછી તીક્ષ્ણ-શક્તિ ધરાવતો કોટનનો માંજો, જે સંપૂર્ણપણે તૂટી શકે તેવો હોય અને પરંપરાગત પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવેલ હોય તથા તેમાં તમામ ઘટકો બાયો-ડિગ્રેડેબલ પદાર્થો હોવા જોઈએ તથા કોટનનાં દોરા ઉપર કોટિંગ માટેનો કાચનો પાવડર ૧૦% થી વધુ ન હોવો જોઈએ, જ્યારે ઉકાળેલા ચોકાનો સ્ટાર્ચ ૩૦%, મેંદો ૩૬%, કુદરતી ગુંદર અને રંગ ૨૪% કોટેડ સામગ્રીનો હોય શકે તથા કાચનો પાવડર, જે કોટિંગ પદાર્થનો ૧૦% હોય શકે છે પરંતુ તે કોટનનાં માંજાનાં કુલ વજનનાં ૦.૫% થી વધુ ન હોવું જોઈએ તેવો કોટનનો માંજો/દોરી વાપરી શકાશે."

-:વિસ્તાર:-

સમગ્ર ભરૂચ જિલ્લો

-:શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૭/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એન.આર.ધાધલ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ભરૂચ.

વંચાણે લીધા :-

(૧) પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ, ૧૯૮૬

(૨) ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ, ૨૦૦૦.

(૩) ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(થ) હેઠળનું

નં.એમએજી/ડીજે/પ્રતિબંધ/જાહેરનામું/વશી/૧૭૨૩/૨૦૨૫.-ધાર્મિક તથા સામાજિક સમારોહો માટે સરઘસો અને રેલીઓ ભુતકાળમાં જ્યારે નિકળતી હતી ત્યારે સદરહુ રેલીઓ અને વરઘોડાઓ પ્રસંગને અનુરૂપ જે ગરીમાં હોવી જોઈએ તે રીતે પ્રસંગ પ્રમાણે વાજીંત્ર અને લયબદ્ધ સંગીતની કર્ણપ્રિય ધુને વાતાવરણને ભાવ અને લયના મૃદુ તરંગોથી તરબોળ કરી દેતી હતી. પરંતુ હવે જ્યારે જિલ્લાની જીવનશૈલી અને જીવનની ગુણવત્તાનું સ્તર ધ્વનિ, વાયુ અને ગીચતાના પ્રદુષણથી સંપુર્ણપણે ત્રસ્ત થયું છે, તે સંજોગોમાં ધાર્મિક અને સામાજિક પ્રસંગોની રૂઢિગત પ્રણાલીકા વિરૂદ્ધ આવા વરઘોડાઓમાં અમુક વર્ષોથી ધ્વનિની તિવ્રતાનો આંક વટાવી દઈ તમામ માપદંડોને તોડી નાખ્યા છે.આથી ઉપરોક્ત ધ્વનિ પ્રદુષણને અંકુશમાં લાવવા સારું અને જાહેર જનતાના જીવનધોરણની ગુણવત્તાની જાળવણી માટે નામદાર સુપ્રિમ કોર્ટના નિર્દેશો તથા પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ-૧૯૮૬ના વિભિન્ન પ્રાવધાનોની જાળવણી અને અમલવારી જાહેર જનતાના જીવનધોરણની ગુણવત્તા માટે જરૂરી બની રહે છે. સદર સરઘસો રેલીઓ અને વરઘોડા માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી સીસ્ટમ વગાડનારાઓ લાંબા સમય સુધી જાહેર માર્ગો પર ઉભા રહી ટ્રાફિકને અડચણ કરી ટ્રાફિક જામ કરે છે અને વધુ ધ્વનિ તિવ્રતાથી મોટા કર્ણભેદી અવાજે ઘોંઘાટમય સંગીત ગીતો સાથે રેલાવી વિદ્યાર્થીઓના અભ્યાસમાં દર્દીઓના આરામમાં સિનિયર સીટીઝન અને લોકોના સ્વાસ્થ્યને નુકશાન કરી/કરાવી તબીબોના કામમાં ખલેલ પહોંચાડે છે. તેમજ માઈક, લાઉન્ડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમના અનિયંત્રિત પ્રયોગથી કોમી દૃષ્ટિએ સંવેદનશીલ વિસ્તારમાં સાંપ્રદાયિક અથડામણોના બનાવો પણ બનેલા છે તેના પરિણામે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વિપરીત અસર થવાની સંભાવનાઓ વધી જાય છે,

જિલ્લામાં કોઈ પણ પ્રકારે સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતી તથા કાયદા પ્રત્યે માન જળવાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે માઈક, લાઉડસ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી) સિસ્ટમ દ્વારા થતા અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાના નિર્દેશો તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રુલ્સ, ૨૦૦૦ની જોગવાઈઓ ધ્યાને લેતા માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જૉકી) સિસ્ટમના ઉપયોગ પર નિયંત્રણ કરવું ઘણું જ જરૂરી છે.

દરેક માઈક, લાઉડસ્પીકર તથા ડી.જે.(ડીસ્ક જોડી) સિસ્ટમધારકોએ અવાજના પ્રદુષણને અટકાવવા નામદાર સુપ્રિમ કોર્ટના વખતોવખત ચુકાદાના નિર્દેશો તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રુલ્સ, ૨૦૦૦ની નીચે મુજબની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

Ambient Air Quality Standard in respect of Noise

Area Code	Category of Area/Zone	Limits in dB(A) Leq*	
		Day Time	Night Time
(A)	Industrial Area	75	70
(B)	Commercial Area	65	55
(C)	Residential Area	55	45
(D)	Silence Zone	50	40

Note

1. Day me shall mean, from 6.00 am. to 10.00 pm.

2. Night Time shall mean from 10.00 p.m. to 6.00 a.m

3. Siience zone is defined as an area comprising not less than 100 metres around hospitals, educational institutions and ocurts. The silence zones are zones which are declared as such by the competent authority,

4. Mixed Categories of areas may be declared as one of the four attove mentioned calegcriss by the competent authority

[dB (A) Leg denotes the time weighted average of the level of sound in decibels on acele A ehich is relatable to human hearing. A "decibel" is a unilt in which noise is measured. "A" in dB(A)Leq, denotes the frequency weighting in the measurement of noise and corresponds to frequency response characteristics of the human ear

Leq: it is an energy mean of the noise level, over a specific period.]

અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ, ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ /વાજિંત્રો રાતના ૧૦:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય. આગામી સમયમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની વાર્ષિક/બોર્ડની પરીક્ષાઓ આપનાર વિદ્યાર્થીઓના અભ્યાસમાં ખલેલ ન પહોંચે, લગ્ન તથા ધાર્મિક અને સામાજિક પ્રસંગોમાં નાચગાન કે ઘોંઘાટને કારણે ઝગડા તથા તકરારો ન થાય તેમજ ધ્વનિ પ્રદુષણને અંકુશમાં લેવા તેમજ જિલ્લામાં કોઈ પણ પ્રકારે સુલેહશાંતિનો ભંગ ન થાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે વાસ્તે, હું સી. વી. લટા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર-લુણાવાડા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(થ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તાર માટે નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પરિશિષ્ટ

"મહીસાગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર"

પ્રતિબંધિત કૃત્યો

૧. સરકારી કચેરીઓ, હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારને શાંત વિસ્તાર તરીકે ગણવામાં આવે છે. જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક, લાઉડસ્પીકર તથા ડી.જે.(ડીસ્ક જોકી) સીસ્ટમનો ઉપયોગ કરી શકાશે નહીં.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમી લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગીતોનો માઈક, લાઉડસ્પીકર તથા ડી.જે.(ડીસ્ક જોકી) સીસ્ટમમાં ઉપયોગ કરી શકાશે નહી.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફિકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવો. નાચગાન તથા ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરી શકાશે નહીં.

૪. ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમ Ambient Air Quality Standard in respect of Noise અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતોવખતના ચુકાદાઓના નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ની પર્યાવરણ સંરક્ષણની જોગવાઈઓ મુજબ Ambient Air Quality Standard હોવું જોઈએ તે જોતાં ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનો અને જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તે વગાડવા પર કાયમને માટે પ્રતિબંધ છે, પરંતુ નીચેની શરતોને આધીન અગાઉથી અધિકૃત પરવાનગીના આધારે ફક્ત માઈક સીસ્ટમને પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

૫. રાત્રીના ૧૦:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધીના સમય દરમ્યાન વગાડી શકાશે નહી.

માઈક અને ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમ વગાડવા માટેના પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો

૧. ડી.જે સીસ્ટમના માલીક કે જે આ સીસ્ટમ ભાડે આપે છે તેઓએ નજીકના પોલીસ સ્ટેશનમાં ફરજિયાતપણે નોંધણી કરાવવાની રહેશે.

૨. માઈક સીસ્ટમ અને ડી.જે. વગાડવા માટે તેના માલીક/ભાગીદારે પરવાનગી અરજી જે તે વિસ્તારના મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની કચેરીએ કરી, ૦૭ દિન પહેલાં મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચૂસ્તપણે બિનચુક અમલ કરવાનો રહેશે. શરતોનો ભંગ થયેથી પરવાનગી રદબાતલ થયેલ ગણાશે.

૩. વરઘોડો / રેલી, ધાર્મિક, રાજકીય કે સામાજિક શોભાયાત્રાઓના સમય દરમ્યાનમાં ઉપરોક્ત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની સંપૂર્ણ જવાબદારી પરવાનેદાર / પરવાનગી લેવા માટે આવનાર વ્યક્તિની રહેશે.

૪. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહીસાગરના અધિકાર ક્ષેત્રની જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/ વાજિંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખિત પરવાનગી સિવાય કરી શકાશે નહીં, તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકાશે નહી.

૫. આવી પરવાનગી માટેની અરજી લેખિતમાં હોવી જોઈએ તેમજ તેના ઉપર ઉપયોગ કરનાર વ્યક્તિની સહી હોવી જોઈએ.

૬. આવી પરવાનગીની અરજી તેના ઉપયોગ કરવાના હોય તે દિવસથી ઓછામાં ઓછા સાત દિવસ પહેલા પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે. પરંતુ વ્યાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી તેમ કરવા માટે અધિકૃત અધિકારી પોતાની વિવેકબુદ્ધિ અનુસાર આપી શકશે.

૭. અરજદાર તથા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજિંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ પરના અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાનાધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૮. માઈક સીસ્ટમ/વાજિંત્રનો ઉપયોગ ઉપરોક્ત અવાજની માત્રા દર્શાવતા પત્રક પ્રમાણે સવારના ૦૬:૦૦ કલાકથી રાત્રીના ૨૨:૦૦ કલાક સુધી જ થશે.

૯. અવાજ પ્રદુષણ (નિયમન અને પ્રતિબંધ) નિયમો, ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજિંત્રો રાત્રીના ૧૦:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ, આ સમય માટે માઈક સીસ્ટમ/વાજિંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં તેમજ પરવાનેધારકોએ આ સમય દરમ્યાન માઈક સીસ્ટમ /વાજિંત્ર વગાડવા ઉપયોગ કરી શકશે નહી. જે સુચનાનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. કોઈ પણ વિસ્તારમાં ધોંઘાટ/અવાજનું હવામાનમાં પ્રમાણ ઉપરોકત પત્રકમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. આ માત્રાનો ભંગ ન થાય તેની પરવાનેદારે/પરવાનગી લેનારે તકેદારી રાખવાની રહેશે.

૧૧. મંદિરો, ચર્ચ, મસ્જિદોમાં માઈક સીસ્ટમ/વાજિંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલો હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહી.

૧૨. ગતિમાન વાહનમાં કોઈ પણ માઈક સીસ્ટમ/વાજિંત્રનો ઉપયોગ જિલ્લા મેજિસ્ટ્રેટ તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈ પણ હેતુ માટે વાપરવો નહીં અથવા ચલાવવો નહીં.

૧૩. માઈક સીસ્ટમ/વાજિંત્રના ઉપયોગથી આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય કે નુકશાન અટકાવવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈ પણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ / વાજિંત્ર વાપરવા પર મનાઈ ફરમાવતો હુકમ કરી શકશે.

૧૪. ફરજ પરના પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજિંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

આ જાહેરનામાના ભંગ બદલ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. અને ગુનો નોંધી, માલીક, ભાગીદાર, મેનેજર, સંચાલકની ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુન્હાના મુદામાલ તરીકે કબજે કરવામાં આવશે.

આ હુકમ અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષક થી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદો ધરાવનાર પોલીસ અધિકારી/કર્મચારીઓને ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું આગામી તા.૨૨/૧૧/૨૦૨૫ થી તા.૨૦/૦૧/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

સી. વી. લટા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
મહીસાગર-લુણાવાડા

// વાંચ્યા //

- જિલ્લા કમાન્ડન્ટશ્રી, હોમગાર્ડઝ છોટાઉદેપુરના પત્ર જા.નં.-જીક/સીએચજી/તલમ/૭૫૨/૨૦૨૫, તા.૧૦/૧૧/૨૦૨૫.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૪) હેઠળનું.

નં.એમએજી/વશી/૨૧૯૭/૨૦૨૫.-જિલ્લા કમાન્ડન્ટશ્રી, હોમગાર્ડઝ છોટાઉદેપુરનાઓના આમુખ હેઠળના પત્રથી તા.૦૮/૧૧/૨૦૨૫ થી તા.૨૨/૧૧/૨૦૨૫, દિન-૧૪(ચૌદ) સુધી હોમગાર્ડઝ સભ્યોનો રાજ્યકક્ષાના લીડરશીપ તાલીમ કેમ્પ સેન્ટ્રલ ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટ, હોમગાર્ડઝ, જરોદ, તા.વાઘોડીયા, જિ.વડોદરા ખાતે રાખવાનું આયોજન થયેલ છે.

રાજ્યકક્ષાના લીડરશીપ તાલીમ કેમ્પના હોમગાર્ડઝ તાલીમાર્થી સભ્યોની તા.૨૦/૧૧/૨૦૨૫ થી તા.૨૧/૧૧/૨૦૨૫, દિન-૦૨ (બે) ના રોજ .૩૦૩" રાઈફલની ફાયરીંગ પ્રેક્ટીસ છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના બહાદરપુર ફાયરીંગ બટ ખાતે યોજવામાં આવનાર છે. બહાદરપુર ફાયરીંગ બટ જિલ્લા કમાન્ડન્ટશ્રી હોમગાર્ડઝ, છોટાઉદેપુર હસ્તક છે અને આ સમયગાળા દરમિયાન જે.બી.રાઠોડ, કેમ્પ કમાન્ડન્ટશ્રી, રાજ્યકક્ષા લીડરશીપ તાલીમ કેમ્પ, જરોદ, તા.વાઘોડીયા, જિ.વડોદરાનાઓને ફાળવવામાં આવે છે. જેથી રાજ્યકક્ષા હોમગાર્ડઝ લીડરશીપ તાલીમ કેમ્પ બહાદરપુર ફાયરીંગ બટ જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ, છોટાઉદેપુર હસ્તક બહાદરપુર ગામની સીમના સર્વે નંબર-૮૨૩(બ) વાળી જમીનમાં રાખવાનું આયોજન કરેલ છે. સદરહુ જમીનનો ફાયરીંગ બટ તરીકે ઉપયોગ કરવાનો હોવાથી ફાયરીંગ પ્રેક્ટીસ દરમિયાન કોઈ પણ જાતની જાનહાનિ કે અનિચ્છનીય બનાવ ન બને તેની સાવચેતીના ભાગરૂપે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સદરહુ ફાયરીંગ પ્રેક્ટીસ દરમિયાન કોઈ પણ જાતની જાનહાની કે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેની સાવચેતીના પગલા તથા જાહેર સલામતી જળવાઈ રહે તે હેતુથી રજુ થયેલ દરખાસ્ત અન્વયે છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના બહાદરપુર ગામની સીમના સર્વેનંબર-૮૨૩ (બ) વાળી જમીન ફાયરીંગ બટ તરીકે ઉપયોગમાં લેવા નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, માન. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરના હુકમનં. એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૪) હેઠળના જાહેરનામા બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચે અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં પોલીસ ખાતાના અધિકારી/કર્મચારી/તાલીમાર્થીઓ તથા પોલીસ ખાતા તરફથી ખાસ ફરજ સોંપવામાં આવેલ હોય તે વ્યક્તિઓ સિવાય કોઈએ અવર-જવર કરવી નહી તેમજ હાજર રહેવું નહી અને નદીમાં હોડી હંકારવી નહી.

// અનુસૂચિ //

બહાદરપુર ગામની સીમના સર્વે નંબર- ૮૨૩ (બ) ની જમીનમાં તથા તેની આસપાસ નીચે દર્શાવેલ સર્વે નંબરની જમીનની ચર્તુદીશા નીચે મુજબ છે.

પૂર્વે :૮૨૫ પૈકીની જમીન આવેલી છે અને ઓરસંગ નદી આવેલી છે.

પશ્ચિમે : ૮૪૮,૮૪૯.૮૫૦ ની જમીન આવેલી છે.

દક્ષિણે : ૮૪૪, ૮૪૫ ની પડતર જમીન છે.

ઉત્તરે : ૭૫૫, ૭૫૬ ની જમીન આવેલી છે.

// પ્રતિબંધિત સમયગાળો //

સદરહુ જાહેરનામું તા.૨૦/૧૧/૨૦૨૫ થી તા.૨૧/૧૧/૨૦૨૫ દિન-૨(બે) ના સમયગાળા દરમિયાન અમલમાં રહેશે.

// શિક્ષા //

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર તથા તેમનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ તથા મારા તાબાના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૧/૧૧/૨૦૨૫ મુજબ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

// વાંચ્યા //

1. પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૭૧૩/૨૦૨૫, તા.૧૨/૦૯/૨૦૨૫.

2. અત્રેની કચેરીના જાહેરનામાં નં.એમએજી/વશી/૧૮૪૦/૨૦૨૫, તા.૧૬/૦૯/૨૦૨૫.

3. પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૯૯૩/૨૦૨૫, તા.૧૨/૧૧/૨૦૨૫.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

નં.એમએજી/વશી/૨૨૨૧/૨૦૨૫.–વંચાણ-(૧) થી જિલ્લાના શહેરી તેમજ અંતરીયાળ વિસ્તારોમાં આવેલ હોટલ/ગેસ્ટહાઉસમાં ત્રાસવાદી સંગઠનોના કે અન્ય ક્રિમીનલ માણસો રોકાય અને ત્રાસવાદી કે ક્રિમીનલ પ્રવૃત્તિને અંજામ આપવાની સંભાવનાઓ રહેલી છે. આ સંજોગોમાં આવા તત્ત્વો બાબતે સંપુર્ણ માહિતી મેળવી શકાય તેમજ તેના ઉપર અંકુશ લાવી શકાય તે અંગે હોટલ/ગેસ્ટહાઉસના માલિકો/સંચાલકોએ નિયમોનું પાલન કરવા તેમજ હોટલ/ગેસ્ટહાઉસ રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેક્ટીવીટી સાથેનું કોમ્પ્યુટર, સ્કેનર રાખવા તેમજ અમદાવાદ પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ Pathik (programme for Analysis of Traveller and Hotel Informatics) સોફ્ટવેર ઈન્સ્ટોલ કરાવી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું તા.૧૯/૦૯/૨૦૨૫ થી ૧૭/૧૧/૨૦૨૫ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ જે અન્વયે વંચાણ-(૨) થી તા.૧૯/૦૯/૨૦૨૫ થી તા.૧૭/૧૧/૨૦૨૫ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. વંચાણ-(૩) થી સદરહું જાહેરનામું દિન-૬૦ માટે રીન્યુ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની દરખાસ્ત અન્વયે ત્રાસવાદી/ અસામાજિક તત્વો હોટલો, ગેસ્ટહાઉસ કે ધર્મશાળામાં રૂમો ભાડે રાખી જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃતિને અંજામ આપતા હોય છે. આવા ગંભીર પ્રકારના ગુનાઓ ઉપર અંકુશ લાવવા તેમજ શોધી કાઢવા તમામ હોટલો, ગેસ્ટહાઉસ કે ધર્મશાળાના માલિકો પણ તંત્રને મદદરૂપ બની શકે તેવા શુભ આશયથી જિલ્લામાં આવેલ તમામ હોટલો, ગેસ્ટહાઉસો કે ધર્મશાળાના માલિકો દ્વારા રૂમો ભાડે આપતા પહેલા રૂમ ભાડે રાખનાર પાસેથી તેઓની ઓળખાણના પુરાવા જેવા કે ઓળખકાર્ડ, આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ, પાનકાર્ડ વિગેરેની નકલ મેળવીને જ રૂમ ભાડેથી આપે અને તે માટેનું અલાયદું રજિસ્ટર નિભાવે તે અત્યંત આવશ્યક છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર માન.જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં.એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

કૃત્યો

૧. જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુરની હકુમત હેઠળના તમામ વિસ્તારમાં આવેલ હોટલો, ગેસ્ટહાઉસ કે ધર્મશાળાના માલિકો દ્વારા તેમાં રહેવા આવતા નાગરિકોને રૂમો ભાડેથી આપે ત્યારે રૂમમાં રહેતા દરેક નાગરીકોની પ્રવેશ અંગે રાખવામાં આવતા ઈલાયદા રજિસ્ટરોમાં નોંધ કરી તે દરેક વયના નાગરીકોના ઓળખના પુરાવા જેવા કે, ઓળખકાર્ડ, આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ, પાન કાર્ડ વિગેરેની નકલ મેળવીને જ રૂમ ભાડેથી આપવામાં આવે તેમજ તે અંગેની જાણ ૨૪ કલાકમાં સબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે.

૨. દરેક હોટલ/ગેસ્ટહાઉસના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેક્ટીવીટી સાથેનું કોમ્પ્યુટર, સ્કેનર રાખવામાં આવે.

૩. અમદાવાદ પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ Pathik (Program for analysis of traveller & hotel informatics) સોફ્ટવેર ઈન્સ્ટોલ કરાવી તેમાં રોજરોજની વિગતો અપલોડ કરી અદ્યતન રાખવામાં આવે.

સમયગાળો

આ હુકમ તા.૧૮/૧૧/૨૦૨૫ થી ૧૬/૦૧/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા

બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૧૩/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

// વાંચ્યા //

1. પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૭૧૩/૨૦૨૫, તા.૧૨/૦૯/૨૦૨૫.

2. અત્રેની કચેરીના જાહેરનામાં નં.એમએજી/વશી/૧૮૪૧/૨૦૨૫, તા.૧૬/૦૯/૨૦૨૫.

3. પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૯૯૩/૨૦૨૫, તા.૧૨/૧૧/૨૦૨૫.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે બહાર પાડેલ.

નં.એમએજી/વશી/૨૨૨૨/૨૦૨૫.–વંચાણ-(૧) થી આગામી દિવસોમાં ધાર્મિક તેમજ રાષ્ટ્રીય તહેવારો આવનાર હોઈ, આવા તહેવારોના સમયગાળા દરમિયાન અસામાજિક તત્વો જિલ્લા વિસ્તારમાં અન્ય શહેર, રાજ્ય કે દેશમાંથી આવી કોઈના મકાન ભાડે રાખી રહેતા હોય છે. જેનાથી ગુનાહિત પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે હેતુસર ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે. જેથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું તા.૧૯/૦૯/૨૦૨૫ થી ૧૭/૧૧/૨૦૨૫ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ જે અન્વયે વંચાણ-(૨) થી તા.૧૯/૦૯/૨૦૨૫ થી તા.૧૭/૧૧/૨૦૨૫ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. વંચાણ-(૩) થી સદરહું જાહેરનામું દિન-૬૦ માટે રીન્યુ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર માન. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં.એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ આથી નીચે પ્રમાણે હુકમ કરૂ છું કે,

છોટાઉદેપુર જિલ્લા વિસ્તારમાં કોઈ વ્યક્તિ કે સંચાલકો મકાન/ઔધોગિક એકમો/ઓફિસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજ વિગેરે ભાડે આપે ત્યારે તથા ઘરઘાટી/ મજુરો રાખે ત્યારે સબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત, ભાડૂઆત, અને સંબંધિત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમ મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અ.નં.	મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગતઃ- કયા વિસ્તારમાં, કેટલા ચો. મી. બાંધકામ?	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસિક ભાડુ કેટલું?	જે વ્યક્તિઓને મકાન ભાડે આપેલ છે તથા ઘરઘાટી તરીકે રાખેલ હોય તો તેમના પાકા નામ, સરનામા, મોબાઇલ નંબર, ફોટા, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાઈસન્સ, પાનકાર્ડ તથા આધાર કાર્ડ પુરાવા રૂપે સાથે રાખવા	મકાન માલિકે ભાડૂઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ, સરનામું, મોબાઈલ નંબર, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાઈસન્સ તથા પાનકાર્ડ, આધાર કાર્ડ પુરાવા રૂપે સાથે રાખવા

અમલવારીનો વિસ્તાર

જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

અમલવારીનો સમય

સદરહું જાહેરનામું તા.૧૮/૧૧/૨૦૨૫ થી તા.૧૬/૦૧/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત)

સજા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ

અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૧૩/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

// વાંચ્યા //

1. પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૭૧૩/૨૦૨૫, તા.૧૨/૦૯/૨૦૨૫.

2. અત્રેની કચેરીના જાહેરનામાં નં.એમએજી/વશી/૧૮૪૨/૨૦૨૫, તા.૧૬/૦૯/૨૦૨૫.

3. પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૯૯૩/૨૦૨૫, તા.૧૨/૧૧/૨૦૨૫.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે બહાર પાડેલ.

નં.એમએજી/વશી/૨૨૨૩/૨૦૨૫.–વંચાણ-(૧) થી છોટાઉદેપુર જિલ્લામાં વિભિન્ન પ્રકારના મિલ્કત સંબંધી ગુનાઓ જેવા કે વાહનચોરી, ઘરફોડ ચોરી, જેવા ગુનાઓ બનતા હોય છે. જેથી જાહેર સ્થળોમાં લગાવવામાં આવેલ સી.સી.ટી.વી કેમેરા ગુનાઓ નિવારવા, ગુનાઓ શોધવા તથા ઈન્વેસ્ટીગેશનમાં ઉપયોગી અને મહત્વની કડીરૂપ બને છે.

જેથી અત્રેના છોટાઉદેપુર જિલ્લામાં જ્વેલર્સની દુકાનો તથા તમામ પ્રકારની દુકાનો, તમામ સરકારી તથા ખાનગી બેંકો, એ.ટી.એમ., ખાનગી હોસ્પિટલો, આંગડીયા પેઢી, શોપીંગ કોમ્પલેક્ષ, કોમર્શીયલ સેન્ટર આ જગ્યાઓના પાર્કિંગ/ભોંયરુ તથા ૧૦ થી વધુ સંખ્યામાં બેઠક ધરાવતા રેસ્ટોરન્ટ/ગેસ્ટ હાઉસ/લોજીંગ બોર્ડીંગ/ ધર્મશાળા/અતિથિ ગૃહ/વિશ્રામગૃહ/પેટ્રોલપંપ/બહુમાળી બિલ્ડીંગ/પાવર હાઉસ ઉપર સી.સી.ટી.વી.કેમેરા લગાડવા તથા ઉપર દર્શાવેલ જગ્યામાં પ્રવેશ થતા વ્યક્તિઓના ચહેરા સ્પષ્ટ રીતે દેખાય તથા ગાડીઓનાં નંબર પણ સ્પષ્ટ રીતે દેખાય તેવા સી. સી.ટી.વી. કેમેરા લગાવવા સારૂ તથા સી.સી.ટી.વી. નું રેકોર્ડિંગની જાળવણી દિન-૩૦ સુધી સંગ્રહ કરી શકાય તથા હોટલ/ધર્મશાળા/ગેસ્ટ હાઉસ વિગેરે જગ્યાઓએ મુસાફરોની જરૂરી આઈ.ડી./એડ્રેસ/મુલાકાતનું કારણ તથા ખાનગી વાહનના રજીસ્ટ્રેશનના નંબરોની રજીસ્ટરમાં નોંધ રહે તે સારુ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ જે અન્વયે વંચાણ-(૨) થી તા.૨૪/૦૯/૨૦૨૫ થી તા.૨૨/૧૧/૨૦૨૫ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. વંચાણ-(૩) થી સદરહું જાહેરનામું દિન-૬૦ માટે રીન્યુ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર માન.જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં.એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબની જગ્યાઓ ઉપર સી.સી.ટી.વી કેમેરા ગોઠવવા આથી હુકમ કરૂ છું.

(૧) જવેલર્સની દુકાનો તથા તમામ પ્રકારની દુકાનો, સરકારી તથા ખાનગી બેંકો, એટીએમ, ખાનગી હોસ્પિટલો, આંગડીયાપેઢી, શોપીંગ કોમ્પલેક્ષ/ થિયેટર્સ/કોમર્શીયલ સેન્ટર ઉપર સિક્યુરીટીને ધ્યાને લઇ પ્રવેશ દ્વાર પર ઉપર સી.સી.ટી.વી કેમેરાની ગોઠવણી કરવી. તેમજ આ જગ્યાઓના પાર્કીંગ/ભોંયરું/તમામ માળ ઉપર સી.સી.ટી.વી કેમેરાની ગોઠવણી કરવી. જેમાં Image-color, image sensor 1/3 minimum, support-TCP/IP and remote monitoring, Resolution-600 TVL Min, Compression-H.264/MJPEG, System data storage-15 days min, With back light compensation and night vision capability વાળા સી.સી.ટી.વી કેમેરા ગોઠવવા.

(૨) ૧૦ થી વધુ સંખ્યામાં બેઠક ધરાવતા રેસ્ટોરન્ટ/ ગેસ્ટ હાઉસ/ લોજીંગ બોર્ડીંગ / ધર્મશાળા/ અતિથી ગૃહ/ વિશ્રામ ગૃહ/ પેટ્રોલ પંપ/ બહુમાળી બિલ્ડીંગ/ પાવર હાઉસ વિગેરે ઉપર સી.સી.ટી.વી કેમેરા લગાડવા, તથા ઉપર દર્શાવેલ જગ્યામાં પ્રવેશ થતા વ્યક્તિઓના ચહેરા સ્પષ્ટ રીતે દેખાય તથા ગાડીઓના નંબર પણ સ્પષ્ટ રીતે દેખાય તે રીતે સી.સી.ટી.વી કેમેરાની ગોઠવણી કરવી. સી.સી.ટી.વી કેમેરાના રેકોર્ડીંગની જાળવણી દિન-૩૦ સુધી સંગ્રહ કરવી.

(૩) હોટલ/ ધર્મશાળા/ ગેસ્ટ હાઉસ વિગેરે જગ્યાઓએ મુસાફરોની જરૂરી આઈ.ડી/ એડ્રેસ/ મુલાકાતનું કારણ તથા ખાનગી વાહનના રજીસ્ટ્રેશન નંબરોની રજીસ્ટરમાં નોંધ કરી મુસાફરોને ઉતારો આપવો.

અમલવારીનો વિસ્તાર

જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

અમલવારીનો સમય

સદરહું જાહેરનામું તા.૨૩/૧૧/૨૦૨૫ થી તા.૨૧/૦૧/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત)

સજા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૧૩/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

// વાંચ્યા //

1. પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૭૧૩/૨૦૨૫, તા.૧૨/૦૯/૨૦૨૫.
2. અત્રેની કચેરીના જાહેરનામાં નં.એમએજી/વશી/૧૮૪૩/૨૦૨૫, તા.૧૬/૦૯/૨૦૨૫.
3. પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૯૯૩/૨૦૨૫, તા.૧૨/૧૧/૨૦૨૫.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે બહાર પાડેલ.

નં.એમએજી/વશી/૨૨૨૪/૨૦૨૫.–વંચાણ-(૧) થી છોટાઉદેપુર જિલ્લામાં હાલના સંજોગો તેમજ ભૂતકાળમાં બનેલ બનાવોને ધ્યાને લેતાં જાહેર શાંતિ અને સલામતિ જાળવવા પગલાં લેવા જિલ્લામાં બનતા ગુનાઓમાં છરી, ચપ્પા, ખંજર, પાળીયા, ધારીયા, તલવાર તથા રામપુરી ચપ્પાના ઉપયોગ આવા હથિયારોથી બનેલ છે. ભવિષ્યમાં પણ આવા ગંભીર પ્રકારના ગુનાઓ બને તે શક્યતા નકારી શકાય તેમ નથી આવા ગંભીર પ્રકારના બનતા બનાવોના કારણે જાહેરશાંતિ અને સલામતિ જોખમાય નહી તે હેતુસર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ જે અન્વયે વંચાણ-(૨) થી તા.૧૯/૦૯/૨૦૨૫ થી તા.૧૭/૧૧/૨૦૨૫ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. વંચાણ-(૩) થી સદરહું જાહેરનામું દિન-૬૦ માટે રીન્યુ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું, શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, માન.જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં.એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

કૃત્યો

શસ્ત્રો, ડંડા, લાકડી, લાઠી, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર (અઢી ઈંચથી વધારે લાંબુ છેડેથી અણી વાળુ પાનું હોય) જેવા ચપ્પા તથા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની કે અન્ય રીતે સ્વ બચાવ સિવાય સાથે રાખીને ફરવાની મનાઈ.

વિસ્તાર

સમગ્ર છોટાઉદેપુર જિલ્લો અથવા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરની હકુમતનો સમગ્ર વિસ્તાર

અમલવારીનો સમયગાળો

આ હુકમ તા.૧૮/૧૧/૨૦૨૫ થી તા.૧૬/૦૧/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

અપવાદ

આ જાહેરનામું જે વ્યક્તિઓ સરકારી અથવા અર્ધ સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય અને તેમને જેના ઉપરી અધિકારીઓએ આવુ

કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને લાગુ પડશે નહિ.

સજા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૧૩/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

// વાંચ્યા //

1. પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૭૧૩/૨૦૨૫, તા.૧૨/૦૯/૨૦૨૫.
2. અત્રેની કચેરીના જાહેરનામાં નં.એમએજી/વશી/૧૮૪૪/૨૦૨૫, તા.૧૬/૦૯/૨૦૨૫.
3. પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૯૯૩/૨૦૨૫, તા.૧૨/૧૧/૨૦૨૫.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે બહાર પાડેલ.

નં.એમએજી/વશી/૨૨૨૫/૨૦૨૫–વંચાણ-(૧) થી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરના કાર્યક્ષેત્ર વિસ્તાર જેવા કે જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા સેવા સદનમાં આવેલ સરકારી કચેરીઓ, તાબાની પ્રાંત કચેરીઓ, નગરપાલિકાઓ, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉક્ત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે. અથવા તો ગેરકાયદેસરની પ્રવૃત્તિ ઉલટી સીધી વાતો કરી જહેર જાહેર જનતાને ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી રીતે લલચાવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી રીતે લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યક્તિ/ઈસમો પ્રવૃત્તિ કરી રહેલ હોવાથી આવા વ્યક્તિઓ/ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવા બાબતે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ જે અન્વયે વંચાણ-(૨) થી તા.૧૯/૦૯/૨૦૨૫ થી તા.૧૭/૧૧/૨૦૨૫ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. વંચાણ-(૩) થી સદરહું જાહેરનામું દિન-૬૦ માટે રીન્યુ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર માન. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં.એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ આથી નીચે પ્રમાણે હુકમ કરૂ છું.

છોટાઉદેપુર જિલ્લામાં આવેલ જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા સેવા સદનમાં આવેલ સરકારી કચેરીઓ, તાબાની પ્રાંત કચેરીઓ, તાલુકાની મામલતદાર કચેરીઓ, નગરપાલિકાઓ, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની કચેરીઓ તેમજ જ્યાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના સરકારી કામ માટે આવતી હોય તેવી અન્ય તમામ સરકારી કચેરીઓમાં પોતાના સરકારી કામ માટે આવેલા હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળકી, સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યક્તિઓ/ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો વિસ્તાર

જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

અમલવારીનો સમય

આ હુકમ તા.૧૮/૧૧/૨૦૨૫ થી તા.૧૬/૦૧/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત)

સજા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૧૩/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

// વાંચ્યા //

1. પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૭૧૩/૨૦૨૫, તા.૧૨/૦૯/૨૦૨૫.
2. અત્રેની કચેરીના જાહેરનામાં નં.એમએજી/વશી/૧૮૪૫/૨૦૨૫, તા.૧૬/૦૯/૨૦૨૫.
3. પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૯૯૩/૨૦૨૫, તા.૧૨/૧૧/૨૦૨૫.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે બહાર પાડેલ.

નં.એમએજી/વશી/૨૨૨૬/૨૦૨૫.–વંચાણ-(૧) થી જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવાસદન/નગરપાલિકાએ પોતાના કામ અર્થાત નાગરીકોને કોઈ અગવડ ન પડે તે માટે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ જે અન્વયે વંચાણ-(૨) થી તા.૨૧/૦૯/૨૦૨૫ થી તા.૧૯/૧૧/૨૦૨૫ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. વંચાણ-(૩) થી સદરહું જાહેરનામું દિન-૬૦ માટે રીન્યુ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર માન.જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં.એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું.

જિલ્લા સેવા સદન છોટાઉદેપુર તથા જિલ્લાના છોટાઉદેપુર, બોડેલી, નસવાડી, જેતપુરપાવી, કવાંટ તથા સંખેડા તાલુકા સેવા સદન, છોટાઉદેપુર નગરપાલિકાની બહાર કે સદર જિલ્લા/તાલુકા સેવાસદન/નગરપાલિકા ખાતેના પરિસરથી ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં આ જાહેરનામાં અન્વયે સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય, અનઅધિકૃત/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ વ્યક્તિઓએ એકી સાથે કોઈપણ જગ્યાએ ભેગા થઈને કોઈ મંડળી બનાવી ધરણા, આવેદનપત્ર આપવા, પ્રતિક ધરણા, ભુખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા, સંગઠીત થઈ રેલી કાઢવા ઉપર મનાઈ ફરમાવું છું.

અમલવારીનો સમય

સદરહું હુકમ તા.૨૦/૧૧/૨૦૨૫ થી તા.૧૮/૦૧/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત)

અમલવારીનો વિસ્તાર

છોટાઉદેપુર જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

અપવાદ

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ ઉપર હોય તથા સ્મશાન યાત્રા અને લગ્નના વરઘોડાને લાગુ પડતુ નથી.

સજા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ તથા મારા તાબાના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૩/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

// વાંચ્યા //

1. પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૭૧૩/૨૦૨૫, તા.૧૨/૦૯/૨૦૨૫.

2. અત્રેની કચેરીના જાહેરનામાં નં.એમએજી/વશી/૧૮૪૬/૨૦૨૫, તા.૧૬/૦૯/૨૦૨૫.

3. પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૯૯૩/૨૦૨૫, તા.૧૨/૧૧/૨૦૨૫.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

નં.એમએજી/વશી/૨૨૨૭/૨૦૨૫.–વંચાણે-(૧) થી રાજયમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ આંતકવાદી તત્વો ધ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બે બ્લાસ્ટ ધ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જુની સાયકલો તેમજ જુના સ્કુટર અને જુની કારો તથા અન્ય જુના વાહનો તથા તેના સ્પેર પાર્ટોનો ઉપયોગ આ તત્વો ધ્વારા કરાતો હોય છે અને આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજ્ય બહારના પરપ્રાંતીય વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે જાહેર સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીક તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળાતી હોય છે.

જેથી આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારૂ ભંગારનો સામાન ખરીદવા-વેચવા અંગે જો એક જાહેરનામું જાહેર હિત માટે બહાર બહાર પાડવામાં આવે અને તેનો અમલ પુરેપુરો કરાવવામાં આવે તો આંતકવાદી તત્વો ધ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃત્તિને અંજામ આપતા પહેલા જ અંકુશમાં લઈ શકાય. જેથી કોઈપણ જુનો ભંગારનો સામાન વેચનાર વ્યક્તિએ તેમજ ખરીદનાર વ્યક્તિઓએ રજીસ્ટર નિભાવવાનું રહેશે તથા વેચાણ/ખરીદ કરેલ ભંગારના સામાનની વિગતો રાખવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર માન.જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં.એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ છોટાઉદેપુર જિલ્લામાં કોઈપણ જૂનો ભંગારનો સામાન વેચનાર વ્યક્તિએ તેમજ ખરીદનાર વ્યક્તિએ નીચે મુજબનાં નમુનામાં રજીસ્ટર નિભાવવા તથા વેચાણ/ખરીદ કરેલ ભંગારના સામાનની વિગતો રાખવા ફરમાવું છું.

અ.નં.	ભંગાર લાવનારનું આઈડી પ્રુફની વિગત	ભંગાર કોની પાસેથી લાવ્યા તેનું નામ, સરનામું મોબાઈલ નંબર	ભંગાર કઈ તારીખે લાવ્યા	કેવા-કેવા પ્રકારનો ભંગાર લાવવામાં આવેલ તેની વિગત	ભંગાર કોને વેચવામાં આવ્યો તેનું નામ, સરનામું મોબાઈલ નંબર	ભંગાર કઈ તારીખે વેચવામાં આવ્યો

(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)

વિસ્તાર

સમગ્ર છોટાઉદેપુર જિલ્લો અથવા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી છોટાઉદેપુરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અમલવારીનો સમયગાળો

આ હુકમ તા.૧૬/૧૧/૨૦૨૫ થી તા.૧૪/૦૧/૨૦૨૬ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથો સાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલ પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૧૩/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

// વાંચ્યા //

1. પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૭૧૩/૨૦૨૫, તા.૧૨/૦૯/૨૦૨૫.
2. અત્રેની કચેરીના જાહેરનામાં નં.એમએજી/વશી/૧૮૪૭/૨૦૨૫, તા.૧૬/૦૯/૨૦૨૫.
3. પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૯૯૩/૨૦૨૫, તા.૧૨/૧૧/૨૦૨૫.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

નં.એમએજી/વશી/૨૨૨૮/૨૦૨૫.– વંચાણે-(૧) થી રાજયમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો, ઈન્પુટો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ અને તાજેતરમાં વિવિધ જગ્યાઓએ બોમ્બે બ્લાસ્ટ ધ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે. તે આધારે હાલમાં બજારમાં મોબાઈલ ફોનના સીમકાર્ડ માન્ય પુરાવાની તેમજ ખરીદનાર વ્યક્તિની યોગ્ય ચકાસણી ના અભાવે તેમજ બોગસ દસ્તાવેજોના આધારે સીમકાર્ડ મેળવતા હોય છે. અને તે સીમકાર્ડો આધારે રાજ્ય તેમજ જિલ્લામાં બનાવટી કોલ દ્વારા ધમકી અપવાના, સાયબર ક્રાઈમને લગતા ગુના, ખંડણી માગવાના, અપશબ્દો બોલવાના, મહીલાઓની જાતિય સતામણી કરવાના તેમજ માહીતી આપવાના કિસ્સાઓ તથા ઘરફોડ ચોરીઓ, લુટ-ધાડ, ચીલઝડપ, વિગેરે ગુનાઓને અંજામ આપતા હોય તે બાદમાં ગુંહામાં વપરાયેલ મોબાઈલ અન્વયે વેચી દેતા હોય જે ભૂતકાળમાં બનેલ બનાવો પરથી જણાઈ આવેલ છે. તે માટે મોબાઈલ ફોન તથા સીમકાર્ડની લે-વેચ કરતા દુકાનદારો ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે.

ઘણી વખત તપાસ એજન્સીઓ મારફતે વપરાશ કરતા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે છે કે તેમણે કોઈ અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ ફોન ખરીદેલ જે મોબાઈલ ફોન ખરીદનાર/વેચનારને ચોરાયેલ અથવા ગુનામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને ગુનાના મુળ સુધી તપાસ એજન્સી પહોંચે ત્યારે જાણવા મળે છે કે એમને કોઈ અજાણી વ્યક્તિએ આપેલ છે. જેના કારણે ચોક્કસ આરોપી પકડી શકાતો નથી. જે બાબતોને ધ્યાને રાખી જિલ્લાના મોબાઈલ/સીમકાર્ડ ડિસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલ સીમકાર્ડ તેમજ જુના-નવા મોબાઈલ ફોન વેચાણ કરતી વખતે સીમકાર્ડ તથા મોબાઈલ ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખ પત્ર, રહેઠાણનો પુરાવો વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઈલ વેચવા સંદર્ભમાં ખરીદ કરનારના નામ સરનામાની માહીતીનું રજીસ્ટર નિભાવવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ જે અન્વયે વંચાણ-(૨) થી તા.૧૭/૦૯/૨૦૨૫ થી તા.૧૫/૧૧/૨૦૨૫ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. વંચાણ-(૩) થી સદરહું જાહેરનામું દિન-૬૦ માટે રીન્યુ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, છોટાઉદેપુર માન. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી છોટાઉદેપુરઓના હુકમ નં.એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪ તા.૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ છોટાઉદેપુર જિલ્લામાં આવેલ તમામ મોબાઈલ/સીમકાર્ડ ડિસ્ટ્રીબ્યુટર/રીટેઈલર વિક્રેતાઓ દ્વારા મોબાઈલ સીમકાર્ડ તેમજ જુના-નવા મોબાઈલ ફોન વેચાણ કરતી

વખતે સીમકાર્ડ તથા મોબાઇલ ફોન ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખપત્ર, રહેઠાણનો પુરાવો વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સીમકાર્ડ તેમજ મોબાઈલ વેચવા સંદર્ભમાં ખરીદ કરનારના નામ સરનામાની માહીતીનું નીચે મુજબના નમુનામાં રજીસ્ટર નિભાવવાનું તથા વેચાણ /ખરીદ ભંગારના સામાનની વિગતો રાખવા ફરમાઈ છું

મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલ ફોનની વિગત/ કંપની નામ	IMEI No.	મોબાઈલ વેચનાર/ખરીદનારના નામ અને સરનામાની વિગત	આઈ.ડી. પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

નવા/જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	મોબાઈલ ફોનની વિગત/ કંપની	IMEI No.	મોબાઈલ વેચનાર/ખરીદનારનું નામ, સરનામાંની વિગત	આઈ.ડી. પ્રુફની વિગત
૧	૨	૩	૪	૫

નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજિસ્ટર

અ.નં.	સીમકાર્ડની વિગત/ કંપનીનું નામ	સીમકાર્ડ No.	સીમકાર્ડ ખરીદનારનું નામ, સરનામાની વિગત	આઈ.ડી. પ્રુફની વિગત	સીમ કાર્ડ ખરીદનારની સહિ
૧	૨	૩	૪	૫	૬

વિસ્તાર

સમગ્ર છોટાઉદેપુર જિલ્લો અથવા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી છોટાઉદેપુરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અમલવારીનો સમયગાળો

આ હુકમ તા.૧૬/૧૧/૨૦૨૫ થી તા.૧૪/૦૧/૨૦૨૬ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

સજા

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતાની ૨૦૨૩ કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથો સાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલ પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૧૩/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

// વાંચ્યા //

1. પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૭૧૩/૨૦૨૫, તા.૧૨/૦૯/૨૦૨૫.
2. અત્રેની કચેરીના જાહેરનામાં નં.એમએજી/વશી/૧૮૪૮/૨૦૨૫, તા.૧૬/૦૯/૨૦૨૫.

3. પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૯૯૩/૨૦૨૫, તા.૧૨/૧૧/૨૦૨૫.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

નં.એમએજી/વશી/૨૨૨૯/૨૦૨૫.– વંચાણે-(૧)રાજયમાં ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત પ્રસિધ્ધ થતા અહેવાલો તથા વર્તમાનમાં અને ભુતકાળમાં બનેલ આંતકવાદી તત્વો ધ્વારા વિવિધ જગ્યાઓએ બોમ્બે બ્લાસ્ટ ધ્વારા જાનહાની, માલ-મિલ્કતોને નુકશાન પહોંચાડી ભયનો માહોલ સર્જવાની ઘટનાઓ ઘટેલ છે અને આ ઘટનાઓમાં મોટે ભાગે બોમ્બ બ્લાસ્ટ માટે જુની સાયકલો તેમજ જુના સ્કુટર અને જુની કારો તથા અન્ય જુના વાહનો તથા તેના સ્પેર પાર્ટોનો ઉપયોગ આ તત્વો ધ્વારા કરાતો હોય છે અને આ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરતા તત્વો મોટે ભાગે રાજ્ય બહારના પરપ્રાંતીય વિસ્તારમાંથી પ્રવેશી ભૌગોલીક પરિસ્થિતિથી વાકેફ થઈ આ પ્રકારની પ્રવૃત્તિ આચરતા હોય છે. જેના કારણે જાહેર સલામતી સુરક્ષા તેમજ શાંતિનું વાતાવરણ જોખમાવાના કારણે આમ નાગરીક તેમજ પ્રજામાં અસુરક્ષાનો માહોલ ફેલાય છે અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળાતી હોય છે.

જેથી આ પ્રકારના તત્વોને નિયંત્રણમાં લેવા સારૂ નીચે જણાવેલ શરતો ને આધિન રહી જુના સ્કુટર તેમજ સાયકલો ખરીદવા-વેચવા અંગે જો એક જાહેરનામું જાહેર હિત માટે બહાર બહાર પાડવામાં આવે અને તેનો અમલ પુરેપુરો કરાવવામાં આવે તો આંતકવાદી તત્વો ધ્વારા આચરવામાં આવતી બોમ્બ બ્લાસ્ટની પ્રવૃત્તિને અંજામ આપતા પહેલા જ અંકુશમાં લઈ શકાય. જેથી કોઈપણ જુની કાર સાયકલ અને સ્કુટર વેચનાર વ્યક્તિએ તેમજ ખરીદનાર વ્યક્તિએ નીચે મુજબના કોલમ વાઈઝની માહીતી અંગેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે તથા વેચાણ/ખરીદ કરેલ વાહનોના કાગળોની ઝેરોક્ષ પણ રાખવાની રહેશે. તે અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ જે અન્વયે વંચાણ-(૨) થી તા.૧૭/૦૯/૨૦૨૫ થી તા.૧૫/૧૧/૨૦૨૫ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. વંચાણ-(૩) થી સદરહું જાહેરનામું દિન-૬૦ માટે રીન્યુ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, છોટાઉદેપુર માન. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી છોટાઉદેપુરના ઓના હુકમનં. એમએમજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪ તા.૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ છોટાઉદેપુર જિલ્લામાં કોઈપણ જુની કાર સાયકલ અને સ્કુટર વેચનાર વ્યક્તિએ તેમજ ખરીદનાર વ્યક્તિએ નીચે મુજબના કોલમ વાઈઝની માહીતી અંગેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે તથા વેચાણ/ખરીદ કરેલ વાહનોના કાગળોની ઝેરોક્ષ પણ રાખવા ફરમાવું છું.

અ.નં.	વેચનારનું નામ સરનામું અને વેચવાનું કારણ.	ખરીદનારનું પુરેપુરૂ નામ સરનામું, મોબાઈલ નંબર.	ખરીદનારનું આઈ.ડી. પ્રુફ તથા રેસીડન્ટ પ્રુફની વિગત.	જુનુ વાહન ખરીદવાનું/ ખરીદયા અંગેનું કારણ અને તારીખ.	એન્જીન/ચેચીસ નંબર/ મોડલ નંબર/રજીસ્ટેશન નંબર વિગેરેની વિગત અંગેની ઝેરોક્ષ રાખવી.
૧	૨	૩	૪	૫	૬

વિસ્તાર

સમગ્ર છોટાઉદેપુર જિલ્લો અથવા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી છોટાઉદેપુરની હકુમતનો સમગ્ર વિસ્તાર.

અમલવારીનો સમયગાળો

આ હુકમ તા.૧૬/૧૧/૨૦૨૫ થી તા.૧૪/૦૧/૨૦૨૬ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથો સાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલ પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૧૩/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

// વાંચ્યા //

1. પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૮૦૩/૨૦૨૫, તા.૦૪/૧૦/૨૦૨૫.

2. અત્રેની કચેરીના પત્ર નં.એમએજી/વશી/૨૦૫૩/૨૦૨૫, તા.૦૭/૧૦/૨૦૨૫.

3. પોલીસ અધિક્ષકશ્રીના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૯૯૩/૨૦૨૫, તા.૧૨/૧૧/૨૦૨૫.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડેલ.

નં.એમએજી/વશી/૨૨૩૦/૨૦૨૫.–વંચાણે-(૧) થી Handling of Conventional Aerial Platform Threats in the Country અન્વયેની એસ.ઓ.પી. અન્વયે ડ્રોન હુમલા થવાની શક્યતા ધરાવતા છોટાઉદેપુર જિલ્લામાં આવેલ ક્રિટીકલ/સ્ટ્રેટેજીક મહત્વમાં કુલ-૩૬ ઈન્સ્ટોલેશન આવેલા છે. જેમા કુલ-૨૨ ઈન્સ્ટોલેશન જગ્યાની સુરક્ષાની જવાબદારી છોટાઉદેપુર પોલીસની છે. UAV (Unmanned Aerial Vehicle) કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલ ડ્રોન અથવા રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફટ કે પેરાગ્લાઈડર જેવા સંસાધનોથી દેશ વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈને છોટાઉદેપુર જિલ્લામાં આવેલ ક્રિટીકલ સ્ટ્રેટેજીક મહત્વના ઈન્સ્ટોલેશનવાળા સ્થળોને હાની પહોંચાડવાની શકયતા નકારી શકાય નહીં તેમજ જમ્મુ કાશ્મીરમાં બનેલ ડ્રોન હુમલાના બનેલ બનાવ તથા આ પ્રકારના સંસાધનોથી શહેરમાં આંતક ફેલાવી, સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શકયતા રહેલી છે. જેથી પોતાના અંગત વ્યવસાય માટે ઉપર જણાવેલ UAV ઉપર નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

છોટાઉદેપુર જિલ્લા વિસ્તારમાં આવેલ UAV (Unmanned Aerial Vehicle) કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલ ડ્રોન અથવા રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફટ કે પેરાગ્લાઈડર ચલાવનાર સંચાલકે ક્રમ નં ૦૧ થી ૩૬ માં જણાવેલ વિસ્તાર કે જે ક્રિટીકલ / સ્ટ્રેટેજીક મહત્વ ઈન્સ્ટોલેશનવાળા વિસ્તારની પ્રમાઈસીસ/કિલોમીટર સુધીના પ્રિમાઈસીસના પરીઘમાં "UAV (Unmanned Aerial Vehicle) નો ફલાય ઝોન" ઉપર કોઈ પણ જાતના રીમોટ કંટ્રોલ સંચાલીત કેમેરા લગાડેલ ડ્રોન અથવા રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફટ કે પેરાગ્લાઈડર જેવા સંસાધનોથી દેશ વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈને છોટાઉદેપુર જિલ્લામાં આવેલ ક્રિટીકલ/સ્ટ્રેટેજીક મહત્વ ઈન્સ્ટોલેશનવાળા સ્થળોને હાની પહોંચાડવાની શકયતા નકારી શકાય નહીં જેથી સદર વિસ્તારની આંતરીક સુરક્ષાને ધ્યાને રાખી નીચેના પત્રકમાં જણાવેલ ક્રિટીકલ/સ્ટ્રેટેજીક મહત્વના ઈન્સ્ટોલેશનવાળા વિસ્તારમા ફલાઈંગ ઓબ્જેકટના સાધનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધીત કરવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ જે અન્વયે વંચાણ-(૨) થી તા.૦૭/૧૦/૨૦૨૫ થી તા.૧૯/૧૧/૨૦૨૫ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું જેની મુદત પૂર્ણ થતા વંચાણ-(૩) થી સદરહું જાહેરનામું દિન-૬૦ સુધી રીન્યુ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, છોટાઉદેપુર માન. જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી છોટાઉદેપુરનાઓના હુકમ નં એમ એજી વશી/૨૯૦૨/૨૦૨૪ થી મળેલ સત્તાની રૂએ છોટાઉદેપુર જિલ્લામાં નીચેના પત્રકમાં જણાવેલ આવેલ ક્રિટીકલ/સ્ટ્રેટેજીક મહત્વના ઈન્સ્ટોલેશનવાળા વિસ્તારમાં ફલાઈંગ ઓબ્જેકટના સાધનોનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધીત ફરમાવું છું.

Sr. No.	Name of Place	Full Postal Address	Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA Circular Dated 8th Nov-2018
1	2	3	4
1	Sub Jail, Chhotaudepur	Kasba Jail Road, Chhotaudepur	250 mtr distance from perimeter
2	Sub Jail, Sankheda	Opp. Shankheda Police Station	250 mtr distance from perimeter
3	Electrical Power Sub Station	Vasedi, Chhotaudepur	100 mtr distance from perimeter
4	Electrical Power Sub Station, Kawant	Naswadi Road	100 mtr distance from perimeter
5	Electrical Power Sub Station Naswadi	Kawant Road	100 mtr distance from perimeter
6	Electrical Power Sub Station Jetpurpavi	Tarapur Road, Jetpurpavi	100 mtr distance from perimeter
7	Electrical Power Sub Station Bodeli	Bodeli Halol Road, Bodeli	100 mtr distance from perimeter
8	Electrical Power Sub Station, Sankheda	Makani Road, Sankheda	100 mtr distance from perimeter
9	Geeta Gas Agency, Chhotaudepur	Chhotaudepur	100 mtr distance from perimeter
10	Kuber Gas Agency, Naswadi	Akona Road, Naswadi	100 mtr distance from perimeter
11	Hari Krupa Gas Agency, Kawant	Ramnagar Society Bodeli Road, Kawant	100 mtr distance from perimeter
12	Navdurga Gas Agency, Jetpurpavi	Dungarvant Road, Jetpurpavi	100 mtr distance from perimeter
13	Vaisali Gas Agency, Bodeli	Gajanand Complex, Bodeli	100 mtr distance from perimeter
14	Bharat Gas Agency, Sankheda	Handoad Road, Sankheda	100 mtr distance from perimeter
15	District Judge Residence, Chhotaudepur	Alirajpur Highway Road, Panchvati Bungalows, Chhotaudepur	100 mtr distance from perimeter

16	District Collector Residence, Chhotaudepur	Alirajpur Highway Road, Panchvati Bungalows, Chhotaudepur	100 mtr distance from perimeter
17	District Superintendent of Police Residence, Chhotaudepur	Alirajpur Highway Road, Panchvati Bungalows, Chhotaudepur	100 mtr distance from perimeter
18	District Court, Chhotaudepur	Secretariat Buidling, Chhotaudepur	100 mtr distance from perimeter
19	SP Office, Chhotaudepur	Chhotaudepur-Vadodara Highway, Ghelvant, Chhotaudepur	100 mtr distance from perimeter
20	Collector Office, Chhotaudepur	District Seva Sadan, Chhotaudepur	100 mtr distance from perimeter
21	Telephone Office, Chhotaudepur	Near Petrol Pump, Char Rasta, Chhotaudepur	100 mtr distance from perimeter
22	Hanuman Mandir, Zand	At. Zand	100 mtr distance from perimeter
23	Narmada Main Canal Under Bridge	At. Koshindra, Ta. Bodeli	50 mtr distance from perimeter
24	Narmada Main Canal Over Bridge	At. Alhadpura, Ta. Bodeli	50 mtr distance from perimeter
25	Chhotaudepur Vanar Road Under Bridge	Chhotaudepur Vanar Road	50 mtr distance from perimeter
26	Rangpur Naka, Chhotaudepur	Alirajpur Highway Road, Chhotaudepur	100 mtr distance from perimeter
27	Bus Station, Chhotaudepur	Near Petrol Pump, Char Rasta, Chhotaudepur	100 mtr distance from perimeter
28	Bus Station, Bodeli	Alipura, Bodeli	100 mtr distance from perimeter
29	Railway Station, Chhotaudepur	Near Circuit House, Chhotaudepur	50 mtr distance from perimeter
30	Railway Station, Jetpurpavi	Bodeli Road, Jetpurpavi	50 mtr distance from perimeter
31	Railway Station, Bodeli	Bodeli	50 mtr distance from perimeter
32	Railway Station, Chuchhapura	At. Chuchhapura, Ta. Sankheda	50 mtr distance from perimeter
33	CHC Hospital, Chhotaudepur	Near Gokuldham Society, Chhotaudepur	100 mtr distance from perimeter
34	Sukhi Dam	At. Dungarwant, Ta. Jetpurpavi	2 mtr distance from perimeter
35	Tank Water Supply	At. Kadipani, Ta. Kawant	100 mtr distance from perimeter
36	Milk Cold Store	At. Alhadpura, Ta. Bodeli	100 mtr distance from perimeter

વિસ્તાર

છોટાઉદેપુર જિલ્લામાં ઉપરના પત્રકમાં જણાવ્યાં મુજબના ક્રિટીકલ/સ્ટ્રેટેજીક મહત્વના ઈન્સ્ટોલેશનવાળા વિસ્તારમાં પત્રકના કોલમ નં-૪માં જણાવેલ મીટર/કિમી નો વિસ્તાર.

અમલવારીનો સમયગાળો

આ હુકમ તા.૨૦/૧૧/૨૦૨૫ થી તા.૧૮/૦૧/૨૦૨૬ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

સજા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથો સાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલ પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૧૩/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

// વાંચ્યા //

1. પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૮૬૭/૨૦૨૫, તા.૧૫/૧૦/૨૦૨૫.

2. અત્રેની કચેરીના જાહેરનામાં નં.એમએજી/વશી/૨૧૧૧/૨૦૨૫, તા.૧૫/૧૦/૨૦૨૫.

3. પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરના પત્ર ક્રમાંક : LIB/જાહેરનામું/૧૯૯૩/૨૦૨૫, તા.૧૨/૧૧/૨૦૨૫.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૧૬૩ અન્વયે બહાર પાડેલ.

નં.એમએજી/વશી/૨૨૩૧/૨૦૨૫.-વંચાણે-(૧) થી છોટાઉદેપુર જિલ્લાના હદ વિસ્તારમાં આવેલ અલગ-અલગ ઔદ્યોગિક એકમોમાં અને અન્ય ખાનગી એકમો તરફથી મોટી સંખ્યામાં સંગઠીત શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે છે. અવાર-નવાર ધાડ, લુંટ વિગેરે ગંભીર પ્રકારના બનાવો બનતા હોય છે. ગુજરાત રાજ્ય બહારથી મજૂરો કડીયાકામ, ઈંટોના ભઠ્ઠા, હોટલ-ધાબા, રેસ્ટોરન્ટ, ફેકટરી, કારખાનામા, સોના-ચાંદી દાગીનાના કારીગરો નાનીમોટી ખાણીપીણીની દુકાનો, લારીઓ ઉપર કામ ધંધા રોજગાર મેળવવા અર્થે આવતા હોય છે. અને આ મજૂરો/કારીગરો જે તે સાઈડ (સ્થળ)/હોટલ-ધાબા/રેસ્ટોરન્ટ/ફેક્ટરી/કારખાનામાં રહેતા હોય છે. આ મજૂરો/કારીગરોને જે તે વિસ્તારના કોન્ટ્રાક્ટરો/મુકાદમો/હોટલ-ધાબા/રેસ્ટોરન્ટ/ફેકટરી/કારખાના માલિકો દ્વારા લાવવામાં આવતા હોય છે, જેઓને રોજગારી આપતી વખતે રોજગારી આપનાર સંસ્થા/એકમો તરફથી શ્રમિકો/કામદારોનો કોઈ પૂર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અનુસરવામાં આવતી નથી. જેના કારણે અસામાજિક તત્વો ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યકિતઓ અને ભારતીય નાગરિકતા નહી ધરાવતી વ્યકિતઓને રોજગારી આપી દેવામાં આવે છે. જે દેશારાજ્યની આંતરિક સુરક્ષા માટે અનિચ્છનિય છે તે ઈસમોને લાવનાર કોન્ટ્રાક્ટરો/મુકાદમો/હોટલ-ધાબા/રેસ્ટોરન્ટ/ફેક્ટરી/કારખાના માલિકો ઉપર ચોકકસ પ્રકારનાં નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી ઉપરોકત હકીકત ધ્યાને લઈ છોટાઉદેપુર જિલ્લાના કાર્યક્ષેત્રમાં કોઈપણ સંસ્થા/એકમ તરફથી શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે ત્યારે સંસ્થા/એકમો દ્વારા આ શ્રમિકો/કામદારોનો પૂર્વ ઈતિહાસ, નાગરિકતા અને ઓળખ અંગે પોલીસ વેરીફિકેશનની કાર્યવાહી કરવા વ્યવસ્થા ગોઠવવી જરૂરી જણાઈ આવે છે, જેથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ જે અન્વયે વંચાણ-(૨) થી તા.૧૮/૧૦/૨૦૨૫ થી તા.૨૧/૧૧/૨૦૨૫ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું જેની મુદત પૂર્ણ થતા વંચાણ-(૩) થી સદરહું જાહેરનામું દિન-૬૦ સુધી રીન્યુ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું શૈલેષ ગોકલાણી, GAS, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર માન.જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરનાઓના હુકમ નં.એમએજી/વશી/૨૯૦૨ થી ૨૯૦૩/૨૦૨૪, તા.૦૬/૦૯/૨૦૨૪ થી મને મળેલ સત્તાની રૂએ આથી નીચે પ્રમાણે હુકમ કરૂ છું.

(૧) કોઈપણ સંસ્થા/એકમ તરફથી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનાર તમામનાં નામ, સરનામાં / સંપર્ક નંબર સાથેનું સુવાચ્ય રજીસ્ટર તથા રજીસ્ટરમાં પુરૂષ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારનો ડાબા હાથનો અંગુઠો અને સ્ત્રી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારનો જમણા હાથના અંગુઠાના નિશાન સાથેનું રજીસ્ટર રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમે નિયમીતપણે નિભાવવાનું રહેશે.

(૨) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારની સંપૂર્ણ ઓળખ, નામ, સરનામું, ટેલીફોન/મોબાઈલ નંબર તેમજ તેઓના પરિચિત સગા, સબંધીઓના નામ/સરનામા અને ટેલીફોન/મોબાઈલ નંબરની સંપૂર્ણ સુવાચ્ય વિગતો પણ રજીસ્ટરમાં નોંધવાની જવાબદારી જે તે રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમના માલીકોએ નિયમિતપણે નિભાવવાની રહેશે.

(૩) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારના ઓળખકાર્ડ (ચુંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) વિગેરેની ફોટો કોપી જે તે સંસ્થા એકમ ખાતે સુરક્ષિત રાખવાની રહેશે.

(૪) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારના રજીસ્ટર વ્યવસ્થિત બનાવી, તમામની ફોટો ઓળખકાર્ડ (ચુંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) સહિતની યાદી રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે અચુક આપવાની રહેશે.

(૫) કામે રાખેલ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનાર પૈકી છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી ફોટો ઓળખકાર્ડ (ચુંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) સહિત તુરંત જ જિલ્લા શ્રમ અધિકારીશ્રી, છોટાઉદેપુરને તથા જે તે વિસ્તારના નજીકના પોલીસ સ્ટેશનને પુરી પાડવાની રહેશે.

(૬) કોઈપણ લેબર કોન્ટ્રાક્ટરો નોંધણી કરાવ્યા સિવાય ઔદ્યોગિક એકમોને શ્રમિકો/કામદારો/રોજગારી પુરા પાડી શકશે નહીં, તેવી જ રીતે ઔદ્યોગિક એકમ પણ નોંધણી સિવાયના લેબર કોન્ટ્રાક્ટરોથી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવી શકશે નહી.

// અમલવારીનો વિસ્તાર //

જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, છોટાઉદેપુરના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

// અમલવારીનો સમય //

સદરહુ જાહેરનામું તા.૨૨/૧૧/૨૦૨૫ થી તા.૨૦/૦૧/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત)

// સજા //

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તા.૧૩/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

શૈલેષ ગોકલાણી, GAS,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
છોટાઉદેપુર.

આમુખ :-

(૧) અત્રેનાં જાહેરનામાં ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૩૫૨૯, તા.૦૭/૧૧/૨૦૨૫.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ભરૂચનાં જા.ના./પીબી/૧૬૦૭/૨૦૨૫, તા.૧૯/૧૧/૨૦૨૫

(૩) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક: એલાઈબી/અભિપ્રાય/વશી/૩૯૦૯/૨૦૨૫, તા.૨૦/૧૧/૨૦૨૫

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧)(બી) અન્વયે.

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૫૭૫૪/૨૦૨૫.-આમુખ-૧ થી રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૬૪ નાં આમોદ-જંબુસર રોડ ઉપર આવેલ ઢાઢર નદીનાં બ્રીજ ઉપરથી થતાં ભારે માલવાહક વાહનોની અવાર-જવર ઉપર પ્રતિબંધ મૂકવા અત્રેથી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. આમુખ-૨ થી કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, ભરૂચે ઢાઢર બ્રીજનો લોડ ટેસટીંગ કરવાનો હોવાથી સદરહું બ્રીજ ઉપરથી પસાર થતાં તમામ પ્રકારના વાહનોની અવાર-જવર ઉપર તા.૨૨/૧૧/૨૦૨૫ થી તા.૨૪/૧૧/૨૦૨૫ સુધી પ્રતિબંધ મૂકવા તથા નીચે જણાવ્યા પ્રમાણેનાં રૂટ ઉપર વાહન વ્યવહાર ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા બાબતે અત્રે રજૂઆત કરેલ છે. જે અન્વયે આમુખ-૩ થી પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે હકારાત્મક અભિપ્રાય રજૂ કરેલ છે.

પ્રતિબંધિત વાહન વ્યવહાર માર્ગ

- રસ્તાનું નામ:- આમોદ-જંબુસર નેશનલ હાઈ-વે નં.૬૪ ઉપર આવેલ ઢાઢર નદીનો બ્રીજ

વૈકલ્પિક માર્ગ

(૧) ભરૂચ તરફથી જંબુસર તરફ આવતા ભારે વાહનો માટે:-

- આમોદ સમા હોટલ ત્રણ રસ્તા - સરભાણ ગામ - દિલ્હી મુંબઈ એક્સપ્રેસ હાઈવે - પાદરા - જંબુસર.

(૨) જંબુસર તરફના ભારે વાહનો માટે :-

- દિલ્હી મુંબઈ એક્સપ્રેસ હાઈવે - પાદરા ટોલનાકા - ભરૂચ.

(૨) પાદરાથી ભરૂચ તરફ જતા ભારે વાહનો માટે :-

- દિલ્હી મુંબઈ એક્સપ્રેસ હાઈવે - દહેગામ ટોલનાકા - ભરૂચ ટોલનાકા.

ઉપરોક્ત વિગતો ધ્યાને લેતાં નીચે મુજબ હુકમ કારવામાં આવે છે.

હુકમ

વાસ્તે, હું એન. આર. ધાધલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભરૂચ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂએ આમોદ-જંબુસર નેશનલ હાઈવે નં-૬૪ ઉપર આવેલ ઢાઢર બ્રીજનો લોડ ટેસટીંગ કરવાનો હોવાથી સદરહું બ્રીજ ઉપરથી પસાર થતાં તમામ પ્રકારના વાહનોની અવાર-જવર ઉપર તા.૨૨/૧૧/૨૦૨૫ થી તા.૨૪/૧૧/૨૦૨૫ સુધી પ્રતિબંધ મૂકવા તથા ઉપરોક્ત જણાવ્યા પ્રમાણેનાં રૂટ ઉપર વાહન વ્યવહાર ડાયવર્ટ કરવા આથી હુકમ ફરમાવું છું.

વધુમાં, સદરહું જાહેરનામાની મુદ્દત પૂર્ણ થયા બાદ અગાઉનાં આમુખ-૧ નાં જાહેરનામાની જોગવાઈઓમાં અન્ય કોઈ પ્રકારનો ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી આમુખ-૧ નું જાહેરનામું અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાંના ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ કોન્સટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૦/૧૧/૨૦૨૫ના રોજ મારી ઈસાઈન તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

:: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૩૭(૧) અન્વયેનું ::

ક્રમાંક:ફજદ/હથિયાર બંધી/વશી- ૫૭૮૭ થી ૫૮૧૮/૨૦૨૫.–પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ આહવાની કચેરીના પત્ર નં.LIB/હથિ.હેરાફેરી. જાહે./૨૬૦૬/૨૦૨૫ તા.૧૯/૧૧/૨૦૨૫ની વિગતે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે હથિયારોની હેરાફેરી ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત વ્યાજબી જણાય છે.

વાસ્તે હું, ડૉ. વિ. કે. જોષી (જી. એ. એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧)થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદૂક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહી.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહી.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેકવા અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહી

(છ) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અરુચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવા નહી.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજી કોઈ વ્યક્તિઓને લાગુ પડશે નહી.

::અમલવારીનો સમય::

આ હુકમ તા.૨૬/૧૧/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૧૦/૧૨/૨૦૨૫ ક.૨૪.૦૦ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

::વિસ્તાર::

સમગ્ર ડાંગ જિલ્લો

::શિક્ષા::

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:- ૨૬/૧૧/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

વિ. કે. જોષી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ડાંગ-આહવા.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.19 15:28:02 IST